આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઇમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૦૫૪ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

ગટરના પાણીની બોટલો લઈ વિરોધ કરવા નીકળેલા

## વલસાડમાં યુથ કોંગ્રેસના કાર્યકરોની અટકાયત





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૯ :** શહેરના તીથલ રોડ વિસ્તારમાં છેલ્લા ચાર મહિનાથી ઉભરાતી ગટરની ગંભીર સમસ્યાથી સ્થાનિક રહીશો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. આ મુદ્દે આજે વલસાડ નગરપાલિકા પર વિરોધ પ્રદર્શન કરવા જઈ રહેલા યુથ કોંગ્રેસના કાર્યકરોની પોલીસે અધવચ્ચેથી જ અટકાયત કરી લેતા રાજકારણ ગરમાયું છે. વલસાડ શહેર ના ?તીથલ રોડ નાસિક તિથલ સ્ટેટ હાઈવે પર આવેલા શ્રી શનિદેવ મંદિર આગળ છેલ્લા ૪ મહિનાથી ગટરનું પાણી રસ્તા પર ઉભરાઈ રહ્યું છે, જેના કારણે ભક્તો સ્થાનિકો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. નગરપાલિકામાં વારંવારની રજૂઆતો છતાં તંત્ર દ્વારા કોઈ યોગ્ય નિકાલ ન આવતા આજે યુથ કોંગ્રેસ દ્વારા અનોખો વિરોધ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. કોંગ્રેસના કાર્યકર્તાઓ ગટરનું દૂષિત પાણી બોટલોમાં ભરીને નગરપાલિકાના સત્તાધીશોને જગાડવા માટે જઈ રહ્યા હતા.

તે દરમિયાન યુથ કોંગ્રેસના કાર્યકર્તાઓ નગરપાલિકાની કચેરીએ પહોંચે અને વિરોધ પ્રદર્શન ઉગ્ર બને તે પહેલાં જ પોલીસે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવા માટે કડક વલણ અપનાવ્યું હતું. પોલીસે કાર્યકરોને અધવચ્ચે જ અટકાવી દીધા હતા. તાલુકા યુથ કોંગ્રેસ પ્રમુખ મિત દેસાઈ તેમજ અન્ય કોંગ્રેસી કાર્યકર્તાઓની પોલીસ દ્વારા અટકાયત કરવામાં આવી હતી. એક તરફ વિરોધ પ્રદર્શનને દબાવી દેવામાં આવ્યું છે,

તો બીજી તરફ સ્થાનિક લોકોમાં પાલિકા તંત્ર સામે ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. ચોમાસાની ઋતુ માં ચાલુ હોય ત્યારે આવા ગંદા પાણીના ભરાવાને કારણે રોગચાળો ફાટી નીકળવાની પણ દહેશત વર્તાઈ રહી છે. હવે જોવાનું એ રહેશે કે આ વિરોધ પ્રદર્શન બાદ નગરપાલિકા તીથલ રોડની આ સમસ્યાનો કાયમી ઉકેલ ક્યારે લાવે એ જોવાનો રહ્યું છે.

નવસારીમાં વરસાદગ્રસ્ત સુરતની મુલાકાતે આવેલા મુખ્યમંત્રીએ નવસારી-વલસાડ જિલ્લાની પણ સમીક્ષા કરી

## રાહત-બચાવની સાથે વધુ સાવચેતી, આયોજન માટે તાકીદ




(દમણગંગા ટાઈમ્સ)

**નવસારી, તા. ૦૯ :** મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને આજે નવસારી જિલ્લા કલેક્ટર કચેરી ખાતે નવસારી અને વલસાડ જિલ્લામાં પડેલા ભારે વરસાદને પગલે હાથ ધરવામાં આવેલી ડિઝાસ્ટર મેનેજમેન્ટ અને રાહત કામગીરીની સમીક્ષા કરી હતી.

બેઠકમાં નવસારી અને વલસાડ જિલ્લાઓમાં થયેલા વરસાદની સ્થિતિ, નદીના પૂર્ણ કારણે અસરગ્રસ્ત બનેલા વિસ્તારો, હાથ ધરાયેલી રેસ્ક્યુ કામગીરી, સ્થળાંતર તેમજ આશ્રયસ્થાનોમાં ઉપલબ્ધ કરાવવામાં આવેલી સુવિધાઓ અંગે વિસ્તૃત સમીક્ષા કરવામાં આવી હતી.

આ ઉપરાંત વરસાદના કારણે થયેલા નુકસાનનું મૂલ્યાંકન, પાણી ઓસર્યા બાદ હાથ ધરવામાં આવેલી સ્વચ્છતા અને આરોગ્યલક્ષી ઝુંબેશ બાબતે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

મુખ્યમંત્રીએ સમગ્ર વહીવટી તંત્ર દ્વારા હાથ ધરાયેલી રાહત અને બચાવ કામગીરીની સમીક્ષા કરી ભવિષ્યમાં આવી પરિસ્થિતિઓમાં વધુ સાવચેતી, આગોતરા આયોજન અને ઝડપી પ્રતિસાદ સુનિશ્ચિત કરવા જરૂરી સૂચનો આપ્યા હતા. તેમણે અસરગ્રસ્ત નાગરિકોને સમયસર સહાય, આવશ્યક સેવાઓની સતત ઉપલબ્ધતા તેમજ પુનઃસ્થાપનની કામગીરી અસરકારક રીતે પૂર્ણ કરવા પર ભાર મૂક્યો હતો.

ઉપરાંત, જનપ્રતિનિધિઓ દ્વારા રજૂ કરવામાં આવેલા સ્થાનિક પ્રશ્નો અને વિકાસલક્ષી કાર્યોને પ્રાથમિકતાના ધોરણે ઝડપી પૂર્ણ કરવા માટે સંબંધિત વહીવટી તંત્રને જરૂરી દિશા-નિર્દેશો પણ આપ્યા હતા.

બેઠક દરમિયાન મુખ્યમંત્રીએ નવસારી અને વલસાડ જિલ્લાના પદાધિકારીઓ તથા વરિષ્ઠ અધિકારીઓ સાથે અલગ-અલગ બેઠકો યોજી જિલ્લાના વરસાદજન્ય સંજોગો, સ્થાનિક પડકારો તેમજ હાથ ધરાયેલી કામગીરી અંગે વિગતવાર તાગ મેળવ્યો હતો અને જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

આ સમીક્ષા બેઠકમાં કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી.આર. પાટીલ, રાજ્યના નાણામંત્રી કનુભાઈ દેસાઈ, વલસાડ ડાંગ સાંસદ ધવલ પટેલ, મુખ્યમંત્રીના અધિક અગ્રસચિવ વિક્રાંત પાંડે, નવસારી જિલ્લા પ્રભારી સચિવ આદ્રા અગ્રવાલ, નવસારી જિલ્લા કલેકટર મનીષ ગુરવાની, વલસાડ જિલ્લાના કલેકટર નીતિન સંઘવાન, નવસારી મહાનગરપાલિકા કમિશ્નર જયેશ ઉપાધ્યાય બંને જિલ્લાના જનપ્રતિનિધિઓ, પદાધિકારીઓ, જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ તેમજ સંબંધિત વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.


## મોરાઈમાં ૩૧.૨૫૦ ગ્રામ ગાંજા સાથે ૧ ઝડપાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૯ :** વલસાડ જિલ્લા પોલીસ દ્વારા માદક પદાર્થોના ગેરકાયદે વેપાર અને હેરાફેરી સામે ચલાવવામાં આવતી કાર્યવાહી અંતર્ગત એસઓજીની ટીમે વાપી તાલુકાના મોરાઈ વિસ્તારમાંથી એક આરોપીને ગાંજાના જથ્થા સાથે ઝડપી પાડ્યો છે. પોલીસને મળેલી બાતમીના આધારે એસઓજીના અધિકારીઓએ મોરાઈ સ્થિત વેલસ્પન કંપનીની ફેક્ટરી નજીક આવેલા પતરાના શેડમાં દરોડો પાડ્યો હતો. ત્યાંથી પોલીસે બિહાર રાજ્યના પશ્ચિમ ચંપારણ જિલ્લાના રહેવાસી અને હાલ મોરાઈ ખાતે રહેતા રતન પરમેશ્વર સાહ (ઉ.વ. ૩૧)ને ઝડપી પાડ્યો હતો. તપાસ દરમિયાન આરોપી પાસેથી ૦.૧૨૫ કિલોગ્રામ (૧૨૫ ગ્રામ) ગાંજો કિંમત રૂ. ૩૧,૨૫૦, એક મોબાઈલ ફોન, રોકડ રકમ તેમજ ગાંજો ભરવા ઉપયોગમાં લેવાતી થેલી મળી કુલ રૂ. ૫૧,૯૦૦નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. આરોપી વિરુદ્ધ NDPS એક્ટની કલમ ૮(સી), ૨૦(બી)(II)(A) અને ૨૯ હેઠળ વાપી ટાઉન પોલીસ મથકે ગુનો નોંધવામાં આવ્યો છે. સમગ્ર કાર્યવાહી એસઓજી વલસાડની ટીમે હાથ ધરી હતી અને હવે ગાંજો ક્યાંથી લાવવામાં આવ્યો તેમજ અન્ય કોઈ સંડોવણી છે કે નહીં તે દિશામાં વધુ તપાસ શરૂ કરવામાં આવી છે.


## ધરમપુરની ખાડીમાં તણાયેલા વાન ચાલકની ૫૪ કલાક બાદ લાશ મળી




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા.૦૯ :** ધરમપુર તાલુકાના ટાંકી આશ્રમ નજીક આવેલી ઉખડિયા ખાડીમાં ભારે વરસાદ દરમિયાન તણાયેલા સ્કૂલ વાન ચાલક અજયભાઈ ઉર્ફે સંદીપભાઈ ધીરૂભાઈ ગાંવિત ઉ.વ. ૪૨નો ૫૪ કલાકની સતત શોધખોળ બાદ મૃતદેહ મળી આવ્યો હતો પ્રાપ્ત માહિતી મુજબ, ઘટના સ્થળથી આશરે ૫ કિલોમીટર દૂર કોસમકુવા-તુંબી વિસ્તારના ડુંગરી ફળિયા જુલન ખાડી પાસે વાંસની જાળમાં મૃતદેહ ફસાયેલો જોવા મળ્યો હતો. ત્યારબાદ ધરમપુર નગરપાલિકા ફાયર બ્રિગેડ અને ફઝ્ય્જના જવાનોએ ભારે જહેમત બાદ મૃતદેહ બહાર કાઢ્યો હતો. અજયભાઈ ભારે વરસાદ વચ્ચે વિદ્યાર્થીને લેવા ગયા હતા. પરત ફરતી વખતે તેઓ ૧૧ વર્ષની વિદ્યાર્થિનીને પીઠ પર બેસાડી પાણીમાંથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે બંને ઉખડિયા ખાડીમાં તણાઈ ગયા હતા. સ્થાનિકોની સતર્કતાથી વિદ્યાર્થિનીનો બચાવ થયો હતો, પરંતુ અજયભાઈ વહેતા પાણીમાં તણાઈ ગયા હતા. ઘટના બાદ છેલ્લા ૫૪ કલાકથી ધરમપુર નગરપાલિકા ફાયર બ્રિગેડ, NDRF, પોલીસ અને સ્થાનિક પ્રશાસન દ્વારા સતત શોધખોળ હાથ ધરવામાં આવી હતી. ભારે પાણીના પ્રવાહ વચ્ચે ચાલેલી આ કામગીરી આખરે સફળ રહી હતી મૃતદેહ મળ્યાના સમયે મામલતદાર એચ. એમ. ધોળીયા, પી આઈ એન ઝેડ ભોયા, પોલીસ સ્ટાફ, તુંબી, ટાંકી અને કોસમકુવા વિસ્તારના સરપંચો, તાલુકા પંચાયતના સભ્યો તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો સ્થળ પર ઉમટયા હતા પ્રાપ્ત માહિતી અનુસાર, પોસ્ટમોર્ટમની -ાથમિક કાર્યવાહી પણ સ્થળ પર જ હાથ ધરવામાં આવી હતી. અજયભાઈના નિધનથી સમગ્ર વિસ્તારમા શોકની લાગણી પ્રસરી જવા પામી હતી જ્યારે છેલ્લા બે દિવસથી બચાવ કામગીરીમાં જોડાયેલા તમામ જવાનોની તનતોડ મહેનતને સ્થાનિકો દ્વારા બિરદાવી હતી.

## દમણમાં ૧૧મીએ ડ્રગ્સ કન્ટ્રોલ અધિકારીઓનું રાષ્ટ્રીય સંમેલન મળશે



**દમણ, તા. ૦૯ :** ડ્રગ્સ કન્ટ્રોલ ઓફિસર્સ (ઈન્ડિયા) વેલફેર એસોસિયેશનનું તા. ૧૧ જુલાઈ, ૨૦૨૬ના રોજ દમણ ખાતે ચોથું રાષ્ટ્રીય સંમેલન યોજાશે. દેશના વિવિધ રાજ્યોના ડ્રગ્સ કન્ટ્રોલ વિભાગો તથા કેન્દ્ર સરકારના ૪૦૦થી વધુ અધિકારીઓ આ સંમેલનમાં ભાગ લઈ દવા નિયમન વ્યવસ્થાને વધુ અસરકારક, પારદર્શક અને ટેક્નોલોજી આધારિત બનાવવાના વિવિધ મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા કરશે. સંમેલનમાં કોસ્મેટિક્સ અને આયુર્વેદિક ઉત્પાદનોના ઉત્પાદન, ગુણવત્તા નિયંત્રણ, લાઈસન્સિંગ, લેબલિંગ, બજારમાં દેખરેખ તથા ગ્રાહકોની સુરક્ષા માટેના નિયમોને વધુ અસરકારક રીતે અમલમાં મૂકવા અંગે વિચારવિમર્શ કરવામાં આવશે.

ઉપરાંત ડ્રગ્સ એન્ડ મેજિક રેમેડીઝ (ઓબ્જેક્શનેબલ એડવર્ટાઇઝમેન્ટ્સ) એક્ટ, ૧૯૫૪ હેઠળ ભ્રામક અને ગેરમાર્ગે દોરતી દવાઓ તથા આરોગ્ય સંબંધિત જાહેરાતો સામે કડક કાર્યવાહી અંગે પણ ચર્ચા થશે. દેશમાં વધતી નાર્કોટિક્સ અને સાયકોટ્રોપિક પદાર્થોના ગેરકાયદે ઉપયોગ અને દુરુપયોગ સામે વધુ અસરકારક નિયંત્રણ માટે વિવિધ નિયમનકારી એજન્સીઓ વચ્ચે સંકલન મજબૂત બનાવવાની જરૂરિયાત પર પણ ભાર મૂકવામાં આવશે. એસોસિએશનના રાષ્ટ્રીય પ્રમુખ જી. કોટેશ્વર રાવે જણાવ્યું હતું કે નશાકારક દવાઓના ગેરકાયદે વેપારને રોકવા, શંકાસ્પદ સપ્લાય ચેઈનની દેખરેખ, કાયદાના અસરકારક અમલ અને સંબંધિત એજન્સીઓ વચ્ચે માહિતીના ઝડપી આદાન-પ્રદાન જેવા મુદ્દાઓ ચર્ચાના કેન્દ્રમાં રહેશે. રાજ્ય સરકારો અને કેન્દ્ર સરકાર વચ્ચે વધુ સશક્ત સંકલન, સંયુક્ત નિરીક્ષણ, માહિતીની આપ-લે, એકરૂપ નિયમન અને કાયદાના અસરકારક અમલીકરણ માટેની વ્યૂહરચના અંગે પણ વિચારણા કરવામાં આવશે. સંમેલનમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ આધારિત સ્માર્ટ ગવર્નન્સ, જોખમ આધારિત નિરીક્ષણ, ડિજિટલ મોનિટરિંગ, ડેટા એનાલિટિક્સ, ઓનલાઇન લાઈસન્સિંગ, ફરિયાદોના ઝડપી નિકાલ અને નિયમન પ્રક્રિયાને વધુ કાર્યક્ષમ બનાવવા માટે આધુનિક ટેક્નોલોજીના ઉપયોગ પર નિષ્ણાતો માર્ગદર્શન આપશે.

આ ઉપરાંત નકલી, ભેળસેળયુક્ત અને ગુણવત્તાહીન દવાઓ સામે કડક કાર્યવાહી, અધિકારીઓની ક્ષમતામાં વધારો, તાલીમ, જનજાગૃતિ અને દેશવ્યાપી દવા નિયમન વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવા માટેના મુદ્દાઓ પર પણ વિસ્તૃત ચર્ચા થશે. આ રાષ્ટ્રીય સંમેલન દવા, કોસ્મેટિક્સ અને નાર્કોટિક્સ સંબંધિત નિયમન વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવા તેમજ ટેક્નોલોજી આધારિત સુશાસનને પ્રોત્સાહન આપવા માટે મહત્વપૂર્ણ મંચ સાબિત થશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

## ખડકીમાં કેમિકલ જેવા પાવડરના પોટલા નાંખી જતાં ચકચાર




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૦૯ : પારડી તાલુકાના** ખડકી ગામમાં નેશનલ હાઈવે નંબર ની બાજુમાં કોઈ અજાણ્યા વ્યક્તિ કેમિકલ જેવા પદાર્થના પાવડરના પોટલા ભરીને નાખી જતા ગામમાં ચકચાર મચી ગઈ છે અને આજે સરપંચ શંકરભાઈ પટેલ દ્વારા પ્રદુષણ કંટ્રોલ બોર્ડ વાપીને લેખિતમાં રજૂઆત કરવામાં આવી છે શંકરભાઈ ના જણાવ્યા મુજબ આ પદાર્થ જે કોઈ વ્યક્તિ નાખી ગયું છે. એ વ્યક્તિ ને શોધીને ચોક્કસ જાણકારી મેળવી જોઈએ અચાનક કેમિકલ વાળું પાવડર નેશનલ હાઈવે નંબર ૪૮ ના સર્વિસ રોડની બાજુમાં ખડકી જંગલ વિભાગની નર્સરીના સામે નાખી જતા ગામ લોકોના આરોગ્યને હાલમાં વરસાદમાં નુકસાન છે. જેથી આ પાવડરનો ચોક્કસ નિકાલ કરવા જોઈએ એને ત્યાંથી ખસેડીને વહીવટી તંત્ર એનો નાશ કરવા જોઈએ અચાનક આ રીતે કોઈ વ્યક્તિ જે અજાણ્યો હોય એ કેમિકલ જેવા દેખાતા ખતરનાક પાવડર કે જેમાંથી ધુમાડો નીકળતો હોય ગ્રામજનો અવરજવર કરતા ભાઈ બીજ બન્યા છે. વળી અન્ય વાહન ચાલકો ને અસર કરે એવી સંભાવના છે નેશનલ હાઈવે નંબર ૪૮ ના ફ્રીજના નીચે બેઠેલા પડેલા છે એટલે વાહનો ને પણ લપેટમાં આવી જાય એવી સંભાવના છે અસંખ્ય વાહનો હાઈવેથી પ્રસાદ થતા હોય છે એટલે વહીવટી તંત્ર દ્વારા પ્રદૂષણ બોર્ડ દ્વારા તાત્કાલિક અસરથી તપાસવા ધરી આ બોર્ડરનો નિકાલ કરાવવા જરૂરી બની ગયું છે. જનતાના હિતમાં જરૂરી બની ગયું છે.



વાંસદા હનુમાબારી ખાતે તેરાની ઉજવણી કરવામાં આવી. હનુમાનબારી ગામે ગામની ગામદેવીમાં ભગત ધ્વરા વાઘદેવની પૂજા અર્ચના કર્યા બાદ તેરાના પાંદડા દેવ ઉપર ચડાવ્યા બાદ ગામના લોકો તેરા ખાવામાં ઉપયોગ કરતા હોય છે. હનુમાનબારી ગામની તેરાની હવનમાં ગ્રામજનો તથા રમેશભાઈ ભગત હાજર રહ્યાં હતા.

## વલસાડ જિલ્લામાં ૮૨ જેટલાં નવા મહેસૂલી તલાટી મુકાયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૯ :** વલસાડ જિલ્લામાં મહેસૂલી તલાટી તરીકે ૮૨ જેટલા નવા તલાટી મુકાયા છે જેમાંથી ૮૧ મહેસુલી તલાટીઓને આજે વિવિધ તાલુકાઓમાં નિમણૂંક અપાઈ છે

જેમાં વલસાડમાં ૧૫ પારડીમાં ૧૩ વાપીમાં પાંચ ઉમરગામમાં ૧૪ ધરમપુરમાં ૧૫ કપરાડા માં ૧૪ અને નાનાપોડામાં ૫ મહેસુલી તલાટી મુકાયા છે. જેને લઈ વર્ષોથી ખેડૂતોના તેમજ જમીનદારોના કામો અટકેલા છે તેને વેગ મળશે.


ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ ગાંધીનગર દ્વારા જાહેરાત મહેસૂલી તલાટી, વર્ગ-૩ અંતર્ગત લેવાયેલ સ્પર્ધાત્મક પરીક્ષાના આખરી પરિણામના આધારે મહેસૂલી તલાટી સંવર્ગ, વર્ગ-૩ માં નિમણૂક આપવા પાત્ર ઠરેલ ઉમેદવારો પૈકી કુલ-૮૨ ઉમેદવારોને વલસાડ કલેકટર કચેરી, ખાતે નિમણૂક આપવામાં આવી છે.

જેમાંથી જિલ્લા ખાતે કુલ-૮૧ મહેસૂલી તલાટી ઉપસ્થિત રહ્યા હતા જેમાંથી વલસાડ તાલુકાના ગ્રામ્ય વિસ્તાર માટે ૧૩ અને શહેરી વિસ્તાર માટે બે તેમજ પારડી તાલુકામાં ૧૩ ઉમરગામ તાલુકામાં ૧૪ ધરમપુર તાલુકામાં ૧૫ કપરાડા તાલુકામાં ૧૪ તેમજ નાનાપોંઢા અને વાપી મામલતદાર કચેરી ખાતે પાંચ પાંચ મહેસૂલી તલાટીની નિમણૂક કરાય છે.

વાપી મામલતદાર કચેરી ખાતે નિમણૂક પામેલા પાંચ મહેસુલ તલાટીઓમાં સુરેશભાઈ નરસિંહભાઈ રાઠોડ માનવ વિજયભાઈ પવાર હર્ષિલ રાજેશ બોરડ પ્રતીકકુમાર ભાનુભાઈ દુઘત અને નિશાબેન સુરેશભાઈ પટેલ મુકાયા છે.

આમ વલસાડ જિલ્લાના ગામડાઓમાં મહેસુલ તલાટીઓની ખાલી પડેલી બેઠકને લઈ અનેક સમસ્યાઓ સર્જાતી હતી. જે સમસ્યાઓનો આ નવા મુકાયેલા મહેસુલી તલાટીઓને કારણે કામો ઝડપી થશે.

CBSE AFFILIATED - 430373
RAJHANS EDUCATION TRUST'S
VIDYA DHAM INTERNATIONAL SCHOOL VAPI (CBSE BOARD)
unleash your true potential · VIDYA DHAM INTERNATIONAL SCHOOL · VAPI · LIFE LONG LEARNING
ADMISSIONS OPEN
Academic Session 2026-2027
Nursery to Std. 10
12th Year Anniversary
SPECIAL OFFERS
% Early Bird Discount
Till 31st March
FREE Textbooks
From Nursery to Std 10
Special Concession
On Admission Fees



Additional Curriculum features
1. English Conversation & Phonics for Fluency
2. Personality development & Memory Boosting techniques.
3. Innovative clubs for Std 6 to 10, Indoor Sports
4. Mental and Vedic Maths for Std 1 to 5
5. AI and Coding for Jr KG to Std 10



Admission forms available All working days
At school's office
vidyadham4@gmail.com, www.vidyadhamschoolvapi.in
9725295578/9081807258/9316054328
ENROLL NOW
School Address :- Plot no B7,B13/14 behind Rajmoti complex 1 , Chharwada Road GIDC Vapi Gujarat 396191

નેમિનાથ ટ્રેડર્સ




ખીલી, વાયર, કાંટાતાર, હુક, ચેઈનલીંક, નટ બોલ્ટ, પાવડા-ત્રિકમ તથા હાર્ડવેર સામગ્રી
Mo. No. 9825190301 / 9825390301
સરનામું : દુકાન નં. ૭૦, ૭૧, અમીધરા કોમ્પ્લેક્સ, સીએનજી ગેસ પંપ નજીક, જીઆઈડીસી ચાર રસ્તા, વાપી - ૩૯૬૧૯૫, જિલ્લો : વલસાડ (ગુજરાત)

Friday 10, July 2026

દમણગંગા ટાઇમ્સ DAMANGANGA TIMES


## સતીમાળ પ્રા. શાળાની નવી પણ નબળી કમ્પાઉન્ડ વોલ વરસાદમાં ધરાશાયી

### વાંસદાના સતીમાળ પ્રાથમિક શાળાની કમ્પાઉન્ડ વોલ પ્રથમ વરસાદમાં જ તૂટી, અધિકારી અને કોન્ટ્રાક્ટર સામે ગેરરીતિના આક્ષેપ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધ)

**વાંસદા, તા. ૦૯ :** પ્રાથમિક શાળાઓમાં સરકાર દ્વારા બનાવવામાં આવતી કમ્પાઉન્ડ વોલ વિદ્યાર્થીઓની સુરક્ષા તેમજ શાળાની મિલકતના સંરક્ષણ માટે અત્યંત મહત્વપૂર્ણ હોય છે. કમ્પાઉન્ડ વોલના કારણે વિદ્યાર્થીઓ શાળા સમય દરમિયાન બહાર ન જાય, બહારના અજાણ્યા લોકો અથવા પશુઓ શાળા પરિસરમાં પ્રવેશ ન કરે તેમજ શાળાની જમીનની હદ જળવાઈ રહે છે. પરંતુ વાંસદા તાલુકાની સતીમાળ પ્રાથમિક શાળામાં બનાવવામાં આવેલી નવી પાકી કમ્પાઉન્ડ વોલ ચોમાસાની શરૂઆતમાં પડેલા વરસાદમાં જ સંપૂર્ણ પણે ધરાશાયી થઈ જતાં કામની ગુણવત્તા અંગે ગંભીર પ્રશ્નો ઊભા થયા છે.




સ્થાનિકોમાં એવી ચર્ચા છે કે સંબંધિત અધિકારીઓ અને કોન્ટ્રાક્ટર દ્વારા કામમાં બેદરકારી રાખવામાં આવી હોવાની સાથે ભ્રષ્ટાચારની પણ આશંકા વ્યક્ત થઈ રહી છે. ધરાશાયી થયેલી દિવાલને જોતા તેમાં વપરાયેલ ઈંટો, સિમેન્ટ, રેતી, કપચી સહિતના બાંધકામના મટિરિયલની ગુણવત્તા સામે પણ સવાલો ઉભા થયા છે. જો દિવાલ યોગ્ય ગુણવત્તા અને માપદંડ મુજબ બનાવવામાં આવી હોત તો પ્રથમ વરસાદમાં જ આ રીતે તૂટી પડવાની ઘટના બનતી નહીં, તેવી સ્થાનિકોની રજૂઆત છે. આ સમગ્ર મામલે વહીવટી તંત્ર દ્વારા સ્થળ તપાસ કરી દિવાલના બાંધકામની ગુણવત્તા, ટેકનિકલ મંજૂરી અને ખર્ચની તપાસ કરવામાં આવે તેમજ જો કોઈ ગેરરીતિ કે બેદરકારી સામે આવે તો જવાબદાર અધિકારીઓ અને કોન્ટ્રાક્ટર સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઉઠી છે.

ભારે વરસાદને કારણે જિલ્લા અધિકારી દ્વારા તમામ શાળાઓમાં રજા જાહેર કરવામાં આવી હતી. જો ચાલુ શાળા દરમિયાન દિવાલ ધરાશાયી થઈ ને કોઈ વિદ્યાર્થીને ઈજા કે જાનહાનિ થઈ હોત, તો તેનો જવાબદાર કોણ જેવા સવાલો ગ્રામજનોમાં ઊભા થયા છે.

ચોમાસાની સ્થિતિને ધ્યાને લઈ


## ડાંગના જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન સેન્ટર દ્વારા ઇમરજન્સી કોન્ટેક્ટ નંબર જાહેર કરાયા

**આહવા, તા. ૦૯ :** ચોમાસાની પરિસ્થિતિને ધ્યાનમાં રાખી પ્રજાજનો અને વહીવટી તંત્ર વચ્ચે સતત સંપર્ક જળવાઈ રહે તેમજ કોઈપણ પ્રકારની આપત્તિજનક પરિસ્થિતિમાં સમયસર મદદ મળી રહે તે હેતુસર ડાંગ જિલ્લા કલેક્ટર એન. ડી. પરમારના માર્ગદર્શન હેઠળ જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન સેન્ટર, ડાંગ દ્વારા વિવિધ વિભાગોના કંટ્રોલ રૂમના ઈમરજન્સી સંપર્ક નંબરો જાહેર કરવામાં આવ્યા છે.

જિલ્લા વહીવટીતંત્રે નાગરિકોને અપીલ કરી છે કે ભારે વરસાદ, વૃક્ષ ધરાશાયી થવા, માર્ગ અવરોધ, વીજ પુરવઠો ખોરવાવા, આરોગ્ય સંબંધિત તાત્કાલિક જરૂરિયાત અથવા અન્ય કોઈપણ આપત્તિજનક પરિસ્થિતિમાં સંબંધિત વિભાગના નીચે દર્શાવેલા કંટ્રોલ રૂમનો સંપર્ક કરી જરૂરી સહાય મેળવી શકે છે.

જિલ્લા કંટ્રોલ રૂમ દ્વારા જિલ્લા ઈમરજન્સી ઓપરેશન સેન્ટર (કલેક્ટર કચેરી) : ૦૨૬૩૧-૨૨૦૩૪૭, એસ.પી. કચેરી : ૦૨૬૩૧-૨૨૦૬૫૮, વન વિભાગ : ૦૨૬૩૧-૨૨૦૩૦૫, માર્ગ અને મકાન વિભાગ (રાજ્ય), આહવા : ૦૨૬૩૧-૨૨૦૨૨૮, માર્ગ અને મકાન વિભાગ (પંચાયત) : ૦૨૬૩૧-૨૨૦૩૦૯, ડીજીવીસીએલ (GEB), આહવા : ૦૨૬૩૧-૨૨૦૦૭૯ / ૮૯૮૦૮૦૩૯૪૨, એસ.ટી. ડેપો : ૦૨૬૩૧-૨૨૦૩૦૮ / ૦૨૬૩૧-૨૨૦૦૩૦, સિવિલ હોસ્પિટલ, આહવા : ૦૨૬૩૧-૨૨૦૨૦૫, સાપુતારા નોટિફાઈડ એરિયા ઓફિસ : ૯૪૮૪૪૩૨૭૫૮, જિલ્લા સિંચાઈ કચેરી : ૦૨૬૩૧-૨૨૦૩૬૮ જ્યારે કોઈપણ ઈમરજન્સી પરિસ્થિતિમાં ઉપરોક્ત કંટ્રોલ રૂમનો તાત્કાલિક સંપર્ક કરવાની અપીલ પણ કરવામાં આવી છે.

## દ.ગુ.ના રેલ્વે પ્રશ્ને નવસારીના સી.આર.ની દિલ્હીમાં રેલમંત્રીને રજુઆત



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**નવસારી, તા. ૦૯ :** દક્ષિણ ગુજરાતના રેલ મુસાફરો અને દૈનિક અપ-ડાઉન કરતા નોકરિયાત - વેપારી વર્ગની લાંબા સમયની પડતર સમસ્યાઓના કાયમી નિરાકરણ માટે દિલ્હી ખાતે ઉચ્ચ સ્તરીય બેઠક યોજાઈ હતી. નવસારીના સાંસદ અને કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી. આર. પાટીલ સાહેબના સક્ષમ નેતૃત્વ હેઠળ, ભારતીય જનતા પાર્ટી નવસારી જિલ્લાના અધ્યક્ષ ભુરાલાલ શાહ તેમજ જિલ્લાના અગ્રણી નેતાઓના પ્રતિનિધિ મંડળે દિલ્હી સ્થિત રેલ ભવન ખાતે કેન્દ્રીય રેલ મંત્રી અશ્વિની વૈષ્ણવ સાથે રૂબરૂ મુલાકાત કરી લોકહિતના પ્રશ્નોની ભારપૂર્વક રજૂઆત કરી હતી.

પીક અવર્સ દરમિયાન ટ્રેનોની ફ્રીક્વન્સી વધારવી, મહત્વની ટ્રેનોને સ્થાનિક સ્ટેશનો પર નવા સ્ટોપેજ આપવા,રેલ્વે સ્ટેશનો પર મુસાફરો માટે આધુનિક સુવિધાઓ અને માળખાકીય સુધારો કરવો જેવી બાબતો હતી. કેન્દ્રીય રેલ મંત્રી અશ્વિની વૈષ્ણવએ નવસારી જિલ્લાના પ્રતિનિધિ મંડળની તમામ રજૂઆતોને અત્યંત ગંભીરતાપૂર્વક અને ધ્યાનપૂર્વક સાંભળી હતી. તેમણે દક્ષિણ ગુજરાતના મુસાફરોની લાગણીને માન આપીને તમામ પ્રશ્નોના સકારાત્મક નિરાકરણની ખાતરી આપી હતી.

રેલ મંત્રી સાથેની આ મહત્વપૂર્ણ મુલાકાત દરમિયાન નવસારી જિલ્લા ભાજપ પ્રમુખ ભુરાલાલ શાહની સાથે માજી ધારાસભ્ય પિયુષભાઈ દેસાઈ, છોટુભાઈ પાટીલ, વિજયભાઈ પટેલ, જીગરભાઈ દેસાઈ તથા ભરતભાઈ સહિતના જિલ્લાના વરિષ્ઠ મહાનુભાવો અને અગ્રણીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.સાંસદ અને કેન્દ્રીય મંત્રી સી.આર. પાટીલ સાહેબના ભગીરથ પ્રયાસો અને રેલ મંત્રીશ્રીની હકારાત્મક ખાતરીથી સમગ્ર નવસારી અને દક્ષિણ ગુજરાતના રેલ મુસાફરોમાં ભારે આનંદની લાગણી વ્યાપી ગઈ છે.

## ખુંધના નારી સંરક્ષણ કેન્દ્રએ માતા-પુત્રનું પુનઃસ્થાપન કરાવ્યું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**નવસારી, તા. ૦૯ :** ગુજરાત રાજ્ય મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગાંધીનગર સંચાલિત નારી સંરક્ષણ કેન્દ્ર, ખુંધ ચીખલી જિ. નવસારી દ્વારા વધુ એક સફળ પુનઃસ્થાપનની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે.

તા.૨૦/૦૪/૨૦૨૬ના રોજ એક ગંગાસ્વરૂપ અને માનસિક રીતે અસ્વસ્થ મહિલાને સખી વન સ્ટોપ સેન્ટર, નવસારી દ્વારા નારી સંરક્ષણ કેન્દ્ર, ખુંધ ખાતે આશ્રય આપવામાં આવ્યો હતો, જ્યારે તેમના ૧૦ વર્ષીય પુત્રને ચિલ્ડ્રન હોમ ફોર બોયઝ, ખુંધ ખાતે સુરક્ષિત આશ્રય હેઠળ રાખવામાં આવ્યો હતો.



તેમને સાસરિયા કે પીયરીયા તરફથી પણ સ્વીકાર ન મળતા તેઓ અને તેમનો પુત્ર અત્યંત વિકટ પરિસ્થિતિમાં આવી ગયા હતાં. તે સમયે રેલવે પોલીસની સતર્કતા અને ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન તેમજ સખી વન સ્ટોપ સેન્ટરની ત્વરિત કામગીરીથી બંનેનો બચાવ કરી સુરક્ષિત આશ્રયની વ્યવસ્થા કરવામાં આવી હતી. જયારે માતાની વિનંતીથી પુત્રાને મહારાષ્ટ્ર ખાતે બાળગૃહ શાંતિભવન, ઉલ્હાસનગર-૫ ખાતે સહીસલામત રીતે સોંપી સફળ પુનઃસ્થાપનની કામગીરી પૂર્ણ કરવામાં આવી હતી.

આ સંવેદનશીલ અને સુચારૂ કામગીરી બદલ કલેક્ટરશ્રી મનીષ ગુરવાનીએ નારી સંરક્ષણ કેન્દ્રની કામગીરીની પ્રશંસા વ્યક્ત કરી હતી.

## વઘઈ તા.પં.માં કારોબારી, સામાજિક ન્યાય સમિતિનાં ચેરમેનોએ પદભાર સંભાળ્યા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા.૦૯ :** ડાંગ જિલ્લાના વઘઈ તાલુકા પંચાયતમાં કારોબારી સમિતિના ચેરમેન તરીકે પ્રકાશભાઈ ચૌધરી તથા સામાજિક ન્યાય સમિતિના ચેરમેન તરીકે દર્શનાબેન રાજુભાઈ બહીરમનાઓએ આજે વિધિવત પદભાર સંભાળ્યો હતો. ઉલ્લેખનીય છે કે તાજેતરમાં યોજાયેલ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં વઘઈ તાલુકા પંચાયતની કુલ ૧૬ બેઠકોમાંથી ભારતીય જનતા પાર્ટી (ભાજપ) અને કોંગ્રેસને સમાન ૮-૮ બેઠકો મળતા ટાઈની સ્થિતિ સર્જાઈ હતી.જોકે ત્યારબાદ પ્રમુખ અને ઉપપ્રમુખની પસંદગી માટે ચિઠ્ઠી ઉછાળવામાં આવતા પ્રમુખપદ ભાજપના ફાળે જયારે ઉપપ્રમુખપદ કોંગ્રેસના ફાળે ગયુ હતું. પ્રમુખપદ ભાજપને મળતા જ સમિતિની રચનાઓમાં એક મત પ્રમુખનો ઉમેરાતા કારોબારી સમિતિ તથા સામાજિક ન્યાય સમિતિનાં ચેરમેનપદ પર પણ ભાજપનો દબદબો જોવા મળ્યો હતો. આજરોજ યોજાયેલ પદગ્રહણ સમારોહમાં તાલુકા વિકાસ અધિકારી આર.બી. પટેલ, ડાંગ જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખ કિશોરભાઈ ગાવીત તથા વઘઈ તાલુકા પંચાયતના પ્રમુખ શંકુતલાબેન પાડવીની ઉપસ્થિતિમાં પ્રકાશભાઈ ચૌધરીએ કારોબારી સમિતિના ચેરમેન તરીકે તેમજ દર્શનાબેન રાજુભાઈ બહીરમનાઓએ સામાજિક ન્યાય સમિતિના ચેરમેન તરીકે વિધિવત ચાર્જ સંભાળ્યો હતો. અને ભાજપાનાં સુશાસનમાં લોકોનાં વિકાસ માટે પ્રતિબધ્ધતા દાખવવાની નેમ વ્યક્ત કરી હતી.

આ કાર્યક્રમ દરમિયાન જિલ્લા પંચાયતનાં ઉપપ્રમુખ ઉષાબેન ધર્મેશભાઈ પટેલ, સામાજીક આગેવાન ધર્મેશભાઈ પટેલ, વઘઈ તાલુકા ભાજપા મંડળના પ્રમુખ પંકજભાઈ પટેલ, તાલુકા પંચાયતના સભ્યો, જિલ્લા પંચાયતના સભ્યો, વિવિધ ગામોના સરપંચો તેમજ મોટી સંખ્યામાં ભાજપના હોદ્દેદારો અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતાં. ઉપસ્થિત આગેવાનોએ નવનિયુક્ત બન્ને ચેરમેનોને પુષ્પગુચ્છ અર્પણ કરી, મોઢું મીઠું કરાવી શુભેચ્છાઓ પાઠવી હતી.

## નવસારીમાં પાણી ભરાયેલ વિસ્તારોમાં આરોગ્ય વિભાગે કામગીરી હાથ ધરી

(દમણગંગા ટાઈમ્સ)

**નવસારી, તા. ૦૯ :** નવસારી જિલ્લામાં તાજેતરના ભારે વરસાદ અને પૂર જેવી પરિસ્થિતિને પગલે અસરગ્રસ્ત વિસ્તારોમાં આરોગ્ય વિભાગ દ્વારા રોગચાળા પર દેખરેખ (Disease Surveillance), મચ્છરજન્ય રોગ નિયંત્રણ (Vector Control Activity), મેડિકલ કેમ્પો તેમજ નિવારક આરોગ્યલક્ષી કામગીરી સઘન રીતે હાથ ધરવામાં આવી રહી છે. આરોગ્ય વિભાગની ટીમો દ્વારા અસરગ્રસ્ત ગામો અને વિસ્તારોમાં તાવ, ઝાડા-ઊલટી સહિતના ચેપી રોગોની સતત દેખરેખ રાખવામાં આવી રહી છે. મઅસરગ્રસ્ત વિસ્તારોમાં આરોગ્ય




તપાસ, જરૂરી દવાઓનું વિતરણ અને પ્રાથમિક સારવાર માટે મેડિકલ કેમ્પોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. સાથે જ ક્લોરિનની ગોળીઓનું વિતરણ, શુદ્ધ પીવાના પાણીના ઉપયોગ અંગે માર્ગદર્શન, સ્વચ્છતા અંગે જનજાગૃતિ અને રોગચાળો ન ફેલાય તે માટે જરૂરી નિવારક પગલાં લેવામાં આવી રહ્યા છે. આરોગ્ય કેન્દ્રનો સંપર્ક કરવા તેમજ આરોગ્ય વિભાગની સૂચનાઓનું પાલન કરવા અપીલ કરવામાં આવી છે.

નવસારી જિલ્લામાં ભારે વરસાદને પગલે

## દેસરા પ્રા.શાળામાં સ્થળાંતરિત નાગરિકોનું મેડિકલ ચેકઅપ કરાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**નવસારી, તા.૦૯ :** નવસારી જિલ્લામાં ભારે વરસાદને પગલે તા.૦૭/૦૭/૨૦૨૬ના રોજ રાત્રે દેસરા ગામના રામજી મંદિર ફળિયા વિસ્તારમાંથી કુલ ૨૫ નાગરિકોનું સુરક્ષિત સ્થળાંતર કરી તેમને દેસરા પ્રાથમિક શાળા ખાતે આશ્રય આપવામાં આવ્યો હતો.

સ્થળાંતર કરાયેલા નાગરિકોના આરોગ્યની કાળજીના ભાગરૂપે આજે નવસારી જિલ્લા આરોગ્ય વિભાગની ટીમ દ્વારા દેસરા પ્રાથમિક શાળા ખાતે મેડિકલ ચેકઅપ કેમ્પ યોજી તમામ ૨૫ સ્થળાંતરિત લોકોનું આરોગ્ય પરીક્ષણ કરવામાં આવ્યું હતું. આરોગ્ય ટીમ દ્વારા જરૂરી આરોગ્ય સલાહ આપવામાં આવી તેમજ જરૂરિયાત મુજબ દવાઓનું પણ વિતરણ કરવામાં આવ્યું.

આશ્રયસ્થાને રહેલા તમામ નાગરિકો માટે ચા-નાસ્તા સહિતની જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. જિલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય વિભાગ દ્વારા સ્થળાંતરિત નાગરિકોના આરોગ્ય, સુરક્ષા અને સુખાકારી માટે સતત દેખરેખ રાખવામાં આવી રહી છે.

## દ.ગુ.માં લાંચ રૂશ્વત સામે જાગૃતિ વધી

### સરકારી કચેરીઓમાં જરૂરિયાત કરતા વધુ પૈસાની માંગણી અરજદાર પાસે કરી તો કર્મચારીઓ એસીબીમાં જવાની તૈયારી રાખજો



**ચીખલીનો પત્ર**

**જ્યોતીન્દ્ર છોવાલા, ચીખલી**

જિલ્લાભરમાં આવેલ સરકારી કચેરીઓમાં પ્રજાના કામો પૈસા આપ્યા વગર થતા નથી જેની બુમરા મણો આમ પ્રજામાંથી ઉઠી રહી છે પરંતુ જન પ્રતિનિધિઓ કે ઉચ્ચ કક્ષાના અધિકારીઓ મગનું નામ મરી પાડવા તૈયાર નથી કેટલાક કિસ્સાઓમાં ચૂંટાયેલા પ્રતિનિધિઓ સીધી ફરિયાદ અધિકારીઓને કરતા હોય ત્યારે અધિકારીઓ જે તે કર્મચારીને કહી દેતા હોય છે ત્યારે ઉપર થી નીચે સુધીનું વહીવટી તંત્ર ફૂટેલું હોય ત્યારે કોણ કોને કહેવા જાય તેવો ઘાટ હાલમાં સરકારી કચેરીઓમાં ચાલી રહ્યો છે ત્યારે વહીવટી તંત્રથી થાકી ગયેલી પ્રજા પાસે માત્ર એક જ રસ્તો બાકી રહેતો હોય છે અને તે માત્ર લાંચ રૂશવત વિરોધી શાખાની કચેરી રહેતી હોય છે અને અરજદાર પણ હવે જે તે જિલ્લાની એસીબીને ફરિયાદ કરવાનું ટાળી બીજા જિલ્લાની એસીબીની કચેરીના અધિકારીને ફરિયાદ કરતો હોય છે.

જિલ્લાભરની સરકારી કચેરીઓમાં ફરજ બજાવતા કર્મચારીઓ પ્રજા[...] પાસે પૈસા લીધા[...] વિના કામ કરતા[...] નથી અને કોઈપણ[...] કામ હોય પ્રજાએ[...] પૈસા આપવા જ[...] પડતા હોય છે અને[...] જો પૈસા ન આપે[...] તો તેનું કામ સીધી[...] લીટીનું હોય તો[...] પણ થતું નથી અને[...] ધક્કા ખાવા સિવાય[...] બીજું કંઈ આવતું[...] નથી આખરે અરજદારે કોઈ અન્ય વ્યક્તિને શોધી પૈસા આપી કામ કરાવવા પડતું હોય છે આ એક કચેરીની વાત નથી તમામ સરકારી કચેરીઓની વાત રહી છે જેમાં ગ્રામ્ય કક્ષાએ આવેલ તલાટીથી લઈને ઉચ્ચ કક્ષા સુધીની વાત છે સરકાર દ્વારા નવા નવા નિયમો લાવી આમ પ્રજાને પરેશાન કરી રહ્યા છે. જેમાં ખેડૂતોની જમીનમાં ૭/૧૨ માં કર્મચારીઓ દ્વારા કરવામાં આવતી ભૂલોને સુધારવા માટે પણ ખેડૂતોએ હજારો રૂપિયાનો ખર્ચ કરવો પડતો હોય છે જેમાં દક્ષિણ ગુજરાતમાં આવેલ સરકારી કચેરીમાં ફરજ બજાવતા અધિકારીઓ ખુલ્લે આમ પૈસાની ઓફર કરતા હોય છે અને સરકારી દસ્તાવેજો સાથે છેડછાડ કરી લેતા હોય છે કહેવાય છે કે દક્ષિણ ગુજરાતમાં કેટલીક શાખાઓમાં નોકરી જોઈતી હોય તો ઓન આપી પોસ્ટિંગ મેળવવામાં આવતું હોય છે. ત્યારે હવે દક્ષિણ ગુજરાતની પ્રજા પણ એટલી જાગૃત બની ગઈ છે. જો કોઈ કર્મચારી પૈસાની માંગણી કરે તો અરજદાર પૈસા આપવાની ના પાડતા નથી અને સીધો જ લાંચ રૂસવત વિરોધી શાખા (એસીબી)ની કચેરીએ પહોંચી જતો હોય છે અને બનાવની હકીકત વર્ણવી જે તે કર્મચારી સામે લાંચનું છટકું ગોઠવી તે કર્મચારીને એસીબીમાં ફીટ કરી દેવાતો હોય છે. પણ અરજદાર જે તે જિલ્લામાં નહીં અન્ય જિલ્લામાં જઈ ફરિયાદ કરે ત્યારે સ્થાનિક એસીબીના અધિકારીઓએ પણ આ બાબતે ગંભીરતાથી વિચારવાની જરૂર રહી છે. ત્યારે હવે સરકારી કચેરીઓમાં ફરજ બજાવતા તમામ કર્મચારીઓએ ચેતવાની જરૂર છે. જો પ્રજા પાસે જરૂરીયાત કરતા વધુ પૈસાની માંગણી કરવામાં આવી તો લાંચ રૂસવત વિરોધી શાખા (એસીબી) ની ટીમ તમારી પાસે આવીને ઊભી છે એ નક્કી છે.

## સુપ્રભાતમ્

### આજનું પંચાગ

**તા.** ૧૦-૦૭-૨૦૨૬, **વાર :** શુક્રવાર **તિથિ :** જેઠ, અગિયારસ **સૂર્યોદય :** ૦૬ : ૦૫ **સૂર્યાસ્ત** ૦૭ :૨૪, **ચંદ્રોદય** - ૦૧:૩૧ **ચંદ્રાસ્ત** - ૦૩:૨૧ **ચંદ્ર રાશિ :** મેષ, **નક્ષત્ર** - ભરણી

### આજનું રાશિભવિષ્ય

**મેષ (અ, લ, ઈ) :** આજનો દિવસ તમારા માટે ઉર્જા અને ઉત્સાહથી ભરપૂર રહેશે. વેપારમાં નવા પ્રયોગો કરવાથી કાર્યક્ષેત્રમાં તમારી સાખ વધશે. પારિવારિક વાતાવરણ ખુશમિજાજ રહેશે.

**વૃષભ (બ, વ, ઉ) :** આ દિવસે ચંદ્ર તમારી જ રાશિમાં ગોચર કરશે જે તમને ઉચ્ચ પરિણામ આપશે. આર્થિક બાબતોમાં સાવધાની રાખવી, ખર્ચ વધી શકે છે. સગા-સંબંધીઓનો પૂરો સહયોગ મળશે.

**મિથુન (ક, ઘ, ચ) :** આજનો દિવસ તમારી પ્રગતિના નવા દ્વાર ખોલશે. આર્થિક સ્થિતિ મજબૂત થશે અને અટકેલા કાર્યો પૂરા થશે. ઓફિસમાં તમારું મેનેજમેન્ટ અને કામકાજ શાનદાર રહેશે.

**કર્ક (ડ, હ) :** માનસિક શાંતિનો અનુભવ થશે. વાહન કે પ્રોપર્ટી ખરીદવાનો પ્લાન આગળ વધી શકે છે. લાંબા સમયથી ચાલી રહેલી ચિંતાઓનો અંત આવશે.

**સિંહ (મ, ટ) :** કાર્યસ્થળ પર તમારો પ્રભાવ વધશે અને અધિકારીઓ તમારા કામની પ્રશંસા કરશે. જો તમે રોકાણ કરવાનું વિચારી રહ્યા છો, તો સમય ઉત્તમ છે.

**કન્યા (પ, ઠ, ણ) :** વિદ્યાર્થીઓ માટે દિવસ ખૂબ જ સારો છે. અભ્યાસ કે નવી સ્કિલ શીખવામાં તમારું મન લાગશે. ધંધાકીય લાભની તકો મળશે.

**તુલા (ર, ત) :** કામના ભારણને કારણે શારીરિક થાક કે માનસિક તણાવ અનુભવાઈ શકે છે. લવ લાઈફમાં સુખદ પળ વિતાવવાનો મોકો મળશે. વેપારમાં સાવધાની રાખવી.

**વૃશ્ચિક (ન, ય) :** જૂની બીમારીઓ અને સ્વાસ્થ્ય સંબંધિત સમસ્યાઓમાંથી રાહત મળશે. તમે ખૂબ જ ઉર્જાવાન અનુભવ કરશો. બુદ્ધિના પ્રયોગથી અટકેલા કામો પૂરા થશે.

**ધન (ભ, ધ, ફ, ઢ) :** આજનો દિવસ નવી કળા કે નવું કામ શીખવા માટે શ્રેષ્ઠ છે. પરિવાર સાથે હળવાશ અને ખુશીના પળ વિતાવી શકશો. ગેરસમજથી દૂર રહેવું.

**મકર (ખ, જ) :** નવું રોકાણ કરવા કે નવું કામ શરૂ કરવા માટે સમય અનુકૂળ છે. રચનાત્મક વિચારો આવશે. આર્થિક સ્થિતિ સ્થિર રહેશે.

**કુંભ (ગ, સ, શ, ષ) :** ઓફિસના રાજકારણ કે વાદ-વિવાદથી દૂર રહેવું. સર્જનાત્મક વિચારોથી તમને કોઈ નાની સફળતા અથવા મોટો ફાયદો મળી શકે છે.

**મીન (દ, ચ, થ, ઝ) :** નોકરી કરતા લોકોને પ્રમોશન અથવા ઈન્ક્રિમેન્ટના સારા સમાચાર મળી શકે છે. લવ લાઈફમાં મધુરતા આવશે. વેપારમાં નફો થવાના યોગ છે.

## દમણ રેડિયો

102.3 FM

**શુક્રવાર**

**સવારની પ્રથમ સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભકિત ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ - વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

**સાંજે :** ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન

## સુડોકુ નં.૬૨૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | | | 8 | | 6 | | | 9 |
| | 6 | | | 4 | | | 1 | |
| | | 2 | | | | 5 | | |
| 8 | 7 | | 9 | | 1 | | 3 | 2 |
| | 9 | | | | | | 8 | |
| 1 | 2 | | 6 | | 7 | | 4 | 5 |
| | | 6 | | | | 4 | | |
| | 4 | | | 9 | | | 7 | |
| 5 | | | 3 | | 4 | | | 8 |

અહીં એક ચોકઠું આપ્યું છે જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.

(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.

(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.

(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો

(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

### સુડોકુ નં.૬૨૩નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 2 | 5 | 4 | 7 | 1 | 8 | 9 | 3 | 6 |
| 7 | 9 | 3 | 6 | 4 | 2 | 1 | 5 | 8 |
| 6 | 1 | 8 | 5 | 9 | 3 | 4 | 7 | 2 |
| 4 | 6 | 2 | 1 | 8 | 7 | 3 | 9 | 5 |
| 3 | 7 | 5 | 4 | 2 | 9 | 6 | 8 | 1 |
| 9 | 8 | 1 | 3 | 5 | 6 | 7 | 2 | 4 |
| 1 | 4 | 9 | 2 | 7 | 5 | 8 | 6 | 3 |
| 8 | 2 | 6 | 9 | 3 | 4 | 5 | 1 | 7 |
| 5 | 3 | 7 | 8 | 6 | 1 | 2 | 4 | 9 |

સ્થાનિક સમાચારો
● વલસાડ ● પારડી ● ધરમપુર ● કપરાડા ●વાપી ● ઉમરગામ ●દમણ ● સેલવાસ
દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES

# માન નદી પર મરઘમાળ-બામટી કોઝવેની રેલિંગ તૂટી

**નવા પુલનું એસ્ટીમેન્ટ તૈયાર હોવા છતાં આ પુલ બનાવવામાં વિલંબ કેમ?**



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૦૯ :** ધરમપુર તાલુકામાં સતત વરસી રહેલા ભારે વરસાદના કારણે માન નદી પર મરઘમાળ-બામટી ગામને જોડતા કોઝવેની સ્થિતિ ગંભીર બની છે. પાણીના પ્રચંડ પ્રવાહથી કોઝવેની રેલિંગ તૂટી ગઈ છે, જ્યારે નદીમાં તણાઈ આવેલા ઝાડના થડ, ડાળીઓ અને અન્ય કચરો કોઝવેમાં અટવાઈ જતાં વધુ નુકસાન હવા અંગે ગ્રામજનો દ્વારા ચર્ચા ઊઠવા પામી છે.

મરઘમાળ ગામના સરપંચ રજની પટેલે જણાવ્યું કે સમગ્ર સ્થિતિ અંગે વીડિયો અને ફોટા સાથે સંબંધિત અધિકારીઓને જાણ કરવામાં આવી હતી. પરંતુ હજુ સુધી કોઈ અસરકારક કાર્યવાહી કરવામાં આવી નથી. તેમણે જણાવ્યું કે નવા પુલ માટેનું એસ્ટિમેટ તૈયાર થઈ ચૂક્યું છે છતાં મંજૂરી મળતી નથી.

ગ્રામજનોનુ કહેવુ છે કે કોઝવેમાં અટવાયેલા ઝાડના થડ અને કચરો તાત્કાલિક દૂર કરવામાં નહીં આવે તો કોઝવેને વધુ નુકસાન પહોંચી શકે છે. પરિસ્થિતિ ગંભીર બનતાં સલામતીના કારણોસર માર્ગ બંધ કરવાની નોબત આવી શકે છે, જેના કારણે મરઘમાળ, બામટી સહિત આસપાસના ગામોના લોકોને અવરજવર, શિક્ષણ, આરોગ્ય સેવા અને રોજગાર માટે ભારે મુશ્કેલીનો સામનો કરવો પડશે. દર ચોમાસામાં કોઝવે ડૂબાણમાં જતો હોવાથી સ્થાનિકોએ કાયમી ઉકેલ તરીકે અહીં નવા ઊંચા પુલના કામને તાત્કાલિક મંજૂરી આપી શરૂ કરવાની માંગ ઉઠાવી છે. હાલની સ્થિતિને લઈ ગ્રામજનોમાં તંત્રની કામગીરી સામે નારાજગી જોવા મળી રહી છે.

# કપરાડાની એકલેરા પ્રા. શાળામાં જાગૃતિ કાર્યક્રમ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**કપરાડા, તા. ૦૯ :** વલસાડ જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ સંચાલિત કપરાડા તાલુકાની એકલેરા પ્રાથમિક શાળામાં ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગના ચેરપર્સન ધર્મિષ્ઠાબેન વી. ગજ્જરના અધ્યક્ષસ્થાને વિદ્યાર્થીઓ માટે યુનિફોર્મ તથા નોટબુક વિતરણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

ધર્મિષ્ઠાબેન વી. ગજ્જરે બાળકોને શિક્ષણ, આરોગ્ય અને પોષણ અંગે ઊંડાણપૂર્વક માર્ગદર્શન આપ્યું હતું. સાથે જ, બાળ અધિકારો, બાળ વિવાહ અને બાળમજૂરી અટકાવવાની વિવિધ જોગવાઈઓ વિશે વાલીઓ અને ગ્રામજનોને વિસ્તૃત માહિતી આપી જાગૃત કર્યા હતાં.

તેમણે વિદ્યાર્થીઓમાં નવો જુસ્સો ભરવા હું કંઈક છું, હું કંઈક બની શકું છુંના પ્રેરક સૂત્ર થકી જીવનમાં આગળ વધવા ઉમદા ઉર્જા પૂરી પાડી હતી.

આ પ્રસંગે કપરાડા તાલુકાના ગ્ન્દસંજયભાઈ મકવાણા દ્વારા ગામ અને તાલુકાની આછી ઝલક રજૂ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ચૈતન્ય મંગલમ ચેરિટેબલ ટ્રસ્ટના તુષારભાઈ દેસાઈ, ગાયત્રી ચેરિટેબલ ટ્રસ્ટના ઉર્મિલ દેસાઈ, જિલ્લા બાળ સુરક્ષા અધિકારી, જિલ્લા પ્રોગ્રામ ઓફિસર (ICDS વલસાડ), CDPO કપરાડા, ગામના સરપંચ, વિવિધ વિભાગના કર્મચારીઓ અને બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. મહાનુભાવોના હસ્તે વિદ્યાર્થીઓને યુનિફોર્મ અને નોટબુકનું વિતરણ કરવામાં આવ્યું હતું અને શાળા પરિવાર દ્વારા તમામ ઉપસ્થિત મહેમાનો, દાતાઓ અને ગ્રામજનોનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# હાલર વિસ્તારમાં વરસાદી પાણીના તાત્કાલિક નિકાલ માટે અધિક કલેક્ટરની તાકીદ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૯ :** હાલર વિસ્તારના મહાદેવ નગર, ટીવી રીલે કેન્દ્ર, આરપીએફ ગ્રાઉન્ડ પાછળ અને મિશન કોલોની વિસ્તારમાં વરસાદી પાણીના ભરાવાને લઈ તપાસ સ્થળ તપાસ કરી પાણીના નિકાલ માટે તાત્કાલિક કાર્યવાહી કરવા અને આગામી સમયમાં નવું આયોજન કરવા માટે સૂચનાઓ આપી હતી.





હાલર વિસ્તારમાં રહેતા અને નગરપાલિકા કાઉન્સિલર નિતેશભાઇ વશીએ કરેલી લેખિત રજૂઆત બાદ વલસાડના અધિક કલેક્ટર પિયુષભાઈ પટેલ, નગરપાલિકા ચીફ ઓફિસર યશપાલ વાઘેલા, આરોગ્ય સમિતિ ચેરમેન હિતેશભાઈ ભંડારી અને નગરપાલિકા સભ્યઓ નિતેશ એમ વશી, ભરત પટેલ (કાનો), અલકાબેન દેસાઈ દ્વારા હાલર વિસ્તારના મહાદેવ નગર, ટીવી રીલે કેન્દ્ર, આરપીએફ ગ્રાઉન્ડ પાછળ અને મિશન કોલોની વિસ્તારમાં વરસાદી પાણીના ભરાવાને લઈ તપાસ સ્થળ તપાસ કરી પાણીના નિકાલ માટે તાત્કાલિક કાર્યવાહી કરવા અને આગામી સમયમાં નવું આયોજન કરવા માટે સૂચનાઓ આપી હતી. જે સમયે ત્યાંના સ્થાનિક રહેવાસીઓમાં પંકજભાઈ, નવીનભાઈ પટેલ, નરેન્દ્રભાઈ રાજપુત, અનિલભાઈ પટેલ અને કરણસિંગભાઈ વિગેરે સાથે સમસ્યાઓ બાબતે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી અને એમના સૂચનો પણ લેવામાં આવ્યા હતાં.

# સિલ્ધાની શાળામાં રાજ્ય બાળસંરક્ષણ અધિકાર આયોગના અધ્યક્ષનો સંવાદ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**નાનાપોંઢા, તા. ૦૯ :** કપરાડા તાલુકાની સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા, સિલ્ધા ખાતે તા.૬ જુલાઈ, ૨૦૨૬ના રોજ ગુજરાત રાજ્ય બાળસંરક્ષણ અધિકાર આયોગના અધ્યક્ષ ધર્મિષ્ઠાબેન ગજ્જરે શાળાની મુલાકાત લીધી હતી. મુલાકાત દરમિયાન તેમણે વિવિધ વર્ગોના વિદ્યાર્થીઓ સાથે આત્મીયતાપૂર્વક સંવાદ સાધ્યો અને તેમના અભ્યાસ, કારકિર્દી તથા ભવિષ્યના લક્ષ્યો અંગે જાણકારી મેળવી હતી.

ગજ્જરે વિદ્યાર્થીઓને બાળઅધિકારો અંગે માર્ગદર્શન આપતાં જણાવ્યું હતું કે દરેક બાળકને શિક્ષણ, સુરક્ષા અને વિકાસનો સમાન અધિકાર છે. તેમણે વિદ્યાર્થીઓને કોઈપણ સંજોગોમાં અભ્યાસ અધૂરો ન છોડવા, ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરવા અને જીવનમાં આત્મવિશ્વાસ સાથે આગળ વધવા પ્રેરણા આપી હતી. વિદ્યાર્થીઓએ પણ ઉત્સાહપૂર્વક તેમની સાથે ચર્ચામાં ભાગ લીધો હતો. આ મુલાકાત બદલ સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા, સિલ્ધા પરિવાર દ્વારા ધર્મિષ્ઠાબેન ગજ્જરનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# વાપીની આર.કે. દેસાઈ કોલેજમાં એફવાયબીકોમ સેમ-રનું પરિણામ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૯ :** આર.કે.દેસાઈ કોલેજ ઓફ કોમર્સ અને મેનેજમેન્ટ, વાપી અંતર્ગત એફવાયબીકોમ સેમ-૨ના વિદ્યાર્થીઓએ ૨૦૨૫-૨૬માં VNSGU દ્વારા લેવાયેલ પરીક્ષામાં જાહેર થયેલ પરિણામમાં સૌથી વધુ ગુણ પ્રાપ્ત કરી કોલેજનું ગૌરવ વધાર્યું છે. પ્રથમ ક્રમે આવનાર વિદ્યાર્થી રાઠોડ ક્રિશા હિમ્મતભાઈ (૮.૬૪ SGPA), દ્વિતીય ક્રમે પટેલ નેહા ભૂપેન્દ્રભાઈ (૮.૨૭ SGPA) અને ત્રીજા ક્રમે પટેલ કૃપા વિજયભાઈ (૮.૧૮ SGPA) મેળવી સિદ્ધિ પ્રાપ્ત કરેલ છે. વિદ્યાર્થીઓની શૈક્ષણિક સફળતામાં કોમર્સ વિભાગના પ્રોફેસર્સનું તેમજ બી. કોમ ગુજરાતી મીડિયમ વિભાગના હેડ ચિત્રા શેઠ દેસાઇ તથા કોલેજના આચાર્ય ડો. શીતલ ગાંધીની પણ મહત્વની ભૂમિકા રહી છે. આ જ્વલંત સિધ્ધિ મેળવવા બદલ સંસ્થાના ચેરમેન મિલન દેસાઈ તેમજ કેમ્પસ ડાયરેક્ટર ડો. મિત્તલ શાહ તેમજ સર્વ પ્રાધ્યાપકોએ પણ આનંદ વ્યક્ત કરી અભિનંદન પાઠવ્યા હતાં.

# ઉમરગામ જીઆઇડીસી પોલીસ ચોકીમાં વૃક્ષારોપણ કરાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૦૯ :** ઉમરગામ જીઆઈડીસીની નવનિર્મિત પોલીસ ચોકી પરિસરમાં 'એક પેડ મા કે નામ' અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ઉમરગામના ઇન્ચાર્જ પોલીસ ઇન્સ્પેક્ટર બી.આર. બેરા, પીએસઆઈ એન.સી. સગર તથા પોલીસ જવાનોએ વૃક્ષોનું રોપણ કર્યું હતું. અગાઉ સરીગામ પોલીસ આઉટ પોસ્ટ ખાતે પણ વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.



વૃક્ષારોપણ બાદ ઉપસ્થિત તમામ પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓએ રોપાયેલ વૃક્ષોના જતન અને ઉછેર માટે કટિબદ્ધતા વ્યક્ત કરી હતી. કાયદો અને વ્યવસ્થાની જવાબદારી વચ્ચે પણ પોલીસ વિભાગે પર્યાવરણ સંરક્ષણનો સંદેશ આપી સમાજને પ્રેરણા પૂરી પાડી હતી.

**શ્રી સમસ્ત ગુજરાતી બ્રહ્મ સમાજ દ્વારા**

# વાપીમાં બાળકો માટે ગુજરાતી ફિલ્મ 'ભમરડો'નું નિ:શુલ્ક સ્ક્રીનિંગ કરાયું




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૯ :** શ્રી સમસ્ત ગુજરાતી બ્રહ્મ સમાજ, વાપીના ઉપક્રમે બાળકોમાં ગુજરાતી ભાષા, સંસ્કૃતિ, પારિવારિક મૂલ્યો અને પરંપરાગત રમતો પ્રત્યે જાગૃતિ લાવવાના હેતુથી ગુજરાતી ફિલ્મ 'ભમરડોનું નિ:શુલ્ક વિશેષ સ્ક્રીનિંગ અવધ યુટોપિયા, વાપી ખાતે યોજાયું હતું.

ફિલ્મનો મુખ્ય સંદેશ આજના બાળકોને મોબાઈલ અને ડિજિટલ વ્યસનમાંથી બહાર લાવી બાળપણની નિર્દોષતા, મિત્રતા, પરિવાર સાથેનો સમય અને પરંપરાગત રમતોનું મહત્વ સમજાવવાનો છે. આ અનોખા પ્રયાસને બાળકો અને વાલીઓ તરફથી ઉત્સાહભર્યો પ્રતિસાદ મળ્યો હતો. કાર્યક્રમમાં બ્રહ્મ સમાજ ઉપરાંત વિવિધ સમાજોના બાળકો તેમજ સ્વામિનારાયણ ગુરુકુલના વિદ્યાર્થીઓ સહિત ૮૦થી વધુ બાળકોએ તેમજ વડીલોને જોડતા ૧૦૪ લોકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સમાજ દ્વારા તમામ ઉપસ્થિત બાળકો માટે હળવા નાસ્તા તથા શુદ્ધ પીવાના પાણીની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી.

ફિલ્મ પૂર્ણ થયા બાદ ફિલ્મના અભિનેતા જશ ત્રાડા, અભિનેતા ધર્મેશ જોશી, એક્ઝિક્યુટિવ પ્રોડ્યુસર નીતિન જોશી તેમજ પ્રોડક્શન હેડ દર્શન ત્રાડા ખાસ ઉપસ્થિત રહ્યા હતાં. સમાજના ટ્રસ્ટી ચૈતન્યભાઈએ પણ પોતાની વિશેષ હાજરી આપી હતી.

કલાકારોએ બાળકો સાથે સંવાદ કરી ફિલ્મને લગતા રસપ્રદ પ્રશ્નો પૂછ્યા હતાં. સાચા જવાબ આપનાર બાળકોને ભમરડો ભેટરૂપે આપવામાં આવ્યો હતો. ઉપરાંત ઉપસ્થિત તમામ બાળકોને પણ સ્મૃતિચિહ્ન તરીકે ભમરડો ભેટ આપવામાં આવ્યો હતો, જેના કારણે બાળકોમાં વિશેષ આનંદ અને ઉત્સાહ જોવા મળ્યો હતો.

આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે સમાજના પ્રમુખ હાર્દિકભાઈ મહેતા, સેક્રેટરી રજતભાઈ રાવલ, નિરવભાઈ જાની, સોનલ મહેતા, રિંકુ રાવલ એ ભારે જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમ દરમિયાન કલાકારોનું સ્વાગત પ્રમુખ હાર્દિકભાઈ મહેતાએ કર્યું હતું, જ્યારે આભારવિધિ સેક્રેટરી રજતભાઈ રાવલે કરી હતી. કાર્યક્રમની સંપૂર્ણ જવાબદારી નિરવભાઈ જાનીએ સંભાળી હતી.

શ્રી સમસ્ત ગુજરાતી બ્રહ્મ સમાજ દ્વારા સમયાંતરે આવા સામાજિક, શૈક્ષણિક અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજી સમાજમાં સંસ્કાર, એકતા અને સમાજસેવાનો ઉત્તમ સંદેશ આપવામાં આવી રહ્યો છે.

# પારડી અખિલ હિન્દ મહિલા પરિષદે ગુજરાતી ફિલ્મ શો યોજ્યો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૦૯ :** પારડી અખિલ હિન્દ મહિલા પરિષદ દ્વારા વલસાડના વશીયાર મુકામે આવેલ રાજહંસ ટોકીઝમાં 'જિંદગી હજી બાકી છે દોસ્ત' ગુજરાતી ફિલ્મ જોવા માટેનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો આ કાર્યક્રમનો હેતુ ફિલ્મ જોઈને જીવન કઈ રીતે જીવવું બાળપણથી લઈને ઘર સુધી મહિલાઓએ શું શીખ લેવી તે માટે ફિલ્મ જોવા કાર્યક્રમ ગોઠવવામાં આવ્યો હતો પારડી અખિલ મહિલા પરિષદના પ્રમુખ મીનાબેન કોઠારી અને એમની સમગ્ર ટીમ એલી ક્લબ પારડી સહેલી ક્લબના પ્રમુખ અલ્પાબેન દેસાઈ અને એમની ટીમ વલસાડના હોશિયારમાં આવેલ રાજહંસ ટોકીઝમાં ભેગા થયા હતા અને જિંદગી હજી બાકી છે દોસ્ત ફિલ્મ ગુજરાતી નિહાળી હતી.

# આટિયાવાડ આંગણવાડીમાં બાળકોને રેઇનકોટનું વિતરણ કરાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા. ૦૯ :** દાદરા અને નગર હવેલી તથા દમણ-દીવ પ્રદેશ ભાજપના પ્રદેશ મંત્રી અને જાણીતા સમાજસેવિકા ઉર્વશીબેન જયેશભાઈ પટેલે આજે આંટિયાવાડ આંગણવાડી કેન્દ્ર ખાતે બાળકો અને તેમના વાલીઓ માટે આરોગ્ય જાગૃતિ કાર્યક્રમનું આયોજન કર્યું હતું. આયુષ્માન આરોગ્ય મંદિર, આંટિયાવાડના તબીબી સ્ટાફના સહયોગથી બાળકોની આરોગ્ય તપાસ કરવામાં આવી હતી તેમજ ચોમાસામાં ફેલાતા ડેંગૂ, મલેરિયા અને ટાઈફોઈડ જેવા રોગોથી બચવા માટે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.



ઉર્વશીબેન પટેલે વાલીઓને સંબોધતા જણાવ્યું હતું કે ચોમાસા દરમિયાન બાળકોના આરોગ્ય પ્રત્યે વિશેષ સાવચેતી રાખવી જરૂરી છે. આ પ્રસંગે ઉર્વશીબેન પટેલે આંગણવાડીના તમામ બાળકોને વરસાદી ઋતુમાં સુરક્ષા માટે રેઈનકોટનું વિતરણ કર્યું હતું. ઉપરાંત તેમણે આંગણવાડી સ્ટાફ સાથે ચર્ચા કરીને કેન્દ્રની વિવિધ જરૂરિયાતોની પણ માહિતી મેળવી હતી. બાળકોએ આંગણવાડીમાં મળતી શિક્ષણ, પોષણ અને રમતાં-રમતાં શીખવાની પ્રવૃત્તિઓ અંગે આનંદ વ્યક્ત કર્યો હતો, જ્યારે વાલીઓએ ઉર્વશીબેન પટેલ દ્વારા આપવામાં આવેલી આરોગ્ય સંબંધિત સલાહોનું પાલન કરવાની ખાતરી આપી હતી.

# ધરમપુરમાં નિ:શુલ્ક મંડાલા આર્ટ વર્કશોપ યોજાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૦૯ :** ધરમપુરની લેડી વિલ્સન મ્યુઝિયમ તથા ધરમપુર નગરપાલિકા સંચાલિત શ્રીમંત માહારાણા શ્રી નારણદેવજી લાઈબ્રેરીના સંયુક્ત ઉપક્રમે તા. ૧૨ જુલાઈ, ૨૦૨૬ રવિવારના રોજ સવારે ૧૧:૦૦ કલાકે શ્રીમંત માહારાણા શ્રી નારણદેવજી લાઈબ્રેરી લેડી વિલ્સન મ્યુઝિયમ સામે ધરમપુર ખાતે નિ:શુલ્ક મંડાલા આર્ટ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે.

વર્કશોપમાં મુંબઈથી પધારનાર પ્રમાણિત મંડાલા કલાકાર કોમલબેન ગોરી (ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ) દ્વારા મંડાલા આર્ટની તાલીમ આપવામાં આવશે. ૧૧ વર્ષથી વધુ વયના રસ ધરાવતા ભાઈઓ, બહેનો અને બાળકોને વર્કશોપમાં ભાગ લેવા આમંત્રણ આપવામાં આવ્યું છે.

ભાગ લેનારોએ પેન્સિલ, રબર, કમ્પાસ સહિતની જરૂરી સ્ટેશનરી સાથે લાવવાની રહેશે. વધુ માહિતી માટે શ્રીમંત મહારાણા શ્રી નારણ દેવજીના ગ્રંથપાલ નિમેષભાઈ ભટ્ટના મો. નં. ૯૯૭૯૨૮૧૮૨૬ પર સંપર્ક કરવા જણાવાયું છે.

# વાપી રેલવે સ્ટેશન પર ૧૦ એક્સપ્રેસ ટ્રેનોના સ્ટોપેજની સાંસદ ઉમેશ પટેલની માંગ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૦૮ :** દમણ-દીવના સાંસદ ઉમેશભાઈ બાબુભાઈ પટેલએ નવી દિલ્હીમાં સતીશકુમાર સાથે શિષ્ટાચાર મુલાકાત કરી વાપી રેલવે સ્ટેશન પર ૧૦ મહત્વપૂર્ણ એક્સપ્રેસ ટ્રેનોના નિયમિત સ્ટોપેજ અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી. તેમણે આ મુદ્દે વહેલી તકે હકારાત્મક નિર્ણય લેવા વિનંતી કરી હતી. સાંસદ ઉમેશભાઈ પટેલે જણાવ્યું હતું કે તેમણે અગાઉ પશ્ચિમ રેલવેના મહા-બંધકને પત્ર લખી વાપી રેલવે સ્ટેશન પર મુખ્ય એક્સપ્રેસ ટ્રેનોના સ્ટોપેજની માંગણી કરી હતી. તેના જવાબમાં પ?િમ રેલવેએ જણાવ્યું હતું કે વાપી સ્ટેશન પર ૧૦ મહત્વપૂર્ણ ટ્રેનોના સ્ટોપેજનો



પ્રસ્તાવ રેલવે બોર્ડને મોકલી દેવામાં આવ્યો છે અને હાલમાં તે બોર્ડના વિચારાધીન છે.

મુલાકાત દરમિયાન સાંસદે જણાવ્યું હતું કે વાપી રેલવે સ્ટેશન માત્ર દક્ષિણ ગુજરાત માટે જ નહીં, પરંતુ દાદરા અને નગર હવેલી તેમજ દમણ-દીવના લાખો નાગરિકો માટે મુખ્ય રેલવે પ્રવેશદ્વાર છે. સાંસદે રેલવે બોર્ડ સમક્ષ રજૂઆત કરી કે જે ૧૦ ટ્રેનોના સ્ટોપેજનો પ્રસ્તાવ બાકી છે, તેના પર પ્રાથમિકતા આધારે વહેલી તકે નિર્ણય લઈ વાપી રેલવે સ્ટેશન પર નિયમિત વ્યાવસાયિક સ્ટોપેજ મંજૂર કરવામાં આવે. તેમણે જણાવ્યું કે આ નિર્ણયથી દમણ, દાદરા અને નગર હવેલી, દક્ષિણ ગુજરાત તથા દેશના વિવિધ રાજ્યો વચ્ચેનું રેલવે જોડાણ વધુ મજબૂત બનશે તેમજ ઉદ્યોગ, વેપાર, પ્રવાસન અને રોજગારીને પણ નવી ગતિ મળશે.

રેલવે બોર્ડના અધ્યક્ષ અને મુખ્ય કાર્યકારી અધિકારી સતીશ કુમારે સાંસદ દ્વારા રજૂ કરાયેલી માંગણીઓને ગંભીરતાથી સાંભળી સંબંધિત પ્રસ્તાવો પર નિયમો અનુસાર યોગ્ય અને વહેલી કાર્યવાહી કરવાની ખાતરી આપી હતી. સાંસદ ઉમેશભાઈ પટેલે વિશ્વાસ વ્યક્ત કર્યો કે રેલવે બોર્ડ દ્વારા હકારાત્મક નિર્ણય લેવાતા વિસ્તારના લાખો મુસાફરોની લાંબા સમયથી ચાલી આવતી માંગ પૂર્ણ થશે અને વાપી રેલવે સ્ટેશનનું મહત્વ વધુ વધશે.



ઉપરવાસમાં થયેલા ભારે વરસાદના કારણે પારડી ચંદ્રપુર પાર નદીમાં પૂર જેવી પરિસ્થિતિ સર્જાય છે. વલસાડ પાણી પુરવઠા સંપર્ને પારડી પાણી પુરવઠા સંપ બંને ડૂબી ગયા છે. જુના જમાનાનો પડતર પુલ પણ ડૂબી જવાની સંભાવનામાં છે. છેલ્લા બે દિવસમાં પડેલા ભારે વરસાદના કારણે પણ નદીમાં ઘોડાપુર આવી ગયા છે.

# વટાર બસ સ્ટોપ સુધી બસો જતી જ નથી?

**વાપી, તા. ૦૯ :** વાપી મહાનગરપાલિકા સંચાલિત સિટી બસ સેવા અંગે વટાર વિસ્તારના મુસાફરોએ ફરી એકવાર અસંતોષ વ્યક્ત કર્યો છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ મહાનગરપાલિકાના સત્તાધીશોએ અગાઉ વટાર બસ સ્ટોપ સુધી બસો નિયમિત લાવવા સૂચનાઓ આપી હોવા છતાં હજુ સુધી અનેક બસો બસ સ્ટોપ સુધી પહોંચતી નથી. જેના કારણે રોજિંદા મુસાફરો, વિદ્યાર્થીઓ, મહિલાઓ અને વરિષ્ઠ નાગરિકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. સ્થાનિકોએ જણાવ્યું કે બસ ડ્રાઈવર અને કન્ડક્ટર દ્વારા મહાનગરપાલિકાની સૂચનાઓનું યોગ્ય પાલન કરવામાં આવતું નથી. આ મુદ્દે સ્થાનિક આગેવાન સતીષભાઈને પણ રજૂઆત કરવામાં આવી છે અને સંબંધિત અધિકારીઓને કડક સૂચનાઓ આપી નિયમોનું પાલન કરાવવામાં આવે તેવી માંગ ઉઠી છે. મુસાફરોનું કહેવું છે કે બસો વટાર બસ સ્ટોપ સુધી નિયમિત પહોંચે તો હજારો લોકોને રાહત મળશે. મહાનગરપાલિકા દ્વારા આ બાબતે તાત્કાલિક તપાસ કરી જવાબદાર સામે કાર્યવાહી કરવામાં આવે અને લોકોની લાંબા સમયથી ચાલી આવતી માંગ સંતોષવામાં આવે તેવી માંગ ઉઠી છે.

દમણગંગા ટાઈમ્સ
ઈ-પેપર ડાઉનલોન કરવા માટે
વેબસાઈટની મુલાકાત લો
www.damangatimes.com

# ધરમપુર વિજ્ઞાન કેન્દ્રમાં વિજ્ઞાન શિક્ષક તાલીમ કાર્યક્રમ યોજાશે









**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**

જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર, ધરમપુર (રાષ્ટ્રીય વિજ્ઞાન સંગ્રહાલય પરિષદ, સંસ્કૃતિ મંત્રાલય, ભારત સરકાર) ખાતે તા. ૦૬થી ૦૮ જુલાઈ, ૨૦૨૬ દરમિયાન ERAC (Experience, Reflection, Abstraction/Application of Theory, Consolidation/ Contextualization) અભિગમ આધારિત વિજ્ઞાન શિક્ષક તાલીમ કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

આ તાલીમ કાર્યક્રમમાં ધરમપુર, કપરાડા, વલસાડ, વાપી, નાનાપોંઢા, પારડી અને ઉમરગામ એમ કુલ ૭ તાલુકાના ૪૫ વિજ્ઞાન શિક્ષકોએ ભાગ લીધો હતો. કાર્યક્રમનો મુખ્ય હેતુ શિક્ષકોને અનુભવ આધારિત, ક્ષમતાલક્ષી અને પ્રવૃત્તિ આધારિત શિક્ષણ પદ્ધતિઓ માટે સજ્જ કરી વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક અભિગમ, તાર્કિક વિચારસરણી અને સર્જનાત્મકતાના વિકાસ માટે માર્ગદર્શન પૂરું પાડવાનો હતો. કાર્યક્રમ દરમિયાન દેસાઈ રૂચિબેન રશ્મિકાંત (પારડી કુમારશાળા પીએમ શ્રી ગુજરાત), ગોહિલ હિમંતકુમાર ગુલાબભાઈ (રોહિણા બ્રાહ્મણ ફળિયા શાળા), પટેલ ભાવિકકુમાર બળવંતભાઈ (કપરાડા પ્રાથમિક શાળા), પ્રજ્ઞેશ ડી. રાઠોડ (જિલ્લા વિજ્ઞાન અધિકારી, જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર, ધરમપુર) તથા પંકજકુમાર એમ. દેસાઈ (DIET, વલસાડ) દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

કાર્યક્રમ દરમિયાન જિલ્લા વિજ્ઞાન અધિકારી પ્રજ્ઞેશ ડી. રાઠોડ દ્વારા ધોરણ-૬ના નવા વિજ્ઞાન પાઠ્યપુસ્તકના પૃથ્વીની પાર (Beyond the Earth) પ્રકરણ અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ ઉપરાંત આકાશ દર્શન (Sky Observation) વિષય પર વિશેષ સત્ર યોજાયું હતું, સાથે જ વિદ્યાર્થીઓમાં ખગોળવિજ્ઞાન પ્રત્યે રસ વધે તે હેતુથી વિદ્યાર્થી વિજ્ઞાન મંથન (VVM) ભારતની સૌથી મોટી વિજ્ઞાન પ્રતિભા શોધ પરીક્ષા અંગે પણ માહિતી આપવામાં આવી હતી.

પ્રવૃત્તિઓ દરમિયાન શિક્ષકોને Indian Sky Map અને Stellarium જેવા ડિજિટલ એપ્લિકેશનોનો પરિચય કરાવવામાં આવ્યો હતો. તેમજ આકાશીય પિંડોના અભ્યાસ માટે તેમના અસરકારક ઉપયોગ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

કાર્યક્રમ દરમિયાન પ્રશ્નોત્તરી, સમૂહ ચર્ચા, પ્રસ્તુતિઓ તથા અનુભવ આધારિત શિક્ષણ પદ્ધતિઓ દ્વારા વિષયોને વધુ સરળ અને રસપ્રદ બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. તાલીમાર્થી શિક્ષકોએ ઉત્સાહપૂર્વક ચર્ચામાં ભાગ લઈને પોતાના અનુભવો રજૂ કર્યા હતા તેમજ વિવિધ પ્રશ્નોના સંતોષકારક નિરાકરણ મેળવ્યા હતાં.

સમગ્ર તાલીમનું સંચાલન જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન (DIET), વલસાડના સિનિયર લેક્ચરર ડૉ. પંકજભાઈ દેસાઈ દ્વારા કરવામાં આવ્યું હતું.

# આહવામાં 'રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન પરિષદ' યોજાશે

**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**

નેશનલ કાઉંસીલ ફોર સાયન્સ, ટેક્નોલોજી એન્ડ કોમ્યુનિકેશન (NCSTC), વિજ્ઞાન અને પ્રૌધ્યોગિકી વિભાગ, ભારત સરકાર દ્વારા ૧૦ થી ૧૭ વર્ષના બાળકોમાં વૈજ્ઞાનિક અભિગમ અને સંશોધન વ્રુતિ કેળવવા હેતુસર રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન પરિષદ (નેશનલ ચિલ્ડ્રેન્સ સાયન્સ કોન્ગ્રેસ- NCSC) કાર્યક્રમની જાહેરાત કરવામાં આવી છે. તેના ભાગરુપે વિજ્ઞાન અને પ્રૌધ્યોગિકી વિભાગ, ગુજરાત સરકાર, ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (ગુજકોસ્ટ), ગાંધીનગર પ્રેરીત અને પ્રયોશા પ્રતિષ્ઠાન સંચાલિત 'પ્રયોશા જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર ડાંગ-આહવાજ્ઞ દ્વારા રાષ્ટ્રીય બાલ વિજ્ઞાન પરિષદ ૨૦૨૬નું આયોજન તથા સંચાલન કરવામાં આવી રહ્યું છે. આ કાર્યક્રમની મુખ્ય થીમ 'ટકાઉ વિકાસ માટે વિજ્ઞાન અને નવાચાર' રાખવામાં આવેલ છે.

બાળકો વધુને વધુ ભાગ લે તેવા હેતુથી બાળકોને વિજ્ઞાન વિશેની વિશેષ માહિતી એકઠી કરી પોતાની આસપાસમાં ઉદભવતી સમસ્યાઓનું જ્ઞાન મેળવે અને રૂઢીગત જ્ઞાનતંત્ર સુધારવા તથા જ્ઞાનમાં વધારો કરવા આ પરીષદનું આયોજન નેશનલ કાઉંસીલ ફોર સાયન્સ, ટેક્નોલોજી એન્ડ કોમ્યુનિકેશન (NCSTC), વિજ્ઞાન અને પ્રૌધ્યોગિકી વિભાગ, ભારત સરકાર દ્વારા કરવામાં આવે છે. પ્રકલ્પ સંશોધન માટે બાળકો શિક્ષકો તથા વાલીઓનું માર્ગદર્શન લઇ શકશે. જિલ્લા કક્ષાએ પ્રકલ્પોની રજુઆત સપ્ટેમ્બર અથવા ઓક્ટોબર માસમાં આયોજીત કરવામાં આવશે. આ પરીષદ ત્રણ તબક્કા જિલ્લા, રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાએ યોજવામાં આવશે. આ પરીષદનું મહત્વ સમજી આપના બાળકો, વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરી સારા ભવિષ્ય તરફ લઈ જશે તેવા હેતુથી સરકારે મુકવામાં આવેલ છે અને હાલ તેનું રજીસ્ટ્રેશન શરૂ કરવામાં આવેલ છે. જે શિક્ષકો પોતાના શાળાનું નામ અને સંપર્ક નંબરથી નોંધણી કરાવી શકશે. આ પરીષદમાં ડાંગ જિલ્લાના વધુને વધુ વિદ્યાર્થીઓ જોડાય અને ડાંગ જિલ્લાનું નામ રોશન કરે તેવી અપેક્ષા પ્રયોશા જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્રના કોઓર્ડીનેટર રતિલાલ સુર્યવંશી દ્વારા જણાવેલ છે.

### 'ચાઈલ્ડ સાયન્ટિસ્ટ કોર્ષ' અને 'ક્રિએટિવ મેથ્સ કોર્ષ અંગે

# ધ્રોલ વિજ્ઞાન કેન્દ્રમાં 'પરિચય કાર્યશાળા' યોજાશે

**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**

આજના આધુનિક યુગમાં બાળકોમાં ગણિત અને વિજ્ઞાન પ્રત્યેની રુચિ વધે અને તેઓ ગોખણપટ્ટીના બદલે પ્રેક્ટિકલ જ્ઞાન મેળવે તેવા ઉમદા હેતુથી ગુજકોસ્ટ - ગાંધીનગર પ્રેરિત અને શ્રી એમ.ડી. મહેતા એજ્યુકેશન ટ્રસ્ટ-ધ્રોલ સંચાલિત શ્રી એમ.ડી. મહેતા જિલ્લા વિજ્ઞાનકેન્દ્ર-ધ્રોલઁ દ્વારા સમગ્ર ગુજરાતમાં એક અનોખી પહેલ કરવામાં આવી છે. સંસ્થા દ્વારા બાળકોને બાળવિજ્ઞાની બનાવતો એક વિશેષ ચાઈલ્ડ સાયન્ટિસ્ટ કોર્ષ અને આર્યભટ્ટ મેથ્સ ક્લબ - ક્રિએટિવ મેથ્સ માસ્ટર કોર્ષ શરૂ થવા જઈ રહ્યો છે, જેના પ્રવેશ કાર્યનો શુભારંભ થઈ ચૂક્યો છે. સમગ્ર ગુજરાતમાં માત્ર લોકવિજ્ઞાન કેન્દ્ર-ધ્રોલ દ્વારા જ આ પ્રકારનો 'ચાઈલ્ડ સાયન્ટિસ્ટ કોર્ષ' ચલાવવામાં આવે છે. આ બંને કોર્ષને બાળકોમાં ગણિત અને વિજ્ઞાન વિષય પ્રત્યેની રસ રુચિ વધે અને ડર દૂર થાય તેવા ઉમદા હેતુથી ધોરણ ૫ થી ૧૦ના વિદ્યાર્થીઓ માટે ડિઝાઈન કરવામાં આવ્યા છે. સૌપ્રથમ 'ચાઈલ્ડ સાયન્ટિસ્ટ કોર્ષ'ની વાત કરીએ તો આ કોર્ષમાં બાળકો માટે STEM (સાયન્સ, ટેક્નોલોજી, એન્જિનિયરિંગ, મેથ્સ) થીમ આધારિત વર્ષ દરમિયાન કુલ ૨૬ જેટલા રોમાંચક વર્કશોપનું આયોજન કરવામાં આવશે. જેમાં બાળકો જાતે જ પ્રયોગો કરીને પરિણામ મેળવતા શીખશે. આ કોર્ષમાં બાળકો કેમેસ્ટ્રી ધમાકા અને વિજ્ઞાનનાં રમકડાં, ડ્રોન-રોબોટિક્સ અને બેઝિક ઈલેક્ટ્રોનિક્સ, પાવરફૂલ ટેલિસ્કોપ વડે આકાશ દર્શન અને એસ્ટ્રોનોમી, અભ્યાસક્રમ (પાઠ્યપુસ્તક) આધારિત પ્રયોગો વગેરે જેવા વિષયો પર પ્રવૃતિઓ કરશે.

ત્યારબાદ આર્યભટ્ટ મેથ્સ ક્લબ 'ક્રિએટિવ મેથ્સ માસ્ટર કોર્ષ - ૨૦ પગલાં સફળતાના'માં સમગ્ર વર્ષ દરમિયાન બાળકો માટે ૧૦ જેટલા ગાણિતિક વર્કશોપનું આયોજન કરવામાં આવશે. આ વર્કશોપમાં ગણિતના ૨૦ અલગ-અલગ વિષયોને આવરી લેવામાં આવ્યા છે. જેમાં ગણિત પ્રયોગો, ગણિત રમતો, ગણિત વર્કિંગ મોડેલ્સ, વૈદિક ગણિત હેક્સ વગેરે જેવા ગાણિતિક વિષયોનો સમાવેશ થાય છે. આ બંને કોર્ષ બાળકોના અભ્યાસમાં પણ ખૂબ જ મદદરૂપ થશે અને શાળાનો અભ્યાસ બગડે નહિ તે માટે મહિનાના બે રવિવાર આયોજન થયેલ છે. જે બાળક સમગ્ર વર્ષ દરમિયાન ૮૦ ટકા હાજરી આપશે એવા 'ચાઈલ્ડ સાયન્ટિસ્ટ કોર્ષ'ના બાળકોને 'વિજ્ઞાનરત્ન એવોર્ડ' અને 'મેથ્સ ક્રિએટિવ કોર્ષ'માં સામેલ વિદ્યાર્થીઓને 'ક્રિએટિવ મેથ્સ માસ્ટર એવોર્ડ' થી સન્માનિત કરવામાં આવશે. આ બંને કોર્ષનો સંપૂર્ણ પરિચય આપવા માટે તારીખ૧૨-૦૭-૨૦૨૬ના રોજ સવારે ૦૯:૦૦ થી ૧૧:૦૦ દરમિયાન એમ. ડી. મહેતા જિલ્લા વિજ્ઞાનકેન્દ્ર, દરબારગઢ, ધ્રોલ (જિ. જામનગર) ખાતે નિ:શુલ્ક પરિચય કાર્યશાળાનું આયોજન થયેલ છે. તો રસ ધરાવનાર ગણિત-વિજ્ઞાનરસિકો વિજ્ઞાનકેન્દ્રના પ્રોગ્રામ ઓફિસર ડો. સંજય પંડ્યા (૯૯૭૯૨૪૧૧૦૦) પર સંપર્ક કરી શકે છે અથવા સીધા જ રવિવારે પરિચય કાર્યશાળામાં સામેલ થઈ શકે છે.

# હિમાલય ઊંચો થવાનું નવું કારણ શું ?

**સાયન્સ કોર્નર**
**- વિકાસ ઉપાધ્યાય**

વિશ્વની સૌથી મોટી પર્વતમાળા એટલે હિમાલયની પર્વતમાળા. આપણે તો એને દેવાત્મા હિમાલય કહીએ છીએ. એ મહાદેવનું અને સિદ્ધ પુરુષોનું સ્થાન પણ ગણાય છે. અફઘાનિસ્તાનથી મ્યાનમાર સુધી લગભગ ૨૫૦૦ કિ.મી.નો લંબાઈમાં અને ૧૨૦૦૦ સ્કવેર કી.મી.ના વિસ્તારમાં ફેલાયેલી આ પર્વતમાળામાં વિશ્વના સૌથી ઉત્તુંગ ગણાય એવા ૧૦૦થી વધુ શિખરો અને ૧૫૦૦૦થી વધુ હિમનદીઓ આવેલી છે. આ દેવભૂમિ ધાર્મિક કે આધ્યાત્મિક રીતે જ નહીં વિજ્ઞાન અને ભૂસ્તર વિજ્ઞાનની દૃષ્ટીએ પણ ઘણી વિશેષ છે. પર્વતારોહકો, ટ્રેકરો અને સહેલાણીઓ એમ સૌ કોઈ માટે એનું આકર્ષણ રહ્યું છે. કાકાસાહેબ કાલેલકરથી લઈને સ્વામી વિવેકાનંદ, પૂ. ભાણદેવજી, પૂ. સ્વામી સચ્ચિદાનંદજી કે ભોળાભાઈ પટેલ જેવાએ આ વિસ્તારમાં વિહરણ કરી એના રસપ્રદ વિવરણો આપ્યાં છે. પરંતુ જેમ કાશ્મીરને પૃથ્વી પરનું સ્વર્ગ ગણાવાય છે એવો આ સુંદર વિસ્તાર ઉપરથી આકર્ષક જણાય પરંતુ એની ભીતરમાં એટલે કે પેટાળમાં ચાલતી ગતિવિધિઓ અને ભૂસ્તરીય ફેરફારો કે ઉથલપાથલો બહારથી જણાતી નથી. આપણે પૃથ્વી સિવાય બ્રહ્માંડમાં અવનવી શોધો કરીએ છીએ. પણ ખૂદ આપણી પૃથ્વી અને એના પેટાળ વિશે હજુ ઘણું જાણતા નથી. એવું જ આ હિમાલયન વિસ્તાર વિશે છે. આપણે એમ માનતા આવ્યા છીએ કે દર વર્ષે હિમાલયનો ભૂભાગ દર વષે ઊંચો થતો જાય છે. અને એના માટે આપણે પૃથ્વીની ઈન્ડિયન ટેકટોનિક પ્લેટ અને યુરેશિયન ટેકટોનિક પ્લેટ વચ્ચે લગભગ ૬૦ મીલીયન વર્ષ પૂર્વે થયેલી અથડામણની આજસુધી ચાલી આવતી અસરને જવાબદાર ગણીએ છીએ. આ અથડામણને કારણે હિમાલયની પર્વતમાળા અને તિબેટનો ઉચ્ચ પ્રદેશ સર્જાયો હતો. આ ટેકટોનિક પ્લેટસ એટલે પૃથ્વીની સપાટી (ક્રસ્ટ)ના એવા ટુકડાંઓ છે જે લાવા (મેગ્મા) પર તરતા રહે છે. આવા ૭ મુખ્ય અને બીજી ૧૩ જેટલી ટેકટોનિક પ્લેટસની જિગ્ઝો પઝલ મળીને પૃથ્વીની સપાટીએ આકાર લીધો હતો. આજે પણ ઈન્ડિયન ટેકટોનિક પ્લેટ દર વર્ષે પાંચ સે.મી.ના દરે ઉત્તર તરફ ખસી રહી છે. ભૂસ્તરવિજ્ઞાનની દૃષ્ટીએ આવા વિસ્તારોમાં કે જેને ફોલ્ટલાઈન તરીકે ઓળખાવાય છે એવા વિસ્તારોમાં ધરતીકંપ જેવી ઘટનાઓ થતી રહે છે. હિમાલયન ક્ષેત્રમાં પણ ધરતીકંપો નોંધાતા રહે છે. અને વર્ષે નાનામોટા ૫૦૦ થી ૬૦૦ ધરતીકંપો અને ૨૦૦ થી વધુ કંપનો કે ટ્રેમર નોંધાતા રહે છે. ભારતના સિસ્મિક ઝોનના નકશા પર આ આખો વિસ્તાર ધરતીકંપના ઉચ્ચ જોખમો ધરાવતા ઝોન-૬ માં મુકવામાં આવે છે. ભૂસ્તરશાસ્ત્રીઓ પૃથ્વીના પેટાળમાં ટેકટોનિક પ્લેટસની હિલચાલ ધરતીકંપો માટે જવાબદાર હોવાનું સામાન્ય રીતે માને છે. પરંતુ સ્ટેન્ડફોર્ડ યુનિવર્સિટીના ભૂ-ભૌતિક વિજ્ઞાની સાયમન કલેમ્પરર અને એમની ટીમે અમેરિકન જીયોફિઝીકલ યુનિયનની કોન્ફરન્સમાં એક સંશોધન રજુ કર્યુ. જેણે આ માન્યતાને પડકાર આપ્યો. એવું જોવામાં આવ્યું હતું કે હિમાલયના તિબેટની આસપાસના વિસ્તારોમાં ધરતીકંપોની સંખ્યા ઘણી વધારે માત્રામાં નોંધાઈ રહી હતી. જયારે હિમાલયન ટેકટોનિક પ્લેટ અને યુરેશિયન ટેકટોનિક પ્લેટ જયાં મળે છે એ આખી પૂર્વથી પશ્ચિમ સુધી પથરાયેલી સરહદ પર પશ્ચિમમાં અફઘાનિસ્તાન, પાકિસ્તાન કે પૂર્વમાં મ્યાનમાર તરફ એટલા ધરતીકંપો કે એવી પ્રવૃત્તિ જોવા મળતી નથી. તેથી અમેરિકા અને ચીનના ભૂસ્તરશાસ્ત્રીઓએ ખાસ કરીને તિબેટના દક્ષિણ વિસ્તારના ૯૪ સહિત ૪૬૨ જેટલાં સિસ્મિક સ્ટેશનો પરથી ૪૦૦૦ થી વધુ હાઈ રીઝોલ્યુશન સિસ્મિક ઈમેજીંગ મેળવ્યા. અને સિસ્મિક વેવ્સની ગતિવિધિઓનો અભ્યાસ કર્યો. એમાં એમને જણાયું કે તિબેટની નીચે અને પૂર્વિય હિમાલયના પેટાળમાં ઈન્ડિયન પ્લેટની નીચે બે જુદા જુદા સ્તરો સર્જાયા છે.

એટલું જ નહીં એમણે તિબેટના ૨૦૦થી વધુ કુદરતી ઝરણાંઓના પાણીનો પણ અભ્યાસ કર્યો. ખાસ કરીને એમાં હિલિયમનું વિશ્લેષણ કર્યુ ત્યારે તેમને એમાં હિલિયમ-૩ જોવા



મળ્યો. જે સામાન્યરીતે પાણીમાં નહીં પણ પૃથ્વીના મેન્ટલ તરીકે ઓળખાવાતા મધ્યસ્તરમાં જ હોય છે. એટલે હિલિયમ-૩ ગેસ કોઈ રીતે પૃથ્વીની સપાટી સુધી પહોચ્યો છે એ સુરાગ મળ્યો. જે ભુસ્તરશાસ્ત્રીઓને એ દર્શાવવા માટે પુરતો હતો કે પેટાળમાં ઈન્ડિયન ટેકટોનિક પ્લેટમાં તિરાડો પડી છે અને એમાંથી આ હિલિયમ-૩ રિસાવ પામીને બહાર આવી રહ્યો છે.


ભુસ્તરશાસ્ત્રીઓએ એ જોયું છે કે ઈન્ડિયન ટેકટોનિક પ્લેટના પુર્વ અને પશ્ચિમના ભાગો જુદી જુદી ગતિથી યુરેશિયન પ્લેટની નીચે સરકી રહ્યાં છે. એનાથી જે ખેંચાણ ઉત્પન થઈ રહ્યું છે એને કારણે ઈન્ડિયન ટેકટોનિક પ્લેટ વચ્ચેથી તૂટી કે ફાટી રહી છે. ભુસ્તરશાસ્ત્રીઓ એને એમની શાસ્ત્રીયભાષામાં 'સ્લેબ ટિયરીંગ' કહે છે.

એટલું જ નહીં આ સંશોધનોના સિસ્મિક ડેટા દર્શાવતા હતાં કે ઈન્ડિયન ટેકટોનિક પ્લેટના તિબેટના દક્ષિણ છેડાની નીચે એ તૂટી રહી છે અને એના પોપડાં પૃથ્વીના મેન્ટલમાં ડૂબી રહ્યા છે. જેને તેઓ ડીલેમિનેશન તરીકે ઓળખાવે છે. ભુસ્તરવિજ્ઞાનીઓ માટે આ જ બાબત ચિંતા અને નવેસરથી વિચારણાંનો મુદ્દો બની છે. આ સંશોધનના મુખ્ય સંશોધક કેમ્પરરે તો એવી પણ શકયતા અને ચેતવણી દર્શાવી છે કે આ રીતે ઈન્ડિયન ટેકટોનિક પ્લેટ તૂટવાથી કે ફાટવાથી અને યુરેશિયન પ્લેટમાં ધસી રહી હોવાથી પૃથ્વીની ઉપલી સપાટીમાં નવુ દબાણ સર્જાઈ શકે છે અને એ કોઈ મોટા ભૂકંપનું કારણ પણ બની શકે છે. ઈન્ડિયન ટેકટોનિક પ્લેટસમાં આવી તીરાડોને કારણે ભુકંપના નવા ક્ષેત્રો પણ રચાઈ શકે છે એટલે કે જયાં ભુકંપો ન આવતા હોય ત્યાં આવવા માંડે અને આવતાં જ હોય ત્યાં એની સંખ્યા વધી જાય એવુ બની શકે એટલે કે સિસ્મિક ઝોન દર્શાવતા નકશાન ફરીથી માંડવા પડે એવું બને. એવુ માનવામાં આવે છે કે ટેકટોનિક પ્લેટસ લાવા પર જાણે કોંક્રીટનો સ્લેબ હોય તેમ ખુબ ધીમે ધીમે એટલે કે વર્ષે માંડ સેન્ટીમીટર જેવી ગતિએ સરકે છે. એ રીતે સરકીને કે જોડાઈને ખંડો બન્યા છે. પણ પ્લેટ વચ્ચેથી ફાટતી હોય અને એવું ભુસ્તરશાસ્ત્રીઓને અહીં પહેલીવાર જોવા મળ્યું છે. અને આવી ભુસ્તરીય ઘટનાથી પૃથ્વી પર ભુકંપોથી લઈને ભુસ્તર પર એની કેવી અસરો પડી શકે, હિમાલય જેવા પર્વત કે પર્વતશૃંખલાઓ કેવી રીતે રચાય છે એના પર નવો પ્રકાશ પડી શકે કે મહાદ્વીપો અને ખંડો કેવી રીતે બને કે સરકે છે

એ પણ નવેસરથી સમજી શકાશે એમ મનાય છે. એટલે કે આ સંશોધને પૃથ્વીના પેટાળમાં છૂપાયેલા રહસ્યોની એક નવી ચાવી ભુસ્તરશાસ્ત્રીઓના હાથમાં આપી હોય એવું કહેવાય. આ સંશોધનનું એક નવું જ અર્થઘટન તો ભુસ્તરશાસ્ત્રીઓ એવું કરી રહ્યાં છે કે અત્યારસુધી આપણે એમ માનતા હતાં કે ટેકટોનિક પ્લેટસ જે દર વર્ષે પાંચ સે.મી.ના દરે આગળ વધી રહી છે એને કારણે હિમાલય દર વર્ષે પાંચ મીમી. જેટલો ઉંચો થતો જાય છે પણ હવે આ સંશોધન એવું દર્શાવે છે કે પેટાળમાં આ પ્લેટનો ભાગ સરકી નથી રહ્યો પણ ફાટી રહ્યો છે એ હિમાલયના ઊંચા થવાનું કારણ ગણાય, આ બાબત એન્ડીઝ અને રોકીની પર્વતમાળામાં પણ આવુ થઈ શકે કે કેમ? એ સમજાવી શકે. એવું પણ બની શકે કે લાંબાગાળે એક નવી જ ટેકટોનિક પ્લેટ પણ આકાર પામે. જે કયાં તો હિમાલયને વધુ ઊંચો કરી નાંખે અથવા તો જયાં જળ ત્યાં સ્થળની જેમ એની ઊંચાઈ ઘટાડી પણ નાંખે. એવું પણ બની શકે કે તિબેટ તરફનો ભૂભાગ અને ભારત તરફનો ભૂભાગ બન્ને સાવ અલગ જ થઈ જાય. અને આખી ભૂગોળ જ બદલાઈ જાય. આ સંશોધને એક એવી શકયતા પણ દર્શાવી છે કે પ્લેટમાં તિરાડ પવાથી પેટારમાનો લાવા ઉપર આવી શકે એનાથી જવાળામુખીના નવા વિસ્તારો સર્જાઈ શકે કે તાપમાનમાં ફેરફાર થવાથી ગ્લેશિયરો પીગળે અને ગંગા કે બ્રહ્મપુત્રા જેવી મહાનદીઓમાં પૂરના જોખમો વધી જાય, હિમાલયન ક્ષેત્રના જૈવવૈવિધ્યને અને માનવજીવનને પણ એ બધાની અસરો પહોંચે જ. ટેકટોનિક પ્લેટમાં ભંગાણ જેવી ઘટના પૃથ્વીના ઈતિહાસમાં બનતી રહી છે અને બને પણ છે અને આજે પણ બને છે. આફ્રિકાખંડ પણ તૂટી રહ્યો છે. કેન્યા અને ઈથોપિયામાં ફેલાયેલી તુરકાના રિફ્ટની નીચેની જમીન કે ક્રસ્ટ પણ ગમે ત્યારે તુટી શકે છે. અહીં આફ્રિકી ટેકટોનિક પ્લેટ અને સોમાલી ટેકટોનિક પ્લેટ દર વર્ષે ૪.૭ મી.મી.ના દરે એક બીજાથી દૂર જઈ રહી છે. ભૂસ્તરશાસ્ત્રીઓનો મત છે કે આ પ્લેટો દૂર જવાથી અહીં દૂર ભવિષ્યકાળમાં લાખો વર્ષ પછી મોટો મહાસાગર સર્જાશે અને હિંદ મહાસાગરનું પાણી એ જગ્યા ભરી દેશે.આપણે જાણીએ છીએ કે આપણા સૂર્યમંડળમાં બુધ, શુક્ર, પૃથ્વી અને મંગળ એ ભૌમિકગ્રહો અર્થાત ભૂમિ જેવા ગ્રહો ગણાય છે.

ત્યાં પણ પૃથ્વી જેવી ટેકટોનિક પ્લેટસની ગતિવિધિ હોઈ શકે ખરી ? હતી ખરી ? અહીં એ જાણવું રસપ્રદ છે કે મંગળના ગ્રહ પર એવા સંકેતો જરુર મળે છે. જયારે પૃથ્વી સિવાય આ પ્રવૃત્તિ જોવા મળી હોય એવું ગુરુના ઉપગ્રહ યુરોપા અને શનિના ટાઈટન પર જોવા મળ્યું છે.

# વિશ્વનું સૌથી નાનું પક્ષી : હમિંગબર્ડ



### કદ માત્ર ૫ સેન્ટિમીટર છ અને વજન માત્ર ૨ ગ્રામ સુધી! : વિશ્વનું એક માત્ર પાછળ ઉડતું પક્ષી છે જે એક સેકન્ડમાં ૨૦૦ વખત પાંખો ફફડાવે છે









તેનું કદ માત્ર ૫ સેન્ટિમીટર છ અને વજન માત્ર ૨ ગ્રામ સુધી! : વિશ્વનું એક માત્ર પાછળ ઉડતું પક્ષી છે જે એક સેકન્ડમાં ૨૦૦ વખત પાંખો ફફડાવે છે વિશ્વમાં હમિંગબર્ડની લગભગ ૩૫૦ પ્રજાતિઓ છે. આમ તો પક્ષીઓની હજારો જાતો છે. દરેક પક્ષીઓમાં અનેક વિવિધતા જોવા મળે છે. આજે આપણે વિશ્વના સૌથી નાના કદના પક્ષીની વાત કરવી છે. તમને જાણીને નવાઈ લાગશે કે આ પક્ષીનું કદ માત્ર ૫ સેન્ટિમીટર છે. અને વજન માત્ર ૨ ગ્રામ સુધી હોય છે. તે મધમાખી કરતાં થોડું જ મોટું હોય છે અને તેનું કદ ગોલ્ફ બોલથી પણ નાનું હોય છે. આ પક્ષીની બીજી વિશેષતા એ છે કે વિશ્વનું આ એક માત્ર પાછળ ઉડતું પક્ષી છે. જે એક સેકન્ડમાં ૨૦૦ વખત પાંખો ફફડાવે છે. છે ને નવાઈની વાત. હા એ પક્ષીનું નામ છે હમિંગબર્ડ. વિશ્વનું સૌથી નાના આ પક્ષી હમિંગબર્ડ ને બી હમિંગબડે તરીકે પણ ઓળખવામાં આવે છે. સામાન્ય રીતે હમિંગ બર્ડનું વજન ૪ થી ૮ ગ્રામ હોઈ શકે છે. કેટલાક હમિંગ બર્ડ્સનું કદ ૨૩ સેન્ટિમીટર અને વજન ૨૦ ગ્રામ સુધીનું પણ હોય છે.નિષ્ણાતોના મતે તેનું વિચિત્ર નામ તેની પાંખો દ્વારા થતા અવાજ પરથી પડ્યું છે. તેનું નામ હમિંગ બર્ડ અંગ્રેજી શબ્દ ̎ હમિંગ ̎ અવાજ પરથી આવ્યું છે.

તે દેખાવે સુંદર પક્ષી છે.તેનો રંગ નર પક્ષીના માથા અને ગળાનો ભાગ આકર્ષક લાલ-ગુલાબી હોય છે, જ્યારે પીઠ વાદળી-લીલાશ પડતી હોય છે. તે દિવસ દરમિયાન હજારો ફૂલોની મુલાકાત લઈને અમૃત ફૂલોનો રસ પીવે છે.માદા હમિંગબર્ડ ગોલ્ફ બોલથી પણ નાનો માળો બનાવે છે તે સામાન્ય રીતે ૭ વર્ષ સુધી જીવી શકે છે.

**હમિંગ બર્ડ કેવી રીતે ઊડે છે?**

તેની વધુ એક વિશેષતા એ છે કે હમિંગ બર્ડના ઉડતી વખતે તેના હૃદયના ધબકારા પ્રતિ મિનિટ ૧૨૬૦ ધબકારા સુધી પહોંચી જાય છે. આ ઝડપ હમીંગબર્ડને અન્ય પક્ષીઓથી અલગ પાડે છે.આ કારણે તે હવામાં હવાઈઝેનું જેવું હોવરિંગ કરી શકે છે. નિષ્ણાતોના મતે, જ્યારે હમિંગબર્ડ ડાઈવ કરે છે, ત્યારે તે એક સેકન્ડમાં ૨૦૦ વખત તેની પાંખો ફફડાવી શકે છે. આટલી ઝડપથી પાંખો ફફડાવવા માટે હૃદયને પણ ઝડપથી શરીરમાં લોહી પહોંચાડવું પડે છે. આ માટે તેણે ઝડપથી ઉડવું પણ પડે છે. આવી સ્થિતિમાં, હમિંગબર્ડનું હૃદય એક મિનિટમાં ૧૨૦૦ થી ૧૨૬૦ વખત ધબકે છે.બહુ ઓછા લોકો જાણતા હશે કે આ પક્ષી ૮૦ ધબકારા પ્રતિ સેકન્ડની ઝડપ હાંસલ કરવાની અદભૂત ક્ષમતા ધરાવે છે. હમિંગબર્ડ તેની અનોખી પાંખોની રચના અને ફફડાટની ઝડપથી ઉડે છે. હમિંગબર્ડના ખબા બોલ-એન્ડ-સોકેટ જોઈન્ટથી બનેલા હોય છે, જે ૧૮૦ ડિગ્રી સુધી ફરી શકે છે. પૃથ્વી પરનું આ એકમાત્ર પક્ષી છે જે માત્ર આગળ જ નહીં પરંતુ પાછળની તરફ પણ રિવર્સ ગિયરમાં ઉડી શકે છે. તે આગળ, પાછળ, ઉપર-નીચે અને ઊંધું પણ ઉડી શકે છે, જે અન્ય કોઈ પક્ષી કરી શકતું નથી.

**હમિંગબર્ડ ક્યાં મળે છે અને કેટલી પ્રજાતિઓ છે?**

આ પક્ષી મુખ્યત્વે ક્યુબામાં જોવા મળે છે. વિશ્વમાં હમિંગબર્ડની લગભગ ૩૭૫ પ્રજાતિઓ છે. હમિંગબર્ડ મુખ્યત્વે અમેરિકા મહાદેશમાં મળે છે. હમિંગબર્ડ અલાસ્કાથી ટાયરા ડેલ ફુએગો (દક્ષિણ અમેરિકા) સુધીના વિસ્તારોમાં જોવા મળે છે, પરંતુ મોટાભાગની પ્રજાતિઓ મધ્ય અને દક્ષિણ અમેરિકામાં છે. કોલંબિયામાં ૧૬૫, ઇક્વેડોરમાં ૧૩૨ અને પેરુમાં ૧૨૪ પ્રજાતિઓ છે. ઉત્તર અમેરિકામાં માત્ર ૧૫-૧૮ પ્રજાતિઓ નજીકના વિસ્તારોમાં જોવા મળે છે. આ પક્ષીઓ ટ્રોપિકલ જંગલો, પર્વતીય વિસ્તારો અને કેરેબિયન ટાપુઓમાં વસે છે. કુલ ૧૧૩ જીનસમાં વહેંચાયેલી આ પ્રજાતિઓમાંથી કેટલીક ખતરનાક છે.

**હમિંગબર્ડ ખોરાક કેવી રીતે મેળવે છે?**

હમિંગબર્ડ મુખ્યત્વે ફૂલોમાંથી નેક્ટર (મધરસ) ચૂસીને તેનો મુખ્ય ખોરાક મેળવે છે. તે નાના જંતુઓ અને પરાગને પણ ખાય છે જે તેની ઉર્જા જરૂરિયાત પૂરી કરે છે. લાંબી, પાતળી ચીંચ અને જીભ વડે તે ફૂલોની ડીંઠલીમાં ઊંડા સુધી પહોંચી નેક્ટર ચૂસે છે. તેની જીભ પ્રતિ સેકન્ડે ૧૫ વાર અંદર-બહાર થઈ શકે છે, જે તેને ઝડપથી ખોરાક મેળવવામાં મદદ કરે છે. દિવસમાં તે પોતાના શરીર વજનના બે ગણા સુધી ખોરાક લે છે, દર ૧૦-૧૫ મિનિટે ખાતું રહે છે. નેક્ટર ઉપરાંત, તે માખીઓ, માકડા અને નાના જીવાત્મકોને હવામાં ફસાઈને કે ફૂલો પરથી પકડે છે. આ તેની પ્રોટીન જરૂરિયાત પૂરી કરે છે, ખાસ કરીને પ્રજનન કાળમાં.

**હમિંગબર્ડ કેટલી વખત અને કેટલું ખાય છે?**

હમિંગબર્ડ તેની ઝડપી ચયાપચયને કારણે ખૂબ વારંવાર અને વધુ પ્રમાણમાં ખાય છે. દિવસમાં તે પોતાના શરીર વજનના બમણા જેટલો ખોરાક લે છે. તે દર ૧૦-૧૫ મિનિટે ખાવા માટે ફૂલો પર પહોંચે છે, એટલે કે દિવસમાં ૧૦૦-૧૫૦ વખતથી વધુ. આ તેની ઉર્જા જરૂરિયાત પૂરી કરે છે, કારણ કે તે ૬,૬૦૦થી ૧૨,૦૦૦ કેલરી પ્રતિદિન લે છે. રાત્રે ઉપવાસને ટાળવા માટે તે ટોર્પોર સ્થિતિમાં જાય છે, જ્યાં તેનું શરીર તાપમાન અને હૃદયના ધબકારા ઘટે છે. સવારે તે પહેલા મોટું ભોજન કરે છે.

**હમિંગબર્ડ રાત્રે કેવી રીતે ઊર્જા બચાવે છે?**

હમિંગબર્ડ રાત્રે ટોર્પોર નામની હાઈબરનેશન જેવી સ્થિતિમાં જઈને ઊર્જા બચાવે છે. આ દરમિયાન તેનું શરીર તાપમાન, હૃદયના ધબકારા અને શ્વાસ ૯૫ ટકા સુધી ઘટી જાય છે. રાત્રે ખોરાક ન મળવાથી તે ૪-૫ કલાકમાં ભૂખે મરી જઈ શકે, તેથી ટોર્પોરમાં મેટાબોલિઝમ ધીમું થઈને ઊર્જા બચાવે છે. તે વૃક્ષની ડાળી પર ઊલટી લટકીને સૂઈ જાય છે, જ્યાં તેના પગો આપોઆપ ચેમ્બર જેવા બંધ થઈ જાય છે. સૂર્યોદયે ઠંડક ઘટતાં તે ૨૦-૬૦ મિનિટમાં જાગે છે અને પહેલા મોટું ભોજન કરે છે. ઠંડી રાત્રે જાગવામાં વધુ સમય લાગે છે.

DGT
આપનું અખબાર : આપનો અવાજ

# ઉમરગામ તાલુકા વિશેષ

VAPI PAGE - 5

Friday 10, July 2026

● ઉમરગામ ● સંજાણ ● ભીલાડ ● સરીગામ

પ્રેસનોટ, જાહેરખબર, અવસાન નોંધ વગેરે આપવા માટે સંપર્ક કરો : દુકાન નં. ૨, કોમલ કોમ્પલેક્ષ, એમ.કે. મહેતા હાઈ.ની સામે, ઉમરગામ, ૯૭૨૪૦૭૦૫૭૧/૯૮૯૮૮૩૯૨૬૯

મુખ્ય કાર્યાલય સંપર્ક : મો. ૯૮૨૫૧ ૨૨૫૦૫ / ઈ-મેઈલ : edior.dgt@gmail.com - damangangatimes@yahoo.co.in

## સરીગામમાં મહાકાય વૃક્ષ ધરાશાયી થતાં ત્રણ ઘરોને મોટું નુકસાન



### સરપંચ સહદેવભાઈ વઘાત અને પંચાયત ટીમે સ્થળ મુલાકાત લઈ પતરા, થાંભલા અને અનાજ કીટનું વિતરણ કર્યું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૦૯ :** સરીગામ ગ્રામ પંચાયત વિસ્તારમાં સતત ભારે વરસાદને કારણે મહાકાય વૃક્ષ ધરાશાયી થતાં ત્રણ ઘરોને ભારે નુકસાન થયું છે. ઘટનાની જાણ થતાં જ સરપંચ સહદેવભાઈ વઘાત, અગ્રણીઓ રાકેશ રાય, વિનોદ ઠાકુર અને નિરજ રાય પંચાયતની ટીમ સાથે સ્થળ પર દોડી ગયા હતા અને તાત્કાલિક બચાવ તથા રાહત કામગીરી હાથ ધરી હતી. ઘટનામાં રાત્રિના સમયે ઘરમાં ઊંઘી રહેલા વૃદ્ધ લક્ષ્મણભાઈ દુબળાને પગમાં ઈજા પહોંચી હતી, જ્યારે ઘરના નાના બાળકો સહિત અન્ય આઠ સભ્યોનો આબાદ બચાવ થયો હતો.ગ્રામ પંચાયત દ્વારા અસરગ્રસ્ત પરિવારોને પતરા, થાંભલા અને અનાજની કીટનું વિતરણ કરી માનવતા અને સેવા ભાવનાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડવામાં આવ્યું. ઉપરાંત, થયેલા નુકસાનનો અહેવાલ તૈયાર કરી સહાય માટે તાલુકા પંચાયત ઉમરગામ ખાતે મોકલવામાં આવ્યો હોવાનું ગ્રામ પંચાયત દ્વારા જણાવાયું હતું.

### ટ્રેનો અટકી ગઈ... પરંતુ માનવતા દોડી આવી!

## ઘોલવડમાં ફસાયેલા મુસાફરો માટે સ્થાનિકો દેવદૂત બન્યા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૦૯ :** ભારે વરસાદથી કલાકો સુધી ટ્રેનો ઉભી રહી, બોર્ડી-ઘોલવડ-પ્લોટપાડાના લોકોએ ચા, પાણી, નાસ્તો, ભોજન અને ખીચડી પીરસી માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

મુશળધાર વરસાદના કારણે પશ્ચિમ રેલવેની અનેક એક્સપ્રેસ ટ્રેનો સોમવારે કલાકો સુધી ઘોલવડ રેલવે સ્ટેશન પર ઉભી રહેતા સેંકડો મુસાફરો મુશ્કેલીમાં મુકાયા હતા. આ દરમિયાન બોર્ડી, ઘોલવડ અને પ્લોટપાડાના સ્થાનિક લોકો મદદ માટે આગળ આવ્યા હતા. તેમણે સવારે લઈને રાત્રિ સુધી મુસાફરોને ચા, પીવાનું પાણી, બિસ્કિટ, પોહા, ભોજન અને ખીચડીનું નિઃશુલ્ક વિતરણ કર્યું હતું.

ઘોલવડ સ્થિત ટ્રીટ બીચ રિસોર્ટે પણ આ સેવાકાર્યમાં સહયોગ આપ્યો હતો. રાત્રે રેલવે તંત્ર દ્વારા વૈકલ્પિક ટ્રેન મારફતે મુસાફરોને દહાણુ મોકલવામાં આવ્યા હતાં, ત્યારે પણ સ્થાનિક લોકોએ મુસાફરોનો સામાન ટ્રેનમાં ચઢાવવામાં મદદ કરી હતી. સંકટની આ ઘડીએ સ્થાનિકોની નિઃસ્વાર્થ સેવા અને માનવતાભર્યા કાર્યની ચોમેર પ્રશંસા થઈ રહી છે.

## રોટરી ક્લબ ઓફ સરીગામનો ૩૨મો પદગ્રહણ વિધિ સમારોહ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૦૯ :** રોટરી ક્લબ ઓફ સરીગામનો ૩૨મો પદગ્રહણ વિધિ સમારોહ તા.૦૮/૦૭/૨૦૨૬ને બુધવારે લાયન્સ ઉપાસના હોલ વાપી ખાતે યોજાયો હતો. પદગ્રહણ સમારોહના પુરોહિત (Installation Officer) તરીકે રોટરી ડિસ્ટ્રીકટ ૩૦૬૦ના ડિસ્ટ્રીકટ ગવર્નર રો. નીલેશ શાહ પધાર્યા હતા.તથા મુખ્ય મહેમાન તરીકે ડો.નીલમ આહીરવાર (સર્જીકલ ઓનકોલોજીસ્ટ) પધાર્યા હતાં.

સમારોહની શરૂઆતમા વિદાય લઈ રહેલા પ્રમુખ ડો.જાન્હવી આરેકરે આવકાર પ્રવચન કર્યું હતું.ગયા વર્ષના સેક્રેટરી રો.મૌલીક મોદીએ રોટરી ક્લબ ઓફ સરીગામનો વર્ષ ૨૦૨૫/૨૬નો કામગીરીનો અહેવાલ રજુ કર્યો હતો. પદગ્રહણ સમારોહના પુરોહીત (Installation Officer) રો.નીલેશ શાહે રોટરી ક્લબ ઓફ સરીગામનામાં પ્રમુખ તરીકે રો.રેશમા રાવ, સેક્રેટરી તરીકે રો.જૈવીક પટેલ તથા સમગ્ર ટીમને હોદ્દાની શપથવિધિ કરાવી હતી. ડિસ્ટ્રીકટ ગવર્નર રો. નીલેશ શાહે રોટરી ક્લબ ઓફ સરીગામની કામગીરીની પ્રશંસા કરી અને કહ્યું હતું કે રોટરી ક્લબોએ નાનામા નાના જરૂરીયાતમંદ લોકોને લાભ થાય એવા કાર્યો કરીને પબ્લિકમા રોટરીની ઈમેજ ઉભી કરવી જોઈએ. તેઓએ આવતા વર્ષની Team Believers ની શું કામગીરી છે. તેની માહિતી આપી હતી.અને નવા વરાયેલા પ્રમુખ રો.રેશમાં રાવ અને તેમની સમગ્ર ટીમને અભિનંદન આપ્યા હતાં. મુખ્ય મહેમાન ડો.નીલમ આહીરવારે રોટરીની કામગીરીની પ્રશંસા કરી કેન્સર રોગ વિશે માહિતી આપી હતી. કેન્સર અવેરનેસ કાર્યક્રમો માટે રોટરીને મદદરૂપ થવા માટે ખાત્રી આપી હતી. નવા વરાયેલા પ્રમુખ રો.રેશમા રાવે રોટરી ક્લબ ઓફ સરીગામની આવતા વર્ષની કામગીરી શું રહેશે તેની માહિતી આપી હતી. આજના આ કાર્યક્રમમાં પીડીજી રો. ડો. સુરેન્દ્રસીહ પરમાર, પીડીજી રુચીર જાની, પીડીજી અનીશ શાહ, ડીજીઈ વિપુલ પટેલ, ચાટૅર પ્રમુખ રો.શૈલેષભાઈ દેસાઈ, ડિસ્ટ્રીકટ ૩૦૬૦ના ડિસ્ટ્રીકટ ઑફીસર્સ, આજુબાજુની ક્લબના પ્રમુખો, સેક્રેટરી, એસ.આઈ.એ.ના સભ્યો, રોટરી ક્લબ સરીગામના સભ્યો હાજર રહ્યા હતાં. આજના આ પદગ્રહણ કાર્યકમ દરમિયાન સંજાણ હોમના બાળકોએ સુંદર કૃતિ રજુ કરી હતી. સમારોહના અંતમાં આભારવિધિ સેક્રેટરી રો.જૈવીક પટેલે કરી હતી સમગ્ર કાર્યક્રમનું સંચાલન રો.રાજેશ પાંચાલે કર્યું હતું.

### શ્રીખંડ મહાદેવની કઠિન કૈલાશયાત્રા પૂર્ણ કરનાર

## ઉમરગામના હાર્દિક પ્રેસવાલાનું સન્માન



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૦૯ :** હિમાચલ પ્રદેશમાં સ્થિત પવિત્ર શ્રીખંડ મહાદેવ કૈલાશ યાત્રા સફળતાપૂર્વક પૂર્ણ કરીને ઉમરગામના હાર્દિકભાઈ પ્રેસવાલાએ શ્રદ્ધા, સાહસ અને અડગ મનોબળનું પ્રેરણાદાયી ઉદાહરણ પૂરું પાડ્યું છે.

ભારતની સૌથી કઠિન અને પડકારજનક ધાર્મિક યાત્રાઓમાં સ્થાન ધરાવતી શ્રીખંડ મહાદેવ યાત્રા ઊંચા પર્વતીય માર્ગો, દુર્ગમ ચઢાણો અને પ્રતિકૂળ હવામાન વચ્ચે પૂર્ણ કરવી એ આધ્યાત્મિક શ્રદ્ધા અને અદમ્ય સંકલ્પનું પ્રતીક માનવામાં આવે છે. આવી કપરી પરિસ્થિતિઓ વચ્ચે હાર્દિકભાઈ નિરંજન પ્રેસવાલા તથા તેઓના બાર જેટલા સાથી મિત્રો એ યાત્રા પૂર્ણ કરીને સમાજ માટે પ્રેરણારૂપ સંદેશ આપ્યો છે. જોકે શિખર ઉપર બારમાંથી છ વ્યક્તિઓ પહોંચ્યા હતા.હાર્દિકભાઈની આ નોંધપાત્ર સિદ્ધિને લઈને ભારતીય જનતા પાર્ટી, વલસાડ જિલ્લા પરિવાર દ્વારા તેમને હાર્દિક અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે. ભાજપ પરિવાર દ્વારા પ્રાર્થના કરવામાં આવી છે કે ભગવાન ભોલેનાથના આશીર્વાદથી તેમના જીવનમાં સુખ, સમૃદ્ધિ, ઉત્તમ સ્વાસ્થ્ય અને સતત પ્રગતિનો આશીર્વાદ વરસતો રહે. શ્રીખંડ મહાદેવની આ પવિત્ર યાત્રા માત્ર ધાર્મિક આસ્થા જ નહીં, પરંતુ મનોબળ, ધૈર્ય અને સંકલ્પશક્તિની પણ અનોખી પરીક્ષા ગણાય છે, જેમાં હાર્દિકભાઈ પ્રેસવાલાની સફળતા અનેક યુવાનો અને ભક્તો માટે પ્રેરણાસ્ત્રોત બની છે.

## ધારાસભ્ય રમણલાલ પાટકરે અસરગ્રસ્ત ગામોની મુલાકાત લીધી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૦૯ :** નેશનલ હાઈવે પૂર્વના કરમબેલા, વલવાડા, બોરીગામ, કચીગામ, બોરલાઈ અને અચ્છારી ગામોની મુલાકાત લઈ સ્થિતિનો તાગ મેળવ્યો; કરમબેલામાં અસરગ્રસ્ત પરિવારોને રાશન કીટનું વિતરણ, અધિકારીઓને તાત્કાલિક જરૂરી સૂચનાઓ અપાઈ. ઉમરગામ તાલુકાના ધારાસભ્ય રમણલાલ પાટકરે ભારે વરસાદના કારણે નેશનલ હાઈવેની પૂર્વ દિશામાં આવેલા અસરગ્રસ્ત ગામો કરમબેલા, વલવાડા, બોરીગામ, કચીગામ, બોરલાઈ અને અચ્છારીની મુલાકાત લઈ સ્થિતિનો તાગ મેળવ્યો હતો. તેમણે સ્થાનિકોની સમસ્યાઓ સાંભળી સંબંધિત વિભાગના અધિકારીઓને તાત્કાલિક જરૂરી કાર્યવાહી કરવા સૂચનાઓ આપી હતી. ત્યારબાદ કરમબેલા ગામમાં વરસાદથી અસરગ્રસ્ત પરિવારોને રાશન કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે માજી જિલ્લા પંચાયત બાંધકામ સમિતિના અધ્યક્ષ મુકેશભાઈ પટેલ, તાલુકા સંગઠન ઉપપ્રમુખ ચિરાગ પટેલ, બોરલાઈના પંકજભાઈ, ફણસા સરપંચ નિમીષભાઈ, સંગઠન મંત્રી અજીતભાઈ તેમજ વિવિધ ગામોના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

## ઉમરગામ ન.પા.ના કારોબારી અધ્યક્ષ તરીકે ગૌરવ કોન્ટ્રાક્ટરે ચાર્જ સંભાળ્યો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૦૯ :** ઉમરગામ નગરપાલિકાની તાજેતરમાં યોજાયેલી સામાન્ય સભામાં વિવિધ સમિતિઓની રચના કરી અધ્યક્ષોને જવાબદારીઓ સોંપવામાં આવી હતી. તે અંતર્ગત કારોબારી સમિતિના અધ્યક્ષ તરીકે નિમાયેલા ગૌરવભાઈ કોન્ટ્રાક્ટરે શહેર ભાજપ પ્રમુખ મયંકભાઈ પ્રેસવાલા અને કોર્પોરેટર મીત વાઘેલાની ઉપસ્થિતિમાં વિધિવત રીતે કાર્યભાર સંભાળ્યો હતો.

ગૌરવભાઈ કોન્ટ્રાક્ટર અગાઉ પણ ઉમરગામ નગરપાલિકાના કારોબારી તરીકે જવાબદારી નિભાવી ચૂક્યા છે. તેઓ છેલ્લા ૨૦ વર્ષથી સતત કોર્પોરેટર તરીકે ચૂંટાઈ આવતા રહ્યા છે અને સ્થાનિક સ્વરાજ્યની કામગીરીનો લાંબો અનુભવ ધરાવે છે.

કાર્યભાર સંભાળ્યા બાદ ગૌરવભાઈ કોન્ટ્રાક્ટરે જણાવ્યું હતું કે ઉમરગામ નગરપાલિકાને આર્થિક રીતે વધુ સ્વનિર્ભર અને સશક્ત બનાવવા માટે વિવિધ પાસાઓ પર મનોમંથન શરૂ કરવામાં આવ્યું છે. નગરપાલિકાની આવકમાં વધારો થાય અને વિકાસ કાર્યોને વધુ ગતિ મળે તે માટે આગામી કારોબારી સમિતિની બેઠકમાં સભ્યો તેમજ સંબંધિત અધિકારીઓ સાથે વિસ્તૃત ચર્ચા કરવામાં આવશે અને જરૂરી નિર્ણયો લેવામાં આવશે.

તેમણે ઉમેર્યું કે નગરપાલિકાના સર્વાંગી વિકાસ અને નાગરિકોને વધુ સારી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાના હેતુથી આયોજનબદ્ધ રીતે કામગીરી હાથ ધરવામાં આવશે.

## ભૂલને ભૂલ તરીકે સ્વીકારવી નહીં તે, સૌથી મોટી ભૂલ છે : યશોવર્મસુરીજી મહારાજા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૦૯ :** ધંધામાં થઈ રહેલા નુકસાનને જે નુકસાન તરીકે નહીં સ્વીકારે એક દી એ પાર્ટીના પાટિયાનું બજારમાં નામોનિશાન નહીં રહે. રોગને રોગ તરીકે નહીં સ્વીકારે તેનો રોગ એક દિવસ ભોગ લેશે જ. ખોટું છે એનો અસ્વીકાર ખોટનો ધંધો સાબિત થશે. ભૂલ છે એનો સ્વીકાર ન કરવો તે સૌથી મોટી ભૂલ છે. રાવણે જો ભૂલ સ્વીકારી લીધી હોત તો રમખાણ કે મોતનું તાંડવ નૃત્ય ન થાત. જીવનમાં ડગલે ને પગલે નાના મોટા કારણો બનતા રહે છે. થોડું જો ભૂલ થઈ બોલતા આવડી જશે, ઘણું બધું બગડતું અટકી જશે. એટલું જ નહીં, ઘણું બધું સુધરી જશે. સરસ થઈ જશે. જૈન મર્ચન્ટનું પ્રવચન સૌને રડાવી ગયું. શીલજમાં ગચ્છાધિપતિ ગુરુદેવ જૈનાચાર્ય શ્રી યશોવર્મસુરીશ્વરજી મહારાજા આચાર્ય ભાગ્યશવિજયસુરીજી મહારાજા આચાર્ય ભાગ્યયશસૂરીજી મહારાજા આચાર્ય અરવિંદસાગરસૂરીજી મહારાજા આચાર્ય વીતરાગયશસૂરીજી મહારાજા આચાર્ય અરવિંદ સાગરસૂરીજી મહારાજ આચાર્ય અમર પદ્મ સાગરસૂરીજી મહારાજા ની નિશ્રામાં વિરાટ તીર્થધામના બીજ ની વાવણી સમા અહીં નિર્માણ થનારા શ્રી ચિંતામણી પાર્શ્વનાથદાદા ના વિરાટ શિખરબંધી જિનાલય નો ભારે હર્ષોલાસ સાથે જનમેદનીના જયજયકાર વચ્ચે ભૂમિપૂજન ખનન મુહૂર્ત થયું ત્યારે સૌ નાચી ઊઠ્યા હતા. પાલડીમાં પ્રાચીમૃગેશ ગૃહાંગણે પગલાને પૂજ્ય ધુરંધરવિજયજી મહારાજ પંડિત શીલચંદ્રવિજયજી મહારાજની સાથે અમદાવાદની સૌપ્રથમ પાંડુલીપી પાઠશાળા સન્માન સમારોહ પૂજ્ય ગુરુ દેવ શ્રીની ગચ્છાધિપતિપદવી પછી પ્રથમ પદાર્પણ નિમિત્તે યોજાયો હતો. પ્રભુ ઋષભની આપેલી લીપી કળા ને તમે શીખી પ્રભુ ઋષભની સેવા કરી એમની કળાને આગળ વધારવામાં સહભાગી બનો છો એમ ગચ્છાધિપતિએ બિરદાવી હતી. સેટેલાઈટ પ્રેરણા તીર્થમાં પૂજ્ય આચાર્ય નરરત્નસૂરીજી મહારાજનું મિલન થયું હતું.

## ઉમરગામ રોડ સ્ટેશન પર અટવાયેલા મુસાફરોને નાસ્તાનું વિતરણ કરાયું

### સચિન-ભેસ્તાન વચ્ચે પાણી ભરાવાથી ટ્રેનો ૮થી ૧૦ કલાક મોડી પડતાં સયાજી અને અરવલ્લી એક્સપ્રેસના મુસાફરોને રોટરી ક્લબ અને ઈન્ડસ્ટ્રીયલ એસો. દ્વારા નાસ્તો અપાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૦૯ :** દક્ષિણ ગુજરાતમાં સતત ભારે વરસાદને કારણે સચિન અને ભેસ્તાન રેલવે સ્ટેશનો વચ્ચે પાટા પર પાણી ભરાઈ જતાં પશ્ચિમ રેલવેનો ટ્રેન વ્યવહાર પ્રભાવિત થયો હતો. તેના પરિણામે અનેક ટ્રેનો ૮થી ૧૦ કલાક સુધી મોડી દોડી રહી હતી.

આ દરમિયાન ઉમરગામ રોડ રેલવે સ્ટેશન પર અટવાયેલા સયાજી એક્સપ્રેસ અને અરવલ્લી એક્સ-સના મુસાફરોને રાહત મળે તે હેતુથી રોટરી ક્લબ ઓફ ઉમરગામ અને ઉમરગામ ઈન્ડસ્ટ્રીયલ એસોસિયેશન દ્વારા નાસ્તાનું વિતરણ કરવામાં આવ્યું હતું. લાંબા સમયથી સ્ટેશન પર રાહ જોઈ રહેલા મુસાફરોને સમયસર નાસ્તો મળતાં તેમણે રાહત અનુભવી હતી. ભારે વરસાદની વિકટ પરિસ્થિતિ વચ્ચે બંને સંસ્થાઓએ સેવાભાવ અને માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું.





## ફણસાથી શેરડી સીધી એસટી બસ સેવા શરૂ કરવાની માંગને વેગ

### સાંસદ ધવલભાઈ પટેલએ વિભાગીય નિયામકને પત્ર લખ્યો : હર્ષદભાઈ શાહની રજૂઆતને ટેકો મળ્યો : હજારો સાઈભક્તોમાં આશા જાગી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૦૯ :** ઉમરગામ તાલુકાના ફણસા ગામથી મહારાષ્ટ્રના પ્રસિદ્ધ શેરડી સ્થિત સાઈબાબા મંદિર સુધી સીધી એસટી બસ સેવા શરૂ કરવાની માંગને હવે વધુ વેગ મળ્યો છે. વલસાડ-ડાંગ લોકસભા ક્ષેત્રના સાંસદ ધવલભાઈ પટેલએ સ્થાનિક આગેવાન હર્ષદભાઈ શાહની રજૂઆતને ધ્યાનમાં લઈ વલસાડ એસટી વિભાગીય નિયામકને લેખિત પત્ર પાઠવી તાત્કાલિક યોગ્ય કાર્યવાહી કરવાની માંગ કરી છે.

રજૂઆતમાં જણાવાયું છે કે ફણસા, કરજગામ, કનાડુ, કાલઈ, પાલી કરંબેલી, પાલી સહિત ઉમરગામ તાલુકાના અનેક ગામોમાં મોટી સંખ્યામાં સાઈભક્તો વસે છે. આ ઉપરાંત આ વિસ્તારોમાં સાઈબાબાના મંદિરો પણ આવેલા હોવાથી ભક્તો નિયમિત રીતે શેરડી દર્શનાર્થે જતા રહે છે.

હાલમાં ફણસા અને આસપાસના ગામોના મુસાફરોને શેરડી પહોંચવા માટે બે કે ત્રણ એસટી બસ બદલવી પડે છે. જેના કારણે સમય અને ખર્ચ બંનેમાં વધારો થાય છે તેમજ ખાસ કરીને વરિષ્ઠ નાગરિકો, મહિલાઓ અને પરિવાર સાથે મુસાફરી કરતા ભક્તોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે.

આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખી હર્ષદભાઈ શાહે ફણસાથી શેરડી સુધી સીધી એસટી બસ સેવા શરૂ કરવાની માંગ સાથે રજૂઆત કરી હતી. આ રજૂઆતને ગંભીરતાથી લઈ સાંસદ ધવલભાઈ પટેલે એસટી વિભાગ સમક્ષ લેખિતમાં માંગણી કરતાં આ સેવા વહેલી તકે શરૂ કરવા અનુરોધ કર્યો છે.

સ્થાનિક ગ્રામજનો અને સાઈભક્તોમાં આશા વ્યક્ત કરવામાં આવી રહી છે કે એસટી વિભાગ આ રજૂઆતને હકારાત્મક રીતે સ્વીકારી ફણસાથી શેરડી સુધી સીધી બસ સેવા શરૂ કરશે. જો આ માંગ સ્વીકારાશે તો હજારો મુસાફરોને સરળ, સુરક્ષિત અને સુવિધાજનક મુસાફરીનો લાભ મળશે તેમજ સમગ્ર વિસ્તારમાં આનંદની લાગણી પ્રસરી જશે.

## ઉમરગામ રોટરી ક્લબના નવા હોદ્દેદારોનો શપથવિધિ સમારોહ યોજાયો




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૦૯ :** ડીજીની વિશેષ ઉપસ્થિતિમાં નવા પ્રમુખ, સચિવ તેમજ રોટરેક્ટ અને ઈન્ટરેક્ટ ક્લબના હોદ્દેદારોએ સંભાળ્યો કાર્યભાર ઉમરગામ ખાતે રોટરી ક્લબના નવા હોદ્દેદારોના શપથવિધિ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. સમારોહમાં જિલ્લા ગવર્નર (DG)ની વિશેષ ઉપસ્થિતિ રહી હતી.

મુખ્ય અતિથિ અને ઈન્સ્ટોલિંગ ઓફિસર તરીકે નિલેશ શાહ હાજર રહ્યા હતાં.

કાર્યક્રમ દરમિયાન રોટરી ક્લબના નવા પ્રમુખ તરીકે હેમંત ભાટી અને સચિવ તરીકે ચંપક સુતારએ કાર્યભાર સંભાળ્યો હતો.

રોટરેક્ટ ક્લબના પ્રમુખ તરીકે કુસુમ રાજભર અને સચિવ તરીકે પાર્થ શાહ જ્યારે ઈન્ટરેક્ટ ક્લબના પ્રમુખ તરીકે જિયા જાદવ અને સચિવ તરીકે નમન બાફનાએ પણ શપથ ગ્રહણ કર્યો હતો. સમારોહમાં રોટરી પરિવારના સભ્યો, આમંત્રિત મહાનુભાવો તથા મોટી સંખ્યામાં ઉપસ્થિત લોકોએ નવા હોદ્દેદારોને શુભેચ્છાઓ પાઠવી અને સફળ કાર્યકાળ માટે શુભકામનાઓ વ્યક્ત કરી હતી.

### શ્રી શિવશક્તિ સહયોગ સેવાશ્રમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા

## ઉમરગામની વિવિધ શાળાઓમાં શૈક્ષણિક કીટનું વિતરણ કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૦૯ :** શ્રી શિવશક્તિ સહયોગ સેવાશ્રમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા દર વર્ષની પરંપરા મુજબ ઉમરગામ તાલુકા તેમજ વાપી આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં અભ્યાસ કરતા આર્થિક રીતે નબળા અને પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપવા શૈક્ષણિક કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

શાળા પ્રવેશોત્સવ નિમિત્તે નવા પ્રવેશ મેળવનાર ભૂલકાઓને સંપૂર્ણ શૈક્ષણિક સહાયરૂપ બને તે હેતુથી ઉમરગામ, સોળસુંબા, સરઈ, માંડા, તુંબ, સહિતના ગામોની બી.આર.સી. સેન્ટ્રલ શાળાઓ તેમજ અન્ય શાળાઓને મળીને કુલ ૫૦ શાળાઓમાં ૧,૧૦૫ શૈક્ષણિક કિટોનું વિતરણ કરવામાં આવ્યું.

આ કિટોમાં વિદ્યાર્થીઓને અભ્યાસ માટે જરૂરી શૈક્ષણિક સામગ્રી આપવામાં આવી હતી. ટ્રસ્ટના આ સેવાકીય કાર્યને શાળાઓના સંચાલકો, શિક્ષકો તેમજ વાલીઓએ ખૂબ જ સરાહનીય ગણાવી ટ્રસ્ટનો આભાર વ્યક્ત કર્યો હતો. ટ્રસ્ટ દ્વારા દર વર્ષે આવા સેવાકીય કાર્યો થકી શિક્ષણને પ્રોત્સાહન આપવાની પરંપરા જાળવી રાખવામાં આવી રહી છે.

કાર્યક્રમમાં શ્રી શિવ શકિત સહયોગ સેવાશ્રમ ચેરીટેબલ ટ્રસ્ટના સભ્યો ઉપસ્થિત રહ્યા હતાં. તેઓના હસ્તે વિદ્યાર્થીઓને શિક્ષણ કીટ વિતરણ કરાઈ હતી.

# અન્ય સમાચારો

Friday 10, July 2026
દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES

દમણગંગા ટાઇમ્સ
EDITORIAL: DAMANGANGA TIMES
Friday 10, July 2026

## નિકાસ વધારાનું લક્ષ્ય

ઈરાન અને અમેરિકાના જંગે દુનિયાભરના દેશોનાં બજેટ ખોરવી નાખ્યાં છે. આવામાં દરેક દેશની સામે નિકાસમાં ઘટાડાની સમસ્યા ઊભી થઈ છે. જો કે, મજબૂત અર્થતંત્ર ધરાવતાં ભારતે નિકાસને વધારવા અને ઊંચા લક્ષ્યાંકોને હાંસલ કરવા નક્કર પગલાં લેવાં શરૂ કર્યાં છે. ભારત હાલે સંખ્યાબંધ વિકસિત અને વિકસતા દેશોની સાથે મુક્ત વેપાર કરાર કરીને નિકાસને વધારવા ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે. તાજેતરમાં ઉદ્યોગ અને વાણિજ્ય મંત્રી પીયૂષ ગોયલે એક બેઠકમાં તમામ રાજ્યોના ઔદ્યોગિક સંગઠનોને માહિતી આપી હતી કે, સરકાર નિકાસને સરળ બનાવવા માટે વિકસિત દેશોની સાથે મુક્ત વેપાર કરાર (એફટીએ) માટે નકકર પગલાં લઈ રહી છે. ચાલુ નાણાકીય વર્ષ દરમ્યાન ભારતે એક લાખ કરોડ ડોલરની નિકાસનું લક્ષ્ય રાખ્યું છે. આ સમયગાળા દરમ્યાન ઉત્પાદનોની નિકાસનાં લક્ષ્યને ૫૩૦ અબજ ડોલર અને સેવા આધારિત નિકાસનાં લક્ષ્યને ૪૭૦ અબજ ડોલર નિર્ધાર્યું છે. ઉલ્લેખનીય છે કે, ગયા નાણાકીય વર્ષ દરમ્યાન ભારતની નિકાસ ૮૬૩ અબજ ડોલર રહી હતી. પ્રતિકૂળ વૈશ્વિક માહોલમાં પણ ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ ત્રિમાસિક સમયગાળા દરમ્યાન ઉત્પાદનોની નિકાસમાં ૧૫ ટકાનો અને સેવા આધારિત નિકાસમાં ૧૧ ટકાનો વધારો થયો છે. આનાથી ચાલુ વર્ષ દરમ્યાન નિકાસનાં વધારાયેલાં લક્ષ્યને હાંસલ કરવાની આશા જાગી રહી છે. આ માટે વિવિધ દેશોની સાથે એફટીએની સાથોસાથ સરકારે નિકાસ સંવર્ધન મિશન હેઠળ ટેક્સટાઈલના વિવિધ પેટા વિભાગોની ઉપર ધ્યાન કેન્દ્રિત કરવાની યોજના તૈયાર કરી છે. સાથોસાથ નિકાસને વધારવા ઉત્પાદનોમાં વિવિધતાને ઉત્તેજન આપવા ઉપરાંત વધારાના વેરાના અંતરાયો દૂર કરવા અને કાચા માલના પુરવઠા સંદર્ભની મુશ્કેલીઓ દૂર કરવા સરકાર પગલાં લેવાં શરૂ કર્યાં છે. ઓસ્ટ્રેલિયા, બ્રિટન, યુરોપિયન યુનિયન, ન્યૂઝીલેન્ડ, ઓમાન, સાઉદી અરેબિયા જેવા દેશોની સાથે એફટીએની સાથે દેશની અંદર તાજેતરમાં અમલમાં મુકાયેલી ચાર નવી શ્રમ સંહિતા નિકાસને વધારવામાં મદદરૂપ થઈ શકે તેમ છે. વળી સેવા ક્ષેત્રમાં ભારતની પારંગતતા નિકાસને વધારી રહી છે. ડિજિટલી વેપારમાં વધારો થયો છે. ૨૦૦૪માં સેવા ક્ષેત્રમાં નિકાસના મામલે ભારતનો વૈશ્વિક હિસ્સો માત્ર ૧.૯ ટકા હતો, જે ગયા વર્ષે વધીને ૪.૯ ટકા થયો છે. આજે દુનિયાભરમાં વિકસિત અને વિકસતા દેશોનો ભારત સાથેનો વેપાર સતત વધી રહ્યો છે. આવામાં ભારતની નિકાસલક્ષી વ્યૂહરચના ખરા અર્થમાં સફળ થાય તેમ છે.




## ગુજરાતમાં યુરોકિડ્સ તમામ ૧૦ શહેરોમાં વિસ્તરણ કરવા આતુર

**વાપી, તા.૦૯ :** બે દાયકાથી વધારે સમયથી યુરોકિડ્સ બાળમંદિરના શિક્ષણના ક્ષેત્રમાં સૌથી મોખરે છે. રાજ્યમાં શિક્ષણની આ બદલાતી પૃષ્ઠભૂમિમાં ભારતની પ્રસિદ્ધ પ્રીસ્કૂલ એક્સ્પર્ટ યુરોકિડ્સે વાપી, વલસાડ, નવસારી, ભરુચ, ગાંધીધામ, સુરેન્દ્રનગર, મોરબી, મહેસાણા, ભૂજ અને જામનગરમાં બાળમંદિરનું સારું શિક્ષણ આપવાની સુવિધાઓ વધારવાની યોજના આજે જાહેર કરી હતી. યુરોકિડ્સનું લક્ષ્યાંક આગામી ૧૦ મહિનાઓમાં ૨૦થી વધારે નવી પ્રી-સ્કૂલ શરૂ કરવાનું છે, જેથી ગુજરાતના બાળકો અને પરિવારો સુધી ઉચ્ચ ગુણવત્તાયુક્ત શિક્ષણ સરળતાપૂર્વક પહોંચી શકે.

યુરોકિડ્સે બાળમંદિરમાં બાળકોનું પ્રારંભિક શિક્ષણ કેટલી હદે મહત્વપૂર્ણ છે. એ વિશે જાગૃતિ લાવવા માટે સહી શરૂઆત નામનું અભિયાન શરૂ કર્યું છે.

ઓળખ કરેલા તમામ શહેરોમાં નવી પ્રીસ્કૂલ સ્થાપિત કરવા આવકારે છે. તેના ફ્રેન્ચાઈઝી નેટવર્કમાં શિક્ષકો, સ્કૂલ એડમિનિસ્ટ્રેર્સ અને શિક્ષણપ્રેમીઓ શામેલ છે, જે નાનાં બાળકોને શીખવાનો સાર્થક અનુભવ આપવા ઉત્સાહિત છે. ૫૫૦થી વધારે શહેરોમાં તમામ ૨,૦૦૦ પ્રીસ્કૂલમાં એક મિલિયન બાળકોને તૈયાર કર્યા પછી યુરોકિડ્સે બાળમંદિરના શિક્ષણમાં નવા માપદંડો સ્થાપિત કર્યા છે.

## ગુજરાતમાં ચાંદીપુરા વાયરસનો કહેર :૩ દર્દીઓના મોત



(સંપૂર્ણ સમાચાર સેવા)
હિંમતનગર, તા.૯ : ગુજરાતમાં ચાંદીપુરા વાયરસના વધતા જતા કેસોએ ચિંતાનું મોજું ફેલાવી દીધું છે. ખાસ કરીને સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં આ વાયરસને કારણે ૩ દર્દીઓના મોત નિપજતા તંત્ર દોડતું થયું છે.હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં ગત ૨૬ જૂનના રોજ ચાંદીપુરા વાયરસનો પ્રથમ કેસ નોંધાયો હતો. ત્યાર બાદ અત્યાર સુધી કુલ ૭ દર્દીઓએ અહીં સારવાર લીધી છે. હોસ્પિટલના આંકડા મુજબ કુલ ૭ પૈકી ૩ દર્દીઓના મોત થયા છે. હાલ ૨ દર્દીઓ સિવિલ હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે, જેમના રિપોર્ટ આવવાના બાકી છે. એક દર્દીએ રજા (ડિસ્ચાર્જ) લીધી છે અને એક દર્દી સ્વસ્થ થતા તેને રજા આપવામાં આવી છે. મૃત્યુ પામેલા ૩ દર્દીઓ અંગેની વિગતો એવી છે કે, એક દર્દીનો રિપોર્ટ પોઝિટિવ હતો, એક દર્દીનો રિપોર્ટ નેગેટિવ આવ્યો હતો, જ્યારે ત્રીજા દર્દીનો રિપોર્ટ હજુ પેન્ડિંગ હતો.ચાંદીપુરા વાયરસનો ભોગ બનેલા દર્દીઓમાં હવે અન્ય રાજ્યોના બાળકોનો પણ સમાવેશ થાય છે. તાજેતરમાં રાજસ્થાનથી સારવાર માટે હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં આવેલા ૬ વર્ષના એક બાળકનું મોત નીપજ્યું છે. આ બાળક ચાર દિવસ અગાઉ જ સારવાર માટે અહીં દાખલ થયું હતું. બાળકના મોત બાદ આરોગ્ય વિભાગ સતર્ક થઈ ગયું છે અને તાત્કાલિક અસરથી તપાસ અને દેખરેખની કામગીરી તેજ કરી દીધી છે.હિંમતનગર સિવિલમાં હાલ ૫ શંકાસ્પદ કેસ નોંધાયા છે. જે પૈકી એક બાળકના મોતની પુષ્ટિ થઈ છે, જ્યારે બે દર્દીઓના રિપોર્ટ નેગેટિવ આવ્યા છે.

### મોદી અને અલ્બેનીઝ વચ્ચે મોટા કરાર પર હસ્તાક્ષર

# ભારતને ઓસ્ટ્રેલિયા યુરેનિયમ સપ્લાય કરશે



(જી.એન.એસ) તા. ૯
મેલબોર્ન, ભારતના સ્વચ્છ ઉર્જા લક્ષ્યોને એક મોટું પ્રોત્સાહન આપતા, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે જાહેરાત કરી કે ઓસ્ટ્રેલિયા ભારતને યુરેનિયમ સપ્લાય કરશે, બંને દેશોએ પરમાણુ ઉર્જા ક્ષેત્રમાં એક મહત્વપૂર્ણ કરાર પર હસ્તાક્ષર કર્યા પછી. મેલબોર્નમાં ઓસ્ટ્રેલિયાના વડા પ્રધાન એન્થોની અલ્બેનીસ સાથેના તેમના સંબોધન દરમિયાન, પીએમ મોદીએ કહ્યું કે પરમાણુ ઉર્જા કરાર નવી દિલ્હીના સ્વચ્છ ઉર્જા લક્ષ્યોને નવી ગતિ આપશે."

પીએમ મોદીએ ભારત-ઓસ્ટ્રેલિયા વ્યૂહાત્મક સુરક્ષા સંબંધોની પ્રશંસા કરી

યુરેનિયમ અને મહત્વપૂર્ણ ખનિજોના પુરવઠા માટે બંને દેશોએ કરાર પર હસ્તાક્ષર કર્યા હોવાથી તેમણે ભારત-ઓસ્ટ્રેલિયા વ્યૂહાત્મક સુરક્ષા સંબંધોની પણ પ્રશંસા કરી. પીએમ મોદીએ કહ્યું કે આ કરારો ભારતની વ્યૂહાત્મક સુરક્ષા અને સ્વચ્છ ઉર્જા સંક્રમણ માટે મહત્વપૂર્ણ રહેશે.

પીએમ મોદીએ કહ્યું, "આજે, જેમ આપણે વિશ્વની રમતગમત રાજધાની મેલબોર્નમાં છીએ, રમતગમત વિશે વાત ન કરવી એ ક્રિકેટ મેચમાં ટોસ જીતવા જેવું હશે પણ ક્યારેય રમત શરૂ ન કરવા જેવું હશે. ભારત અને ઓસ્ટ્રેલિયાના સંબંધોમાં ક્રિકેટ એક રાજદ્વારી ભાષા છે. ઘણી રીતે, આપણી મીટિંગ્સ ક્રિકેટની રમત જેવી છેઃ આપણો


## 'ભારત ગ્રો મોર એચિવ મોરમાં માને છે, ઝડપથી વિકસતુ અર્થતંત્ર બન્યું છે':મોદી

એજન્ડા એક દિવસીય આંતરરાષ્ટ્રીય જેટલો જ કેન્દ્રિત છે, આપણા નિર્ણયો ૨૦ મેચ જેટલા ઝડપી છે, અને આપણી ભાગીદારી ટેસ્ટ મેચ જેટલી જ સ્થાયી અને ઊંડી છે. આગામી વર્ષોમાં, આપણા બંને દેશો ઓલિમ્પિક ગેમ્સ અને કોમનવેલ્થ ગેમ્સ જેવા મુખ્ય રમતગમત કાર્યક્રમોનું આયોજન કરશે. આનાથી આપણા રમતગમત સહયોગને મજબૂત બનાવશે જ નહીં પરંતુ રમતગમતના માળખામાં રોકાણ માટે અસંખ્ય તકો પણ ઊભી થશે." પરમાણુ ઉર્જા ક્ષેત્રમાં, આપણે આજે એક મહત્વપૂર્ણ કરાર પર હસ્તાક્ષર કર્યા છેઃ પીએમ મોદી પીએમ અલ્બેનીઝ સાથે સંયુક્ત પત્રકાર પરિષદને સંબોધતા, પીએમ મોદીએ કહ્યું, "પરમાણુ ઉર્જા ક્ષેત્રમાં, આપણે આજે એક મહત્વપૂર્ણ કરાર પર હસ્તાક્ષર કર્યા છે. આ ઓસ્ટ્રેલિયાથી ભારતમાં યુરેનિયમ સપ્લાય માટે માર્ગ મોકળો કરશે, અને આ સ્વચ્છ ઉર્જા માટેના આપણા લક્ષ્યને નવી મજબૂતી આપશે. મહત્વપૂર્ણ ખનિજોના ક્ષેત્રમાં આપણો સહયોગ આપણી વ્યૂહાત્મક સુરક્ષા અને સ્વચ્છ ઉર્જા સંક્રમણ માટે મહત્વપૂર્ણ છે. અમે એક મહત્વપૂર્ણ ખનિજ કોરિડોર પર પણ કામ કરીશું." ત્રણ દેશોની મુલાકાતના બીજા તબક્કા દરમિયાન દ્વિપક્ષીય વેપાર અને વ્યૂહાત્મક સંબંધોને મજબૂત બનાવવાના પ્રયાસોના ભાગ રૂપે, પીએમ મોદી આજે વહેલી સવારે તેમના ઓસ્ટ્રેલિયન સમકક્ષ એન્થોની અલ્બેનીઝ સાથે ભારત-ઓસ્ટ્રેલિયા સીઈઓ ફોરમ અને આર્થિક રોડમેપ બિઝનેસ રિસેપ્શનમાં જોડાયા હતા.

સભાને સંબોધતા, પીએમ મોદીએ કહ્યું, "તમારા બધાની હાજરી આપણા સહિયારા વિશ્વાસ અને સહિયારા આકાંક્ષાઓનું પ્રતીક છે. આજે, વિશ્વ અનિશ્ચિતતા, પુરવઠા શૃંખલામાં વિક્ષેપો અને ઉર્જા સંકટના સમયગાળામાંથી પસાર થઈ રહ્યું છે. આવા સમયે, ભારત અને ઓસ્ટ્રેલિયા માટે કુદરતી અને વિશ્વસનીય ભાગીદારો તરીકે આગળ વધવું સ્વાભાવિક અને જરૂરી બંને છે. છેલ્લા કેટલાક વર્ષોમાં, અમે બંને દેશોની ક્ષમતાઓને જોડીને ભવિષ્યના સહયોગ માટે એક મજબૂત માળખું બનાવ્યું છે."ઈન્ડોનેશિયાની મુલાકાત પૂર્ણ કર્યા પછી બુધવારે ઓસ્ટ્રેલિયા પહોંચેલા વડા પ્રધાનનું મેલબોર્નમાં ભારતીય ડાયસ્પોરા દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમમાં ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેના ઊંડા સાંસ્કૃતિક સંબંધોને ઉજાગર કરતા જીવંત સાંસ્કૃતિક પ્રદર્શનો રજૂ કરવામાં આવ્યા હતા. સાંસ્કૃતિક સાંજનું મુખ્ય આકર્ષણ ઓસ્ટ્રેલિયન-ભારતીય ઓર્કેસ્ટ્રા દ્વારા મા તુઝે સલામનું પ્રદર્શન હતું.

### ૪૦ હજાર કરોડ ખર્ચશે સરકાર

## ભારતમાં હવે દુબઈથી વીજળી આવશે




(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૯
ભારત અને સંયુક્ત આરબ અમીરાત (UAE) વચ્ચે ૧૬૦૦ કિલોમીટર લાંબી વીજળી કેબલ બિછાવવાના પ્રસ્તાવ પર વિચાર કરવામાં આવી રહ્યો છે. આમાં ૪૦,૦૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ આવવાનો છે. કેન્દ્રીય ઉર્જા મંત્રી મનોહર લાલ ખટ્ટરે ઈન્ડિયા એનર્જી સ્ટોરેજ વીક દરમિયાન આ માહિતી આપી હતી. આ મેગા પ્રોજેક્ટ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વન સન, વન વર્લ્ડ, વન ગ્રીડ (OSOWOG) ના વિઝનનો એક મહત્વપૂર્ણ ભાગ છે, જેનો હેતુ સરહદ પાર વીજળી કનેક્ટિવિટી વધારવાનો અને વિશ્વમાં ક્લીન એનર્જીના સોર્સિસ (સોલર એનર્જી, વિન્ડ એનર્જી) ને મજબૂત બનાવવાનો છે. આ પાવર કેબલ આશરે ૧૬૦૦ કિલોમીટર લાંબી હશે અને તેના દ્વારા ૨ ગીગાવાટ વીજળીની આપ-લે થશે. આ કેબલને અરબ સાગરથી પસાર કરીને ગુજરાત ભુજથી સીધી UAE ના તટ સાથે કનેક્ટ કરવામાં આવશે. આમાં સમુદ્રની નીચે ૩૦૦૦-૩૫૦૦ મીટરની ઊંડાઈમાં હાઈ-વોલ્ટેજ ડાયરેક્ટ કરંટ કેબલ્સ (HVDC) બિછાવવામાં આવશે. આ પ્રોજેક્ટની જવાબદારી સરકારી માલિકીની કંપની પાવર ગ્રીડ કોર્પોરેશન પર છે, જે આને લગભગ ૫-૬ વર્ષમાં પૂરો કરશે.

ઉર્જા મંત્રીનું કહેવું છે કે ભારત માત્ર UAE સાથે જ નહીં, પરંતુ આ ક્ષેત્રમાં અન્ય કેટલાક દેશો સાથે પણ આ વિઝન પર કામ કરી રહ્યું છે.

આમાં સૌથી પહેલું નામ સાઉદી અરેબિયાનું આવે છે, જેની સાથે ભારતે એક અંડરસી (દરિયાઈ) કેબલ પ્રોજેક્ટ માટે ૪૭,૦૦૦ કરોડની ડીલ કરી છે. આ સિવાય, ભારતનો પ્લાન આગામી સમયમાં શ્રીલંકા, સિંગાપોર અને યુરોપ સુધી પાવર ગ્રીડ નેટવર્કનો વિસ્તાર કરવાનો છે જેથી બાકીની અન્ય વસ્તુઓની જેમ આંતરરાષ્ટ્રીય સ્તરે વીજળીનો વેપાર પણ સરળતાથી થઈ શકે.

### ૩ દેશોમાં એલર્ટ જાહેર

## તબાહી મચાવશે બાવી વાવાઝોડું, ૨૦૦ કિ.મી.ની ઝડપે ફૂંકાશે પવન




(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૯
પ્રશાંત મહાસાગરમાંથી ઉદ્ભવેલું ફ્રાન્સ દેશના કદ જેટલું મહાવિનાશકારી વાવાઝોડું 'ટાયફૂન બાવી' તાઈવાન, ચીન અને જાપાન તરફ ઝડપથી આગળ વધી રહ્યું છે. ૨૦૦ કિલોમીટર પ્રતિ કલાકની પ્રચંડ ઝડપ ધરાવતા આ તોફાનને પગલે ત્રણેય દેશોમાં હાઈ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. તંત્ર દ્વારા આ વાવાઝોડાને છેલ્લા ઘણા વર્ષોનું સૌથી શક્તિશાળી તોફાન ગણાવીને સ્થાનિક નાગરિકોને જરૂરી ચીજવસ્તુઓનો સ્ટોક કરી લેવા અને કટોકટીની સ્થિતિ માટે તૈયાર રહેવા અપીલ કરવામાં આવી છે. હાલમાં આ ટાયફૂન તેના સૌથી પહોળા બિંદુએ આશરે ૧૦૦૦ કિલોમીટરના વિસ્તારમાં ફેલાયેલું છે, જે ફ્રાન્સ દેશની કુલ પહોળાઈ બરાબર છે. તાઈવાનના હવામાન વિભાગના અધિકારી જેસન ચાંગના જણાવ્યા અનુસાર, કદની દ્રષ્ટિએ આ વર્ષ ૧૯૮૭ પછી તાઈવાન સાથે ટકરાનારું સૌથી મોટું વાવાઝોડું છે. હવામાન કેન્દ્રના પૂર્વાનુમાન મુજબ, આ તોફાન શનિવાર સાંજ સુધીમાં ચીનના પૂર્વી ફુજિયાન પ્રાંતના દરિયાકાંઠે ત્રાટકશે. તાઈવાનના રાષ્ટ્રપ્રમુખ લાઈ ચિંગ-તે ફેસબુક પર વીડિયો શેર કરીને જનતાને ૩ દિવસ ચાલે તેવી 'ઈમરજન્સી ગ્રેબ બેગ' તૈયાર રાખવા જણાવ્યું છે. બીજી તરફ, જાપાનની હવામાન એજન્સીએ પણ ઓકિનાવા પ્રાંતમાં પૂર અને ભૂસ્ખલનની ચેતવણી આપીને હાઈ એલર્ટ જાહેર કર્યું છે. વૈજ્ઞાનિકોના મતે, આ વર્ષે 'અલ નીનો' ની અસરને કારણે સમુદ્રનું તાપમાન વધ્યું છે, જેથી આવા વિનાશકારી ટાયફૂન વધુ વારંવાર અને ઘાતક સ્વરૂપમાં આવી રહ્યા છે.

એક્યુવેધરના અહેવાલ મુજબ, જો ટાયફૂન બાવી આ જ ગતિ જાળવી રાખશે તો તે એશિયા-પેસિફિક ક્ષેત્રમાં વર્ષ ૨૦૨૪માં આવેલા 'સુપર ટાયફૂન કોંગ-રે' પછીનું સૌથી શક્તિશાળી તોફાન બની જશે.

### વહેલી સવારે ૪.૬ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો

## ભારે વરસાદ વચ્ચે મહારાષ્ટ્રમાં અડધી રાતે એકસાથે ચાર ભૂકંપના ઝટકા

(સંપૂર્ણ સમાચાર સેવા) મુંબઈ, તા.૯ : મહારાષ્ટ્રમાં ગુરુવાર (નવમી જુલાઈ)ની વહેલી સવાર આફત અને ભયના ઓથાર હેઠળ શરૂ થઈ હતી. એક તરફ જ્યાં મુંબઈ અને તેની આસપાસના વિસ્તારોમાં અનરાધાર વરસાદે આફત સર્જી છે, ત્યાં બીજી તરફ હિંગોલી જિલ્લા સહિત મરાઠવાડાના કેટલાક ભાગોમાં ભૂકંપના સતત આંચકા અનુભવાયા હતા. મધ્યરાત્રિએ આવેલા આ તેજ આંચકાઓને કારણે લોકોમાં ભારે ગભરાટ ફેલાઈ ગયો હતો અને નાગરિકો જીવ બચાવવા ઘરની બહાર દોડી આવ્યા હતા. હિંગોલી જિલ્લામાં વહેલી સવારે ભૂકંપના શ્રેણીબદ્ધ આંચકા નોંધાયા હતા, જેમાં સૌથી શક્તિશાળી આંચકો રાત્રે ૧:૩૭ વાગ્યે આવ્યો હતો. રિક્ટર સ્કેલ પર તેની તીવ્રતા ૪.૬ માપવામાં આવી હતી. આ ભૂકંપનું કેન્દ્રબિંદુ વસમત તાલુકાના પાંગરા શિંદે ગામ નજીક હોવાનું સામે આવ્યું છે. રાત્રે ૨:૧૫ વાગ્યે અને ૨:૧૭ વાગ્યે હળવા




આંચકા, રાત્રે ૨:૪૮ વાગ્યે અને ૨:૫૦ વાગ્યે ફરીથી ધરતી ધ્રૂજી હતી. સતત ૪ વખત આવેલા આંચકાના કારણે અનેક ગામોમાં ભયનો માહોલ સર્જાયો હતો. જોકે, રાહતની વાત એ છે કે આ કુદરતી આફતમાં હજુ સુધી કોઈ જાનહાનિ કે ગંભીર ઈજાના અહેવાલ નથી.

ભૂકંપની આ અસર માત્ર હિંગોલી પૂરતી મર્યાદિત નહોતી, લાતુર જિલ્લાના ઉદગીર અને પરભણી જિલ્લાના કેટલાક વિસ્તારોમાં પણ આંચકા અનુભવાયા હતા. કેટલાક ગ્રામ્ય વિસ્તારોમાં કાચા મકાનો અને ઘરની દીવાલોમાં નાની તિરાડો પડી હોવાની માહિતી મળી છે. જોકે, કોઈ મોટી ઈમારત ધરાશાયી થઈ નથી. હાલ જિલ્લા વહીવટીતંત્રની ટીમો અસરગ્રસ્ત વિસ્તારોમાં તપાસ કરી રહી છે.

## મમતા બેનર્જીને હાઈકોર્ટની રાહત




(સંપૂર્ણ સમાચાર સેવા)
કલકત્તા, તા.૯ : પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીની પાર્ટી તૃણમૂલ કોંગ્રેસ (TMC)ને હાઈકોર્ટ તરફથી મોટી રાહત મળી છે. તાજેતરમાં જ ટીએમસીના ફ્રીઝ કરાયેલા બૅંક ખાતાઓ મામલે સુનાવણી કરતા કલકત્તા હાઈકોર્ટે પાર્ટીને રોજિંદા ખર્ચ માટે પોતાના બૅંક એકાઉન્ટ ઓપરેટ કરવાની મંજૂરી આપી દીધી છે.

જોકે, કોર્ટે આ રાહત આપવાની સાથે એક મોટી શરત પણ મૂકી છે, જે મુજબ પાર્ટીએ કોર્ટ દ્વારા નિયુક્ત કરવામાં આવેલા ખાસ અધિકારીની કડક દેખરેખ હેઠળ જ પોતાના બૅંક ખાતાઓ ઓપરેટ કરવા પડશે.

આ મામલે સુનાવણી દરમિયાન અદાલતે પોલીસ દ્વારા ઉતાવળમાં કરવામાં આવેલી કડક કાર્યવાહી સામે પણ ગંભીર સવાલો ઉઠાવ્યા હતા. કોર્ટે સ્પષ્ટ કર્યું કે, બૅંક ખાતા ફ્રીઝ કરવાનો આદેશ આપવા માટે જે પુરાવા રજૂ કરવામાં આવ્યા હતા, તેનાથી કોર્ટ સંતુષ્ટ નથી અને પોલીસ પૂરતા પુરાવા શોધવામાં નિષ્ફળ રહી છે. આ સાથે જ કોર્ટે જણાવ્યું કે જ્યાં સુધી ચૂંટણી પંચ(ECI) આ વિવાદ પર કોઈ અંતિમ નિર્ણય ન લે, ત્યાં સુધી ટીએમસીનો બળવાખોર જૂથ આ વિશેષ અધિકારીનો સંપર્ક સાધી શકશે નહીં. તૃણમૂલ કોંગ્રેસ સાથે જોડાયેલા કથિત ફંડ મામલે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ(ED) દ્વારા મોટી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જેમાં આશરે રૂ.૪૪૦ કરોડની બેલેન્સ ધરાવતા બૅંક ખાતાઓની તપાસ શરૂ કરાઈ હતી. આ તપાસના ભાગરૂપે એક ખાનગી એવિએશન કંપનીની ઑફિસ સહિત અનેક સ્થળો પર દરોડા પણ પાડવામાં આવ્યા હતા.

## શારીરિક શોષણ મામલે ટ્રમ્પને અમેરિકન કોર્ટે ૫૦ લાખ ડૉલરનો દંડ ફટકાર્યો



(સંપૂર્ણ સમાચાર સેવા)
વોશિંગ્ટન, તા.૯: અમેરિકાની એક કોર્ટે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને જાતીય શોષણના એક જૂના કેસમાં મોટો ઝટકો આપ્યો છે. અદાલતે ટ્રમ્પને લેખિકા ઈ. જીન કેરોલની જાતીય સતામણી કરવા અને ખોટા નિવેદનો આપીને તેમને બદનામ કરવાના દોષિત ઠેરવ્યા છે, જેના બદલામાં ટ્રમ્પને પીડિત લેખિકાને ૫૦ લાખ ડૉલર ચૂકવવાનો આદેશ કરવામાં આવ્યો છે.૮૨ વર્ષના ઈ. જીન કેરોલ અમેરિકાના પૂર્વ પત્રકાર અને કૉલમિસ્ટ છે. તેમણે આરોપ લગાવ્યો હતો કે વર્ષ ૧૯૯૬માં ન્યૂયૉર્કના એક ડિપાર્ટમેન્ટલ સ્ટોરના ડ્રેસિંગ રૂમમાં ડોનાલ્ડ ટ્રમ્પે તેમની સાથે જાતીય સતામણી કરી હતી. જ્યારે વર્ષ ૨૦૧૯માં એક પુસ્તકમાં આ આરોપો સામે આવ્યા હતા, ત્યારે ટ્રમ્પે આ આરોપોને નકારી કાઢ્યા હતા. તેમણે લેખિકાને 'પાગલ' કહીને આખો મામલો મનઘડંત હોવાનો દાવો કર્યો હતો. લેખિકાના આ જ આરોપો ટ્રમ્પના પહેલા કાર્યકાળ દરમિયાન ભારે ચર્ચામાં રહ્યા હતા.વર્ષ ૨૦૨૩માં ન્યૂયૉર્કની ફેડરલ જ્યુરીએ ટ્રમ્પને જાતીય શોષણ અને લેખિકાને બદનામ કરવાના મામલે દોષિત જાહેર કર્યા હતા. જ્યુરીએ કેરોલને વળતર પેટે ૫૦ લાખ ડૉલર આપવાનો ચુકાદો સંભળાવ્યો હતો. આ મૂળ ચુકાદા સામે ટ્રમ્પે અમેરિકન સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી હતી. જો કે, સુપ્રીમ કોર્ટે આ અપીલ પર સુનાવણી કરવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો હતો, જેના કારણે ૨૦૨૩નો આ ચુકાદો આખરી બની ગયો છે.સુપ્રીમ કોર્ટના નિર્ણય બાદ ફેડરલ જજ લુઈસ કપલાને આ અંગેનો અંતિમ આદેશ જાહેર કર્યો છે. આ આદેશ અનુસાર, ટ્રમ્પે અદાલતમાં નક્કી કરેલી ૫૦ લાખ ડૉલરની રકમ જમા કરાવવી પડશે. આ રકમમાં હવે વ્યાજ પણ ઉમેરવામાં આવ્યું છે, જેનો અર્થ એ થાય છે કે લેખિકા ઈ. જીન કેરોલને હવે કુલ મળીને અંદાજે ૫૮ લાખ ડૉલર મળશે.

## E20 પેટ્રોલ સુરક્ષિત અને આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રમાણિત ઈંધણ છે : હરદીપ સિંહ પુરી

(સંપૂર્ણ સમાચાર સેવા) નવી દિલ્હી, તા.૯ : કેન્દ્રીય પેટ્રોલિયમ અને પ્રાકૃતિક ગેસ મંત્રી હરદીપ સિંહ પુરીએ ઈથેનોલ મિશ્રિત ઈંધણ (E20)ને લઈને થઈ રહેલી ટીકાઓને ફગાવી દેતા જણાવ્યું હતું કે, E20 પેટ્રોલ સંપૂર્ણપણે વૈજ્ઞાનિક રીતે પરીક્ષણ કરાયેલું, સુરક્ષિત અને આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રમાણિત ઈંધણ છે. તેમણે આરોપ કર્યો હતો કે E85 ઈંધણ માટે અનુકૂળ વાહનોની શરૂઆત પછી ઈથેનોલ મિશ્રિત ઈંધણ વિરુદ્ધ ખોટી માહિતી ફેલાવવાનું અભિયાન તેજ થઈ ગયું છે. ભારતમાં એપ્રિલ ૨૦૨૩ થી E15, એપ્રિલ ૨૦૨૪ થી E19 અને એપ્રિલ ૨૦૨૫ થી E20 ઈંધણનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. આટલા મોટા પાયે તેના ઉપયોગ છતાં કોઈ મોટી સમસ્યા સામે આવી નથી. દેશમાં ૨૦ કરોડથી વધુ ટુ-વ્હીલર અને ૨૦ લાખથી વધુ ફોર-વ્હીલર ઘણા વર્ષોથી સફળતાપૂર્વક ઈ૨૦ ઈંધણ પર ચાલી રહ્યા છે. આમ છતાં, અચાનક ઈથેનોલ મિશ્રણ વિરુદ્ધ અભિયાન તેજ થઈ ગયું છે.તેમણે દાવો કર્યો હતો કે ૫ જૂનના રોજ ફ્લેક્સ-ફ્યુઅલ વાહનો માટે E85 ઈંધણ લોન્ચ કરવામાં આવ્યા બાદ આ પ્રકારની ટીકાઓ વધવા લાગી છે. તેમણે આ પગલાંને ભારતની આયાતી ક્રૂડ ઓઈલ પરની નિર્ભરતા ઘટાડવાની દિશામાં એક મોટું પગલું ગણાવ્યું હતું.

જો સમય અને ઘટનાક્રમને ધ્યાનથી જોવામાં આવે તો આ પેટર્નને નજરઅંદાજ કરવી મુશ્કેલ છે. E85 અનુકૂળ વાહનોની શરૂઆત થયાના તરત જ બાદ ઈથેનોલ મિશ્રિત ઈંધણને લઈને ડર ફેલાવવાનો પ્રયાસ શરૂ થઈ ગયો. ભારત પોતાની જરૂરિયાતનું ૮૫ ટકાથી વધુ ક્રૂડ ઓઈલ આયાત કરે છે અને વૈશ્વિક ક્રૂડની માંગમાં થનારા વધારાનો અંદાજે ૩૦ ટકા હિસ્સો ભારતમાંથી આવે છે. આવી સ્થિતિમાં દેશની ઉર્જા સુરક્ષા માટે વૈકલ્પિક સ્થાનિક ઈંધણનો વિસ્તાર ખૂબ જ જરૂરી છે.

મંત્રીએ આગળ ઉમેર્યું કે, પેટ્રોલમાં ભેળવવામાં આવતું પ્રતિ લીટર ઈથેનોલ ક્રૂડ ઓઈલની આયાત ઘટાડે છે, ભારતની ઉર્જા સુરક્ષાને મજબૂત બનાવે છે, વાયુ પ્રદૂષણ ઘટાડવામાં મદદ કરે છે, ખેડૂતોની આવક વધારે છે અને વિદેશી હૂંડિયામણની બચત કરે છે. કેન્દ્રીય મંત્રીએ ઈ૨૦ને વ્યાપક રીતે પરીક્ષણ કરાયેલું, વૈજ્ઞાનિક રીતે પ્રમાણિત, આંતરરાષ્ટ્રીય સ્તરે સ્વીકાર્ય અને સંપૂર્ણ સુરક્ષિત ઈંધણ ગણાવ્યું હતું.

# ગુજરાતનું ધોલેરા વિશ્વનું સૌથી મોટું ડેટા સેન્ટર સિટી બનશે

## ગુજરાત વિકસિત ગુજરાત ડેટા સેન્ટર પોલિસીથી દેશમાં ડેટા સેન્ટર્સની સ્થાપના માટે બેસ્ટ ડેસ્ટિનેશન સાબિત થશે : મુખ્યમંત્રી

અમારા પ્રતિનિધિ તરફથી,

અમદાવાદ, તા.૯ ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે મુખ્ય સચિવ એમ.કે. દાસ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, સાયન્સ ટેક્નોલોજી મંત્રી અર્જુન મોઢવાડિયા, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના સચિવ ડૉ. પી. ભારતી, નાણા વિભાગના અધિક મુખ્ય સચિવ ટી.નટરાજન, ઉદ્યોગ-ખાણ વિભાગના અધિક મુખ્ય સચિવ મમતા વર્મા, ઈન્ડસ્ટ્રી લીડર્સ, રોકાણકારો, વિષય નિષ્ણાતોની ઉપસ્થિતિમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિકસિત ગુજરાત ડેટા સેન્ટર પોલિસી ૨૦૨૬-૨૯નું લોન્ચિંગ કર્યું હતું. આ તબક્કે તેમણે જણાવ્યું હતું કે, આ પોલિસી દ્વારા ગુજરાત દેશમાં ડેટા સેન્ટર સ્થાપના માટે બેસ્ટ ડેસ્ટિનેશન બનશે. AI આધારિત ટેક્નોલોજીના ઝડપી વિકાસ સાથે સ્કેલેબલ ડેટા સ્ટોરેજ ઈન્ફ્રાસ્ટ્રક્ચરની માંગ સતત વધી રહી છે. આ વધતી માંગને ધ્યાનમાં રાખીને તેમજ રાજ્યમાં ડિજિટલ ઈકોનોમીને વધુ મજબૂત બનાવવા માટે રાજ્ય સરકારે આ વિકસિત ગુજરાત ડેટા સેન્ટર પોલિસી ૨૦૨૬-૨૯ અમલમાં મૂકી છે. આ નવી પોલિસી દ્વારા રાજ્યમાં ક્લાઉડ સર્વિસિસ, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, ડિજિટલ ટ્રાન્ઝેક્શન, ઈ-કોમર્સ પ્લેટફોર્મ, સ્માર્ટ મેન્યુફેક્ચરિંગ સિસ્ટમ્સ અને ડિજિટલ ગવર્નન્સ જેવી સેવાઓને વધુ સક્ષમ અને ગતિશીલ બનાવી શકાશે. વિકસિત ગુજરાત ડેટા સેન્ટર પોલિસી માત્ર રાજ્યના જ નહીં પરંતુ દેશના ન્યુ જનરેશન ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલોપમેન્ટને વેગ આપવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. આગામી સમયમાં આવી નવી ટેક્નોલોજી અને ઈનોવેશન રાજ્યના અર્થતંત્રનું બેકબોન સાબિત થશે.

દરમ્યાનમાં નાયબ મુખ્યમંત્રી મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, માત્ર ધોલેરામાં જ પોલિસીની ક્ષમતા કરતાં બમણી ડિમાન્ડ છે. જેના પરિણામે ધોલેરા વિશ્વનું સૌથી મોટું ડેટા સેન્ટર સિટી બનશે. ડેટા સેન્ટર સ્થાપવાની સાથે સાથે આગામી સમયમાં ધોલેરાને ગ્લોબલ કેપેબીલીટી સેન્ટર્સ-GCCનું હેડક્વાર્ટર બનાવવાની દિશામાં પણ સરકાર સક્રિયપણે કામ કરી રહી છે. ધોલેરાની કનેક્ટિવિટી વધારવા ટૂંક સમયમાં જ નવું એરપોર્ટ કાર્યરત થશે અને અમદાવાદથી ધોલેરા વચ્ચે સેમી-હાઈસ્પીડ ટ્રેન પણ શરૂ થવા જઈ રહી છે. ગુજરાત સરકારની વિશ્વસનીયતા એટલી મજબૂત છે કે પોલિસી આજે લોન્ચ થઈ છે પરંતુ પોલિસીની ૭.૫ ગીગાવોટની ક્ષમતા સામે દેશ અને દુનિયાની લીડિંગ કંપનીઓએ તેના કરતાં બમણી ક્ષમતાની ડિમાન્ડ સાથેના રિક્વેસ્ટ લેટર્સ સરકારને મળી ચૂક્યા છે.

તેમણે કહ્યું હતું કે, ડેટા સેન્ટરમાં વીજળી અને પાણીની જરૂરિયાત મહત્તમ હોય છે. આ પોલિસી હેઠળ ડેટા સેન્ટરોમાં વપરાતી કુલ ઉર્જામાંથી ૫૧ ટકા ઉર્જા ફરજિયાતપણે ગ્રીન એનર્જી જ વાપરવી પડશે. આ ઉપરાંત ખેડૂતો કે અન્ય ઉદ્યોગોના ભોગે નહીં પરંતુ દરિયાના પાણીને મીઠું કરવા માટેના ડીસેલીનેશન પ્લાન્ટ પર ભાર મૂકીને પાણી પુરવઠો આપવામાં આવશે. સરકારી પ્રક્રિયામાં વિલંબ નિવારવા માટે આગામી દિવસોમાં સ્ટેકહોલ્ડર્સ કન્સલ્ટેશન મીટિંગ યોજી રોકાણકારોને લેન્ડ પોકેટ્સ બતાવવામાં આવશે. ધોલેરામાં રોકાણ કરવા ઈચ્છતી કંપનીઓ માટે હેન્ડ-હોલ્ડિંગ કરવા અને ડે-ટુ-ડે -ક્રિયા સરળ બનાવવા સીનિયર નોડલ ઓફિસર્સની નિમણૂક પણ કરવામાં આવશે. વૈશ્વિક હાઈપરસ્કેલ તથા AI ક્ષેત્રના તમામ રોકાણકારોને ગુજરાતમાં રોકાણ માટે આમંત્રિત કરીને ડેટા સેન્ટર ક્ષેત્રે ગુજરાત દેશભરમાં મોખરે રહેશે.

# ગ્રીન એજ ડેટા સેન્ટરને વીજ સપ્લાય આપવામાં ગ્રીનઝો એનર્જી મહત્વની ભૂમિકા ભજવશે

## ઈલેક્ટ્રોલાઈઝરથી હાઈડ્રોજનથી અને હાઈડ્રોજનથી વીજળી જનરેટ કરવાનો ગ્રીન ડેટા સેન્ટર માટે ઉપયોગમાં લેવાનો મજબૂત વિકલ્પ

**અમારા પ્રતિનિધિ તરફથી,**

**અમદાવાદ, તા.૯ :** વર્તમાન ડિજિટલ ટ્રાન્સફોર્મેશનના યુગમાં, રોજિંદી વ્યાપારી પ્રવૃત્તિઓથી લઈને નાણાકીય વ્યવહારો સુધી, ડેટા સ્ટોરેજની વધી રહેલી જરૂરિયાતને કારણે માહિતી સાચવી રાખવાની જરૂરિયાત પરનો ભાર સતત વધી રહ્યો છે. માહિતી સંગ્રહ કરી રાખવા માટે અગાઉ આટલો બોજ-ભાર આવતો નહોતો. આજે ડિજિટલી કનેક્ટેડ વિશ્વમાં જીવન વધુને વધુ ડેટા-આધારિત બની રહ્યું છે. તેથી ડેટા સેન્ટર્સ આર્થિક વેરહાઉસ-ગોદામ તરીકે વિકસિત થઈ રહ્યા છે. તેઓ માત્ર ડેટાનો સંગ્રહ જ નથી કરી રહ્યા, પરંતુ ડેટા લોકલાઈઝેશન (સ્થાનિકીકરણ), ડેટા સિક્યોરિટી, ડેટા પ્રોટેક્શન અને ડેટા એક્સિલરેશન ભારતના ડેટા સેન્ટરની ક્રાંતિના મહત્વના પ્રેરક બળો છે. તેનાથી જ ભારતમાં ડેટા સેન્ટરના વિસ્તરણની માંગ ઊભી કરી છે.

આજે ભારત માલા રોડ નેટવર્કના પરિસરમાં ૪૫૦૦થી વધુ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ આધારિત વધુ ડેટા સેન્ટર ડેવલપ થવાની કામગીરી ચાલી રહી છે. તેમને માટે ગ્રીન એનર્જી વધુ જરૂરી છે. તેમને ગ્રીન પાવર જનરેટ કરવા સરકાર જણાવી રહી છે. તેને માટે કોલસાથી કે અન્ય વિકલ્પોથી પેદા થતી વીજળીનો સપ્લાય આપવાને બદલે સરકાર તેમને ગ્રીન પાવરના વિકલ્પ પર જવા ડેટા સેન્ટર શરૂ કરી રહેલા લોકોને જણાવી રહી છે. ગ્રીન્ઝોના ઈલેક્ટ્રોલાઈઝર હાઈડ્રોજનના ફ્યુઅલ સેલ લગાવીને ડેટા સેન્ટરને સપ્લાય આપવાને સમર્થ છે. વીજળીથી હાઈડ્રોજન અને હાઈડ્રોજન પાવરથી ડેટા સેન્ટરને સતત વીજ પુરવઠો મળતો રહેશે. હાઈડ્રોજનથી એક એક મેગવોટ વીજળી પેદા કરવાના યુનિટ નાખી શકે છે. ગ્રીન્ઝો એનર્જીના ઈલેક્ટ્રોલાઈઝર હાઈડ્રોજનમાંથી વીજળી પેદા કરીને ગ્રીન એજ ડેટા સેન્ટરને તેનો પુરવઠો મળે તેવી વ્યવસ્થા કરવા માટેનો એક મજબૂત વિકલ્પ પૂરો પાડે છે. હાઈડ્રોજનથી પેદા થતી વીજળી ડેટા સેન્ટર માટે સારો અને સશક્ત વિકલ્પ બનવાને સક્ષમ છે. ગ્રીનઝો એનર્જી (Greenzo Energy) એ શોધી કાઢ્યું કે અપૂરતો ઈન્ફ્રાસ્ટ્રક્ચરલ વિકાસ, સક્રિય નીતિઓનો અભાવ, હાઈડ્રોજન વેલ્યુ ચેઈનમાં અપૂરતું રોકાણ, ધીમી માર્કેટ સજ્જતા અને જાહેર જાગૃતિની અછતને કારણે ભારતમાં હાઈડ્રોજન અર્થતંત્ર પાટા પરથી ઉતરી ગયું છે કે ઉતરી રહ્યું છે.

ગ્રીનઝોનું ગ્રીન હાઈડ્રોજન ઈકોસિસ્ટમ, જેમાં ઈલેક્ટ્રોલાઈઝર-આધારિત હાઈડ્રોજન જનરેશન, રીન્યુએબલ ઈન્ટિગ્રેશન, હાઈડ્રોજન સ્ટોરેજ અને ફ્યુઅલ-સેલ બેકઅપ પાવર સોલ્યુશન્સનો સમાવેશ થાય છે, તે આ ઓપરેટરોને ડીઝલ જનરેટર પરની નિર્ભરતા ઘટાડવામાં અને ટકાઉ ડેટા સેન્ટર કામગીરી હાંસલ કરવામાં સપોર્ટ કરી શકે છે. ઉપરાંત, ગ્રીનઝો સંકલિત રીન્યુએબલ એનર્જી સોલ્યુશન્સ, અદ્યતન બેકઅપ પાવર સિસ્ટમ્સ અને ખાસ કરીને ડેટા સેન્ટર્સ માટે ડિઝાઈન કરાયેલ ડિમાન્ડ-રિસ્પોન્સ મિકેનિઝમ્સ ઓફર કરે છે જેથી ઉર્જા વપરાશને શ્રેષ્ઠ બનાવી શકાય.

# પવન ઊર્જા સ્થાપિત ક્ષમતામાં ગુજરાત દેશમાં પ્રથમ

## ગુજરાતની નવીનીકરણીય ઊર્જા ક્ષેત્રે કુલ સ્થાપિત ક્ષમતા ૫૦.૩૮૬ ગીગાવોટ સુધી પહોંચી

**અમારા પ્રતિનિધિ તરફથી,**

**અમદાવાદ,તા.૯ :** ભારતે ૨૦૭૦ સુધીમાં કાર્બન ઉત્સર્જનને નેટ ઝીરો કરવાનું લક્ષ્ય નિર્ધારિત કર્યું છે અર્થાત પરંપરાગત ઈંધણ પરની નિર્ભરતા ઘટાડવા વર્ષ ૨૦૩૦ સુધીમાં દેશની ૫૦ ટકા વીજળી નવીનીકરણીય ઊર્જા સ્ત્રોતોમાંથી મેળવાશે. આ રાષ્ટ્રીય લક્ષ્યને અનુસરીને ગુજરાત પવન, સૌર અને રૂફટોપ સોલાર ઊર્જા ક્ષેત્રે દેશમાં અગ્રેસર રાજ્ય બન્યું છે પરિણામ સ્વરુપ ગુજરાતની કુલ સ્થાપિત નવીનીકરણીય ઊર્જા ક્ષમતા ૫૦.૩૮૬ ગીગાવોટ સુધી પહોંચી છે. જે દેશની કુલ નવીનીકરણીય ઊર્જા ક્ષમતામાં સૌથી વધુ ૧૭.૮૨ ટકા જેટલી છે. કુલ સ્થાપિત નવીનીકરણીય ઊર્જા ક્ષમતા તેમજ સ્થાપિત પવન ઊર્જા ક્ષમતા ૧૫,૮૫૦.૫૬ મેગાવોટ છે. એમાં પણ ગુજરાત દેશમાં પ્રથમ ક્રમે છે. એવી જ રીતે, સ્થાપિત સૌર ઊર્જા ક્ષમતા ૩૨,૩૦૨.૭ મેગાવોટ છે. એમાં પણ રાજ્ય બીજા ક્રમે છે. જ્યારે ૧૩.૪૫ લાખથી વધુ રૂફટોપ સોલાર ઈન્સ્ટોલેશન અને ૭,૪૦૮.૧૦ મેગાવોટ ક્ષમતા સાથે રૂફટોપ સોલાર ક્ષેત્રે પણ દેશમાં પ્રથમ ક્રમે છે. મે-૨૦૨૬ સુધીમાં રાજ્યની કુલ સ્થાપિત સૌર ઊર્જા ક્ષમતા ૩૨,૩૦૨.૭ મેગાવોટ સુધી પહોંચી છે. તેમાં ૨૩,૨૫૯.૨૭ મેગાવોટ ગ્રાઉન્ડ-માઉન્ટેડ પ્રોજેક્ટ્સ, ૭,૪૦૮.૧૦ મેગાવોટ રૂફટોપ સોલાર, ૧,૪૩૪.૬૬ મેગાવોટ હાઈબ્રિડ પ્રોજેક્ટ્સ તથા ૨૦૦.૪૮ મેગાવોટ ઓફ-ગ્રીડ સિસ્ટમ્સ (પીએમ-કુસુમ યોજના સહિત)નો સમાવેશ થાય છે.

# અમદાવાદમાં રૂ. ૬૨ કરોડના ખર્ચે નવનિર્મિત RTO કચેરીનું ઉદ્ઘાટન કરાયું

## AI આધારિત ડ્રાઈવિંગ ટેસ્ટ માટેનો ટ્રેક તૈયાર

અમારા પ્રતિનિધિ તરફથી,

અમદાવાદ, તા.૯ : અમદાવાદમાં રૂ. ૬૨ કરોડના ખર્ચે તૈયાર થયેલી નવી હાઈટેક RTO કચેરીનું ગૃહ રાજ્યમંત્રી હર્ષભાઈ સંઘવીએ ઉદ્ઘાટન કર્યું છે. આ કચેરીમાં સેન્ટ્રલ એસી ડોમ અને પ્રીમિયમ સેટિંગ જેવી આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવાઈ છે. અદ્યતન ટેકનોલોજીના કારણે સર્વર ડાઉન થવાની સમસ્યા ઘટશે અને નાગરિકોને લાંબી લાઈનોમાંથી કાયમી મુક્તિ મળશે.

આ પ્રસંગે સંબોધન કરતાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર નાગરિકોને ટેકનોલોજી આધારિત, પારદર્શક અને ઝડપી સેવાઓ ઉપલબ્ધ કરાવવા માટે કટિબદ્ધ છે. નવી આરટીઓ કચેરીમાં ડ્રાઈવિંગ લાયસન્સ સહિતની તમામ સુવિધાઓ હવે ખૂબ જ સરળતાથી ઉપલબ્ધ બનશે. તેમણે વધુમાં ઉમેર્યું કે, કચેરીમાં તૈયાર કરાયેલા ખાસ ઓટોમેટેડ ડ્રાઈવિંગ ટેસ્ટ ટ્રેકને કારણે લાયસન્સ આપવાની પ્રક્રિયામાં સંપૂર્ણ પારદર્શિતા આવશે અને માત્ર વાસ્તવિક યોગ્યતા ધરાવતા અરજદારોને જ લાયસન્સ મળશે, જે માર્ગ સલામતી માટે પણ મહત્વનું સાબિત થશે. નાયબ મુખ્યમંત્રીએ જનતાને આ સરકારી સંપત્તિને સ્વચ્છ રાખવા પણ અપીલ કરતા જણાવ્યું હતું કે, નવી આરટીઓ કચેરીમાં નોન-ટ્રાન્સપોર્ટ અને ટ્રાન્સપોર્ટ વાહનોની નોંધણી, પરમિટ, ફિટનેસ પ્રમાણપત્ર, બ્લેકલિસ્ટ કામગીરી, ડી.એલ./ચલણ શાખા, એએમસી ટેક્સ અને કેશ શાખા સહિતની તમામ સેવાઓ માટે અલગ-અલગ સુવ્યવસ્થિત ટેબલો બનાવવામાં આવ્યા છે.

# પશ્ચિમ રેલ્વે વલસાડ, વેલંકની, દહાણુ રોડ, વસઈ રોડ વચ્ચે ખાસ ટ્રેન દોડાવશે

**અમદાવાદ, તા.૦૯ :** પશ્ચિમ રેલ્વે મુસાફરોની સુવિધા અને વધારાના ધસારાને પહોંચી વળવા માટે વલસાડ - વેલંકની - દહાણુ રોડ સ્ટેશનો વચ્ચે ખાસ ભાડા પર એક ખાસ ટ્રેન દોડાવશે.

પશ્ચિમ રેલ્વેના મુખ્ય જનસંપર્ક અધિકારી વિનીત અભિષેક દ્વારા જારી કરાયેલી એક અખબારી યાદી અનુસાર, આ ટ્રેનની વિગતો નીચે મુજબ છે. ટ્રેન નંબર ૦૯૦૩૦/ ૦૯૦૨૯ વલસાડ - વેલંકની - દહાણુ રોડ સ્પેશિયલ વાયા વસઈ રોડ [૦૨ ટ્રિપ્સ], ટ્રેન નંબર ૦૯૦૩૦ વલસાડ - વેલંકની સ્પેશિયલ મંગળવાર, ૧૪ જુલાઈ, ૨૦૨૬ ના રોજ વલસાડથી ૧૮:૨૫ વાગ્યે ઉપડશે અને ગુરુવારે ૧૦:૦૦ વાગ્યે વેલંકની પહોંચશે. તેવી જ રીતે, ટ્રેન નંબર ૦૯૦૨૯ વેલંકન્ની - દહાણુ રોડ સ્પેશિયલ શુક્રવાર, ૧૭ જુલાઈ, ૨૦૨૬ ના રોજ વેલંકન્નીથી ૦૦:૩૦ કલાકે ઉપડશે અને બીજા દિવસે ૧૪:૫૦ કલાકે દહાણુ રોડ પહોંચશે.

# કૃષિ વિભાગે ખેડૂતોનો ડેટાને સુરક્ષિત રાખવા વિભાગીય ડેટા સમિતિની રચના કરી

**અમારા પ્રતિનિધિ તરફથી,**

**અમદાવાદ, તા.૯ :** કૃષિ, ખેડૂત કલ્યાણ તેમજ સહકાર વિભાગે ખેડૂતોની માહિતીની સુરક્ષા માટે વિભાગીય ડેટા સમિતિ (DDC)ની રચના કરી છે. આ સમિતિનું નેતૃત્વ કૃષિ, ખેડૂત કલ્યાણ, સહકાર વિભાગના અધિક મુખ્ય સચિવ, અગ્ર સચિવ અથવા સચિવ કરશે. જેમાં વિભાગીય ડેટા અધિકારી, સભ્ય સચિવ, મુખ્ય માહિતી સુરક્ષા અધિકારી, નાયબ નિયામક, આઈસીટી અધિકારી, કાયદાકીય અધિકારી, આઈટી નિષ્ણાત, વિભાગના બોર્ડ-નિગમો, યુનિવર્સિટીઓ, તાબા હેઠળની કચેરીઓના વડાઓને સામેલ કરાશે. તમામ ડેટાસેટનું ઓપન, શૅરેબલ, પ્રતિબંધિત, સંવેદનશીલ અને નેગેટિવ લિસ્ટ એમ પાંચ શ્રેણીઓમાં વર્ગીકરણ કરવામાં આવશે. તેનાથી હવામાન, કૃષિ ટેકનિક, બજાર ભાવ જેવી જાહેર ઉપયોગની માહિતી ખેડૂતો સુધી સરળતાથી પહોંચાડાઈ શકાશે.

ખેડૂતોની વ્યક્તિગત, બૅંકિંગ, અન્ય ખાનગી માહિતીને સંવેદનશીલ શ્રેણીમાં રાખીને સુરક્ષિત કરવામાં આવશે. આ વ્યવસ્થા દ્વારા ખેડૂતોની વ્યક્તિગત માહિતીનો અનધિકૃત ઉપયોગ અટકાવી શકાશે. ડેટા સુરક્ષાને કાનૂની સંરક્ષણ મળશે અને ખેડૂતોની વ્યક્તિગત માહિતીનો અનધિકૃત ઉપયોગ અટકાવી શકાશે. આ વ્યવસ્થામાં નાગરિક સંમતિને વિશેષ મહત્વ આપવામાં આવ્યું છે. ખેડૂતોના ડેટાના ઉપયોગ માટે તેમની સંમતિનો સંપૂર્ણ રેકોર્ડ સુરક્ષિત, ઑડિટેબલ અને ટ્રૅકેબલ રહેશે. જો કોઈપણ કક્ષાએ સંમતિ સંબંધિત નિયમોનો ભંગ થાય, તો તેની તાત્કાલિક જાણ રાજ્ય ડેટા સત્તામંડળને કરવામાં આવશે. આ સમિતિ ખેડૂતોના ડેટા સાથે સંબંધિત કોઈ પણ સુરક્ષા બનાવ અથવા ડેટા બ્રીચ પર સતત નજર રાખશે. જો કોઈ પણ પ્રકારનું ડેટા ઉલ્લંઘન થશે, તો તેની તાત્કાલિક જાણ રાજ્યના મુખ્ય ડેટા અધિકારી તથા અન્ય સક્ષમ અધિકારીઓને કરવામાં આવશે, જેથી ઝડપી કાર્યવાહી થઈ શકે.

**જાહેર નોટીસ**

આથી જાહેર જનતાને જણાવવાનું કે મારુ નામ ભરતકુમાર મોહનભાઈ પટેલ રહેવાસી પટેલ ફળિયા, જુની વાંકડ, દમણ, તાબે દમણ અને દિવના આથી લખી જણાવીએ છીએ કે...

મારા દિકરાનું નામ ''વિર ભરતકુમાર પટેલ'' છે. પરંતુ તેના સ્કૂલમાં કેટલાક ડોક્યુમેન્ટમાં ''વિર ભરતભાઈ પટેલ'' લખાયેલ છે જ્યારે આધાર કાર્ડમાં '' વિર ભરતકુમાર પટેલ'' લખાયેલ છે. આમ ''વિર ભરતભાઈ પટેલ'' તથા ''વિર ભરતકુમાર પટેલ''ના નામથી ઓળખાતી વ્યક્તિ એક જ છે જેની જાહેર જનતાએ નોંધ લેવી.

**લિ. ભરતકુમાર મોહનભાઈ પટેલ**

**No.MAM/SIL/RTS/RBD-DNH/50/Birth/2025/298 Dated: 17/01/2026.**

**APPLICANT - Rajesh Pandit, Presently residing at- Haveli Faliya, Naroli, DNH. Mo 9687291897**

**V/S**

**OPPONENTS - The Registrar of Births & Deaths, Silvassa Municipal Council.**

**NOTICE**

The public to take note that the above, named applicant Rajesh Pandit's Son namely Piyush Kumar Pandit was born on 08/01/2011 at Shri Vinoba Bhave Civil Hospital, Silvassa, DNH. But due to inadvertence the above said birth was not registered in the records of Registrar of Births & Deaths, Silvassa Municipal Council. Hence, the applicant has moved on application to pass an order to register birth of Piyush Kumar Pandit. In case of any objection or complain in this regard a written objection shall be made in the office of the Executive Magistrate, Silvassa, within 30 days of the publication of this notice and if no such objection is received, the Executive Magistrate, Silvassa will pass necessary order accordingly.

**Sd/-**
**RTS-I**

**CHANGE OF NAME**

I HAVE CHANGED OF MY NAME OLD NAME SHINY RAJU TO NEW NAME SHAINU RAJU ADD : 101, SIDDHIVINAYAK APPARTMENT A WING, DEVKA ROAD NANI DAMAN 396210

**CHANGE OF NAME**

I HAVE CHANGED MY OLD NAME JUGAL ASHISH SANGHAVI TO NEW NAME JUGAL ASHISHKUMAR SANGHAVI AS PER DOCUMENTS

**CHANGE OF NAME**

I HAVE CHANGED MY OLD NAME FROM ASHISHKUMAR SUBHASH SANGHAVI TO NEW NAME ASHISHKUMAR SUBHASHCHANDJI SANGHAVI AS PER DOCUMENTS

**ગુજરાત સરકાર**
**જળસંપત્તિ વિભાગ,**
**નિવિદા નં.૦૫, સને ૨૦૨૫-૨૬**
**પંચાયત સિંચાઈ વિભાગ, વલસાડ**

ગુજરાત રાજ્યના રાજ્યપાલ વતી કાર્યપાલક ઈજનેરશ્રી, પંચાયત સિંચાઈ વિભાગ, વલસાડ દ્વારા સામુહિક કુવા બનાવવાના કુલ -૩૫ કામો, જેની અંદાજીત કિંમત રૂા.૧૫.૫૪ લાખથી રૂા.૪૧.૪૧ લાખ સુધીના માટે ગુજરાત સરકારના માર્ગ અને મકાન વિભાગ, નર્મદા, જળ સંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગમાં માન્ય કક્ષામાં રજીસ્ટ્રેશન ધરાવતા ઈજારદારશ્રીઓ પાસેથી ઓન લાઈન ઈ-ટેન્ડરીંગ સીસ્ટમથી બી-૧ ફોર્મમાં ટેન્ડરો મંગાવવામાં આવે છે. ટેન્ડરો તા.૧૩/૦૭/૨૦૨૬થી ઓનલાઈન જોઈ શકાશે.

| | |
|---|---|
| ૧. ઓનલાઈન ડોક્યુમેન્ટ સ્વીકારવાની છેલ્લી તારીખ અને સમય | તારીખ ૩૦/૦૭/૨૦૨૬, ૧૮:૦૦ કલાક સુધી. |
| ૨. ફિઝીકલ ડોક્યુમેન્ટ (ટેન્ડર ફી અને બાનાની રકમ) મોકલવાની તારીખ | તારીખ ૦૭/૦૮/૨૦૨૬ સુધી કચેરી સમય દરમ્યાન રજી. પોસ્ટ એ.ડી./કુરીયર/ સ્પીડ પોસ્ટ દ્વારા (દરેક કામવાર ફરજીયાત અલગ અલગ કવરોમાં ડોક્યુમેન્ટસ મોકલવાના રહેશે.) |
| ૩. ઓનલાઈન આવેલ ટેન્ડર ખોલવાની તારીખ અને સ્થળ | તારીખ ૧૧/૦૮/૨૦૨૫ ૧૨:૦૦ કલાકે કાર્યપાલક ઈજનેરશ્રી, પંચાયત સિંચાઈ વિભાગ, વલસાડ (ફોન નં.૦૨૬૩૨ - ૨૪૪૩૧૪) |

આ કામોની વિગતવાર નોટીસ આ કચેરીના નોટીસ બોર્ડ ઉપર તેમજ www.nprocure.com ઉપર જોવા મળશે.

**નં.માહિતી/વલસાડ/૨૩૯/૨૦૨૬**

**CHANGE OF NAME**

I HAVE CHANGED MY OLD NAME FROM SWEETY PREMCHAND KATEKAR ALIAS TANVI TO NEW NAME SWEETY PREMCHAND KATEKAR AS PER DOCUMENTS

**CHANGE OF NAME**

I HAVE CHANGED MY OLD NAME FROM SWEETY PREMANAND KATHEKAR TO NEW NAME SWEETY PREMCHAND KATEKAR AS PER DOCUMENTS

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કોર્ટમાં**

**જ.મ.પ.અ.નં.૧૬૮૫/૨૦૨૬**

**અરજદાર : નિરૂબેન રણછોડભાઈ આહીર,**
**રહે.** વણગામ, આહીરવાડ, તા.ગણદેવી,જી.નવસારી-૩૯૬૩૨૧
તા.જી. વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, ગોરગામ, તા. જિ. વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે જન્મની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **નિરૂબેન રણછોડભાઈ આહીર**, રહે. વણગામ, આહીરવાડ, તા.ગણદેવી, જી.નવસારી-૩૯૬૩૨૧ તા.જી. વલસાડએ તેમના પોતાનો **નિરૂબેન રણછોડભાઈ આહીર**નો જન્મ તા.૦૧/૦૬/૧૯૭૩ના રોજ મોજે ગોરગામ, તા.જી. વલસાડ મુકામે થયેલ છે તેમના જન્મની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય), તા.જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૦૮/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

સહિ/-
કાર્યપાલક મેજીસ્ટ્રેટ
વલસાડ (ગ્રામ્ય)

**નં.એડીએમ/જન્મ/રજી.નં.૧૬૮૫/૨૦૨૬**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)ની કચેરી,**
**નીરા કેન્દ્રની બાજુમાં, ધરમપુર રોડ, તા.જી.વલસાડ**

**રાવતભાટા રાજસ્થાન સાઈટ**
Rawatbhata Rajasthan Site
રસની અભિવ્યક્તિ (EOI)-સહ-ટેન્ડર આમંત્રણ
Expression of Interest-cum-Invitation for Bids
EOI આમંત્રણ નંબર, RR સાઈટ/CSR/2026-27/1
Invitation number, RR Site / CSR/2026-2027/1

NPCIL રાવતભાટા રાજસ્થાન સાઈટ પર CSR પહેલ હેઠળ લાઈટ ગેજ સ્ટીલ ફ્રેમ (LGSF) ટેકનોલોજીનો ઉપયોગ કરીને મોડ્યુલર આંગણવાડી કેન્દ્રો (AWCs) ના ડિઝાઈન, સપ્લાય, બાંધકામ, બાંધકામ અને કમિશનિંગ માટે કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી (CSR) પહેલ હેઠળ નીચેના કાર્ય માટે લાયક અને અનુભવી એજન્સીઓ/ફર્મ્સ પાસેથી રસ વ્યક્ત કરવા (EOI)-સહ-બિડિંગ આમંત્રિત કરે છે.

**NPCIL, Rawatbhata Rajasthan Site, invites Expression of Interest (EOI)-cum-Bids from eligible and experienced agencies/firms for the following work under its Corporate Social Responsibility (CSR) initiatives for Design, Supply, Construction, Erection and Commissioning of Modular Aanganwadi Centres (AWCs) using Light Gauge Steel Frame (LGSF) Technology under CSR Initiatives at NPCIL Rawatbhata Rajasthan Site.**

કાર્યક્ષેત્ર, પાત્રતા માપદંડ, તકનીકી આવશ્યકતાઓ, વ્યાપારી નિયમો અને શરતો, બિડ સબમિશન પ્રક્રિયા, મૂલ્યાંકન પદ્ધતિ અને અન્ય શરતો ધરાવતો વિગતવાર EOI-સહ-બિડિંગ દસ્તાવેજ www.npcil.nic.in પરથી ડાઉનલોડ કરી શકાય છે અથવા નીચે સહી કરનાર પાસેથી મેળવી શકાય છે.

**The detailed EOI-cum-Bidding Document containing the scope of work, eligibility criteria, technical requirements, commercial terms & conditions, bid submission procedure, evaluation methodology and other conditions may be downloaded from www.npcil.nic.in or obtained from the undersigned.**

રસ ધરાવતી એજન્સીઓએ ૩૧.૦૭.૨૦૨૬ ના રોજ અથવા તે પહેલાં ૧૦:૩૦ વાગ્યા સુધી મેવાડ ગેસ્ટ હાઉસ, NTC ગેટ નં. ૧ નજીક NPCIL રાવતભાટા રાજસ્થાન સાઈટ પર ભૌતિક સ્વરૂપમાં તેમના પ્રસ્તાવો સબમિટ કરવા જોઈએ.

**Interested agencies shall submit their proposals in physical form on or before 31.07.2026 up to 10:30 Hrs at Mewar Guest House, Near NTC Gate No. 1 NPCIL Rawatbhata Rajasthan Site**

સંપર્ક વ્યક્તિ : શ્રી સંજય કાંડપાલ
**Contact Person : Shri Sanjay Kandpal**
ઈ-મેઈલ : **skandpal@npcil.co.in**
મો. : **9413358039**

**CBC 48157/11/0001/2627**


ડિસ્કાઉન્ટ ધમાકા
તાં. 1-8-26.થિ. ચાલુ
ફેન્સી વેરાયટીનો અખુટ ખજાનો
પાર્ટી શુઝ લોફર શુઝ સ્પોર્ટ શુઝ
MAYUR FOOTWEAR
5% ડીસ્કાઉન્ટ પેરાગોન, VKC, ફ્લાયપર, ઈબ્લુ ચપલ,સેન્ડલ
કેમ્પસ, લખાની, સ્પાર્ક,
10% ડીસ્કાઉન્ટ ફક્ત શુઝ પર
Paragon Bata Lakhani campus
શાકભાજી માર્કેટ, જ્યોતિ હોલ નીચે, વલસાડ. મો. 9824254361






દરેક બ્રાન્ડેડ કંપનીના શુટીંગ, શર્ટીંગ તથા લેટેસ્ટ ડીઝાઇનમાં ટેલરીંગ
શુટ સિવડાવો કાપડ તથા સીલાઇ સાથે રૂ.5000/-
The Complete Man Raymond, dinesh SUITING, Siyaram's SHOP, DONEAR SUITINGS & SHIRTINGS, DIGJAM, NIRVĀN SHIRTINGS, ICON ashima LUXURY FABRICS, Kriplon
LORD'S MEN'S WEAR
એમ. જી. રોડ, વલસાડ. ફોન : ૨૪૮૧૭૬



Jai Jalaram Bapa





Septic Tank Cleaner
ખાળ કુવાની સફાઈ
खार कुवे की सफाई
TANKER CAPACITY 8000 LITER
WATER JETTING, AIR BLOWING, VACUUMING
પાણીના પ્રેશરથી હવા મારીને ટાંકી સાફ કરી આપવામાં આવશે.
આધુનીક મશિનરી થી કામ કરી આપવામાં આવશે.
Contact: 99046 44348, 98247 28200

Friday 10, July 2026

# દમણગંગા ટાઈમ્સ

## સમગ્ર વલસાડ જિલ્લો આજે કોરોકટ રહ્યો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ તા ૯ :** સમગ્ર જિલ્લામાં છેલ્લા પાંચ દિવસથી સતત વરસી રહેલા અનરાધાર વરસાદ બાદ, આજે બપોર પછી તો વાદળો પણ હટતાં જ સુરજદાદાએ દર્શન દીધા હતા. અને ઉઘાડ નીકળ્યો હતો. આજે નોંધપાત્ર બાબત એ બની કે વરસાદી માહોલ બાદ ગુરુવારે સવારે ૬ થી સાંજે ૬ કલાક પુરા જતાં ૧૨ કલાક દરમ્યાન જિલ્લાના ૭ પૈકી એકપણ તાલુકામાં એક પણ મી.મી. જેટલો વરસાદ નોંધાયો ન હતો.

જિલ્લાનો સરેરાશ વરસાદ ૩૧ ઈંચના આંકડે પહોચ્યો છે. જિલ્લામાં સૌથી વધુ વરસાદ કપરાડા તાલુકામાં ૩૫.૪ ઈંચ જયારે સૌથી ઓછો ધરમપુર તાલુકામાં ૨૨.૩૬ ઈંચ નોંધાયો છે.

## આલીપોરમાં યુવાનને કરંટ લાગતા મોત

**ચીખલી, તા.૯ :** ચીખલી તાલુકાના આલીપોર ગામે આવેલ કે એન બી સાર્વજનિક હાઈસ્કૂલ ના ધાબા ઉપર સાંજના સમયે સાહિલ ફરીદ સાંઈ ઉ.વ. ૧૯ રહે. ચીખલી કોલેજ રોયલ પ્લાઝા થાલા જે પતરામાં સ્ક્રુ ફીટ કરવા માટે જતા ઈલેક્ટ્રીક મશીનનો ઉપયોગ કરતા ઈલેક્ટ્રીક બોર્ડમાંથી ડાબા હાથમાં જોરદાર કરંટ લાગતા સાહિલ સાંઈને તાત્કાલિક ખાનગી હોસ્પિટલમાં લઈ જતા ફરજ પરના ડોક્ટરે સાહિલ સાંઈને મરણ ગયેલ હોવાનું જણાવ્યું હતું. બનાવની વધુ તપાસ ચીખલી પોલીસ કરી રહી છે.

## વાપી કોર્ટ પરિસરના શૌચાલયમાં ગાંજો છુપાવનાર આરોપી ઝડપાયો

**લાજપોર જેલમાં પોક્સો કેસમાં બંધ આરોપી તારીખ માટે વાપી કોર્ટમાં લવાયો હતો, તપાસ દરમિયાન કૃત્ય સામે આવ્યું**

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા.૦૯ :** લાજપોર સેન્ટ્રલ જેલમાં ડુંગર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા પોક્સો કેસમાં સજા ભોગવી રહેલા એક આરોપી સામે વાપી કોર્ટ પરિસરના ચોથા માળે શૌચાલયમાં ગાંજો છુપાવવાના મામલે ડુંગરા પોલીસે એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધ્યો છે. આરોપીને કોર્ટમાં કેસની તારીખ માટે પોલીસ બંદોબસ્ત સાથે વાપી કોર્ટ લાવવામાં આવ્યો હતો. કાર્યવાહી દરમિયાન આરોપીએ કોર્ટ પરિસરના ચોથા માળે શૌચાલયમાં ગયો હતો અને ગાંજો સંતાડી દીધો હોવાની માહિતી મળતા પોલીસે તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન શૌચાલયમાંથી ગાંજો મળી આવતા સમગ્ર ઘટનાનો પર્દાફાશ થયો હતો. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખી ડુંગરા પોલીસે આરોપી સામે કાયદેસરની કાર્યવાહી કરી ગુનો નોંધ્યો છે. પોલીસે ગાંજો તેની પાસે કેવી રીતે પહોંચ્યો અને તેમાં અન્ય કોઈની સંડોવણી છે કે નહીં તે દિશામાં વધુ તપાસ શરૂ કરી છે.

**ચાર ફરાર : ૫-૬ ટકા માસિક નફા અને મફત ડિજિટલ કોઈનની લાલચ આપી સેંકડો રોકાણકારોને ફસાવ્યા : મહિલા સહિત બે ઝડપાયા**

## વાપીમાં ઓનલાઇન રોકાણ કરાવી રૂા. ૩.૪૦ કરોડની મહાઠગાઈ, ચાર દુબઈ ભાગી ગયા

**સમગ્ર રેકેટ દુબઈથી સંચાલન કરનાર મુખ્ય આરોપી લવીશ ચૌધરી ઉર્ફે નવાબ અલી તથા તેના સાથી સંચાલક કલીમ શેખ, વિકાસ બારેક, અરવિંદ દુબે દુબઈ ભાગી જતાં વોન્ટેડ જાહેર કરી રેડ કોર્નર નોટિસ જારી કરી**

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૦૯ :** વાપી જીઆઈડીસી વિસ્તારમાં ક્રિપ્ટોકરન્સી, ફોરેક્સ અને રોબોટિક ટ્રેડિંગના નામે અંદાજે રૂ.૩.૪૦ કરોડની કથિત ઠગાઈનો મોટો પર્દાફાશ થયો છે. રોકાણકારોને દર મહિને ૫થી ૬ ટકા નફો અને મફત ડિજિટલ કોઈન આપવાના પ્રલોભનથી કરોડો રૂપિયાનું રોકાણ કરાવ્યા બાદ વિવિધ ઓનલાઈન પ્લેટફોર્મ અચાનક બંધ કરી દેવામાં આવતા સમગ્ર કૌભાંડ સામે આવ્યું છે. વાપી જીઆઈડીસી પોલીસે મહિલા સહિત બે આરોપીઓની ધરપકડ કરી છે, જ્યારે ચાર આરોપીઓ હજુ ફરાર હોવાનું નાયબ પોલીસ અધિક્ષક બી એન દવેએ પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યું હતું.



પોલીસ તપાસ મુજબ વર્ષ ૨૦૨૩માં બોટબ્રો નામથી શરૂ કરાયેલી રોકાણ યોજના બાદ આરોપીઓએ બોટબ્રો, એલ્ગોબોટ, બોટ અલ્ફા, ક્રોસમાર્કેટ. એઆઈ અને ટ્રેડક્રાફટ જેવા પ્લેટફોર્મ મારફતે રોકાણકારો પાસેથી નાણાં એકત્ર કર્યા હતા. એક લાખ રૂપિયા કે તેથી વધુનું રોકાણ કરનારને ૧૦૦ ડિજિટલ કોઈન મફત આપવાની કે તેથી વધુ રોકાણકાર્તાને કાર આપવાની ઓફર સાથે ભવિષ્યમાં તેની કિંમત અનેકગણી વધી જશે તેવી ખાતરી અપાઈ હતી.

શરૂઆતમાં કેટલાક રોકાણકારોને રિટર્ન આપી અને ઓનલાઈન એકાઉન્ટમાં ડિજિટલ કોઈન દર્શાવી વિશ્વાસ જીતવામાં આવ્યો હતો.

પરંતુ ૧૪ નવેમ્બર, ૨૦૨૫ના રોજ એ તમામ વેબસાઈડ સહિતના પ્લેટફોર્મ અચાનક બંધ થઈ ગયા અને રોકાણકારોને નાણાં પરત આપવાનો ઈન્કાર થતાં છેતરપિંડીનો ભાંડો ફૂટ્યો હતો. પોલીસે આ કેસમાં અંજલી રાહુલ યાદવ અને મિલન દિનેશ મહાલાનીની ધરપકડ કરી છે, જ્યારે કલીમ શેખ, વિકાસ બારેક, અરવિંદ દુબે અને લવીશ ચૌધરી ઉર્ફે નવાબ અલીની શોધખોળ ચાલી રહી છે. આરોપીઓ સામે BNS, GPID એક્ટ અને IT એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરાઈ છે.

રોકાણકારોએ વિથડ્રૉલ માટેની વાત કરી તો આરોપીઓએ ક્રોસમાર્કેટમાં વધુ રોકાણ કરવાની શરત મૂકવામાં આવી હતી. અનેક રોકાણકારો પાસેથી વધારાના નાણાં પણ લેવામાં આવ્યા હતા, પરંતુ કોઈને રકમ પરત મળી નહોતી. ફેબ્રુઆરી ૨૦૨૬માં દુબઈથી ફોન કરીને ટૂંક સમયમાં ચુકવણી કરવાની ખાતરી આપવામાં આવી હતી પરંતુ ત્યારબાદ આરોપીઓએ રોકાણકારોને ઓળખતા પણ નથી તેવી વાત કરી હતી.

નાયબ પોલીસ અધિક્ષક બી એન દવેએ અપીલ કરી છે કે, ક્રિપ્ટોકરન્સી, ડિજિટલ કોઈન અથવા ટૂંકા સમયમાં ઊંચા નફાની લાલચ આપતી કોઈપણ યોજનામાં રોકાણ કરતાં પહેલાં તેની સંપૂર્ણ ચકાસણી કરે. બિનચકાસેલ યોજનાઓમાં રોકાણ કરવાથી ભારે આર્થિક નુકસાન થઈ શકે છે.

### મુખ્ય આરોપીઓ સામે યુપી, સુરત, પંજાબ અને દમણમાં પણ ગુનો છે

આ કેસમાં આરોપીઓ લવીશ ચૌધરી ઉર્ફે નવાબ અલીકલીમ શેખ, વિકાસ બારેક, અરવિંદ દુબે સામે યુપી, પંજાબ, સુરત અને દમણમાં પણ ગુના નોંધાયેલા છે. જયાંરોકાણકારોને લાલચ આપી લાખો, કરોડો રૂપિયા રોકાણ કરાવ્યા બાદ રાતાપણીએ નવડાવ્યા હતાં.

### મુંબઈ, દુબઈ, લોનાવાલા સેમિનારમાં પોતાના ખર્ચે લઈ જઈ જતાં

પોલીની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે ઉપરોક્ત આરોપીઓ રોકાણકારોને પોતાના ખર્ચે દુબઈ, મુંબઈ અને લોનાવાલા જેવાં સ્થળે હોટલોમાં લઈ જઈ સેમિનાર યોજી રોકાણકારોને મોટી મોટી સેલીબ્રીટીઓ સાથે પોતાના ફોટો અને ખોટા રોકાણ બતાવી વિવિધ વેબસાઈટ થકી વિવિધ પ્લેફોર્મ ઉપર ટ્રેડિંગ થકી લાખો રૂપિયાનું રોકાણ કરાવ્યું હતું જેમાં પ્રથમ તબક્કે તમામને પથી ૬ ટકા વળતર પણ આપ્યું હતું જે બાદ વધુ રોકાણ કરાવ્યું હતું.

## વલસાડમાં ટ્રાફિક સમસ્યા હલ કરવા પાલિકાએ લાઉડ સ્પીકર ફેરવી ચેતવણી આપી

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વલસાડ, તા. ૦૯ :** વલસાડ શહેરમાં દિન-પ્રતિદિન વકરી રહેલી ટ્રાફિકની સમસ્યાથી નાગરિકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. આ ટ્રાફિક જામની મુખ્ય સમસ્યા પાછળ રસ્તા પર થતા ગેરકાયદેસર દબાણો જવાબદાર હોવાનું સામે આવ્યું છે. જેને પગલે વલસાડ નગરપાલિકા દ્વારા આજે શહેરના મુખ્ય માર્ગો અને બજારોમાં લાઉડ સ્પીકર ફેરવીને વેપારીઓ તથા લારી-ગલ્લા ધારકોને આખરી ઓલ્ટીમેટમ આપી દેવામાં આવ્યું છે. નગરપાલિકા દ્વારા શહેરીજનો અને વેપારીઓને સ્પષ્ટ સૂચના આપવામાં આવી છે કે, કપડાંની દુકાન ધરાવતા વેપારીઓએ દુકાનની બહાર માર્ગ નડતર થાય તે રીતે રાખેલા પૂતળા (મેનેકવિન), કપડાં કે અન્ય ચીજવસ્તુઓ તાત્કાલિક અસરથી દુકાનની અંદર લઈ લેવી. આ ઉપરાંત, શહેરના રસ્તાઓની આજુબાજુ ગેરકાયદેસર રીતે ઊભા કરી દેવાયેલા લારી-ગલ્લા અને મંડપો પણ સદંતર હટાવી લેવા તાકીદ કરવામાં આવી છે.

વલસાડ નગરપાલિકાની એન્ક્રોચમેન્ટ શાખા દ્વારા અવારનવાર ઝુંબેશ ચલાવીને દબાણો દૂર કરવામાં આવે છે. આમ છતાં, પાલિકાની ટીમ જાય એટલે વેપારીઓ અને લારી-ગલ્લા ચાલકો પુનઃ આડેધડ રીતે દુકાનની બહાર સામાન ગોઠવી દે છે. આ પ્રકારની આડોડાઈ અને બેદરકારીના કારણે રસ્તાઓ સાંકડા બને છે અને પીકઅવર્સ દરમિયાન શહેરમાં ભારે ટ્રાફિક જામ સર્જાય છે, જેનો ભોગ સામાન્ય જનતા અને વાહનચાલકો બને છે.

પાલિકા પ્રશાસને લાઉડ સ્પીકર દ્વારા જાહેરાત કરી સીધી ચેતવણી આપી છે કે, જો આ સૂચના બાદ પણ કોઈ વેપારી, દુકાનદાર કે લારી-ગલ્લા મંડપ ધારકો માર્ગો પર દબાણ કરતા ઝડપાશે, તો તેમની સામે કોઈ પણ રાખ્યા વગર કાયદેસરની કડક કાર્યવાહી કરવામાં આવશે. જેમાં સામાન જપ્તી અને દંડકીય પગલાંનો સમાવેશ થાય છે. પાલિકાની આ કડક સૂચના બાદ હવે વલસાડના મુખ્ય બજારોમાં દબાણો હટે છે કે કેમ અને ટ્રાફિક સમસ્યામાંથી લોકોને કાયમી મુક્તિ મળે છે કે નહીં, તે જોવું રહ્યું.

## પારડી, ડુંગરી અને વાપીમાં લૂંટ-ઘરફોડ ચોરીનો આરોપી ઝડપાયો

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા.૦૯ :** વલસાડ જિલ્લા એલસીબીની ટીમે છેલ્લા આઠ વર્ષથી લૂંટ અને ઘરફોડ ચોરીના ગુનાઓમાં ફરાર આરોપીને રાજસ્થાનમાંથી ઝડપી પાડવામાં મહત્વની સફળતા મેળવી છે. જિલ્લા પોલીસ વડાના માર્ગદર્શન હેઠળ એલસીબીની પેટ્રોલિંગ ટીમને મળેલી બાતમીના આધારે રાજસ્થાનના પાલી જિલ્લામાં દરોડો પાડી આરોપી અશ્વિન જગદીશભાઈ ઠાકુર (ઉં. ૩૮)ને ઝડપી પાડવામાં આવ્યો હતો.



પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે આરોપી વલસાડ જિલ્લાના પારડી, ડુંગરી અને વાપી GIDC પોલીસ સ્ટેશન વિસ્તારમાં નોંધાયેલા લૂંટ અને ઘરફોડ ચોરીના કુલ પાંચ ગુનાઓમાં છેલ્લા આઠ વર્ષથી ફરાર હતો. ધરપકડ બાદ તેને વલસાડ લાવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે અને ગુનાઓ અંગે વધુ પૂછપરછ માટે પારડી પોલીસને સોંપવામાં આવ્યો છે.

પોલીસના જણાવ્યા મુજબ આરોપી સામે મહારાષ્ટ્ર રાજ્યમાં પણ ચોરીના અનેક ગુનાઓ નોંધાયેલા છે. વલસાડ જિલ્લા પોલીસની આ કામગીરીથી લાંબા સમયથી પકડથી દૂર રહેલા આરોપીને કાયદાના સકંજામાં લાવવામાં સફળતા મળી છે. હવે આરોપી પાસેથી અન્ય ગુનાઓ અંગે પણ મહત્વની માહિતી મળવાની શક્યતા હોવાથી તપાસ આગળ ધપાવવામાં આવી રહી છે.

## પારડીમાં વાન ચાલકોનું ચેકિંગ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા.૦૯ :** પારડીની વિવિધ શાળા માં બાળકોને બેસાડીને લઈ જતા વેન કારની પારડી ટ્રાફિક પોલીસે સરપ્રાઈઝ ચેકીંગ હાથ ધરતા ફફડાટ વ્યાપી જવા પામ્યો હતો. તાજેતરમાં ઉપલી અધિકારીઓ દ્વારા આદેશ આપવામાં આવતા આજરોજ પારડી પંથકની શાળામાં બાળકોને લઈને આવતી વાન ની ચેકીંગ કરવામાં આવી હતી. જેમાં બાળકો વધુ ભરેલ અને બેસાડતા હોય, તેઓ સામે મેમો ફટકારી કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી હતી ૧૨ થી વધુ વાનને ઈ-મેમો ફટકાર્યો હતો. ત્યારે અમુક વાન શાળાની બહાર ન નીકળતા બચી ગયા હતા. ત્યારે હવે શાળામાં બાળકોને લઈને જતી વાન ચાલકોમાં ફફડાટ મચી ગયો છે.

## ડુંગરા બુલેટ ટ્રેન સાઈટ પરથી ૫ ટન લોખંડના સ્ક્રેપની લૂંટ કરનાર બેની ધરપકડ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૦૯ :** વાપીના ડુંગરા વિસ્તારમાં આવેલી બુલેટ ટ્રેન પ્રોજેક્ટ સાઈટ પરથી અંદાજે ૫ ટન લોખંડની લૂંટ કરાવવાના મામલે પોલીસે બે આરોપીઓની ધરપકડ કરી શહેર ભાજપ યુવા મોરચા પ્રમુખના ભાઈ સહિત ૫ ઈસમોને વોન્ટેડ જાહેર કર્યા છે.

સિક્યુરિટી સુપરવાઈઝર શિવજી. ભદ્રા ની પોલીસ ફરિયાદ મુજબ, ૬ જુના રોજ સિક્યુરિટી ગાર્ડ ફરજ પર હતો ત્યારે જાવેદ ઉર્ફે તગડું,આલીમોહમદ ઉર્ફે રાજા ટેમ્પો નંબર જીજે ૧૫ એ ટી.૮૨૯૪ લઈને આવ્યા હતા. આ જેઓ બુલેટ ટ્રેનની સાઈડમાં ગેરકાયદે પ્રવેશ કરી ક્રેનથી ૧.૭૫ લાખના લોખંડના સળિયા સહિતના સ્ક્રેપ ટેમ્પોમાં ભરી લઈ જઈ રહ્યા હતા. ગાર્ડે ઘટનાનો વીડિયો બનાવવાનો પ્રયાસ કરતાં આરોપીઓએ તેને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ત્યારબાદ અંદાજે ૫ ટન લોખંડની લૂંટ ચલાવી ફરાર થઈ ગયા હતા. આ ઘટનામાં આરોપીઓ સાથે થાર જીપ લઈને વિપુલ ઉર્ફે વિક્કી પ્રવીણ હળપતિ પાઈલોટિંગ કરી રહ્યો હતો જે વાપી શહેર યુવા ભાજપ પ્રમુખનો ભાઈ હોવાનું સામે આવ્યું છે.

આ બનાવ અંગે પોલીસે કુલ સાત આરોપીઓ સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન બે આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. પોલીસના જણાવ્યા મુજબ બાકીના આરોપીઓને ઝડપી પાડવા માટે અલગ-અલગ ટીમો બનાવવામાં આવી છે અને તેમની શોધખોળ ચાલુ છે.

## ડુંગરા પોલીસના એનડીપીએસ કેસનો વોન્ટેડ આરોપી ઝડપાયો

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા.૦૯ :** ડુંગરા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા એનડીપીએસ એક્ટના ગુનામાં લાંબા સમયથી ફરાર અને વોન્ટેડ આરોપીને વલસાડ જિલ્લા એસઓજીની ટીમે ઝડપી પાડવામાં સફળતા મેળવી છે. જિલ્લા પોલીસ અધિક્ષક યુવરાજસિંહ ગોહિલના માર્ગદર્શન હેઠળ પોલીસ ઈન્સ્પેક્ટર ડી.ટી. પરમારના નેતૃત્વમાં એસઓજીની ટીમ નાસતા ફરતા આરોપીઓને ઝડપી પાડવા માટે સતત કામગીરી કરી રહી હતી.



આ દરમિયાન એસઓજીના અધિકારીઓને મળેલી સંયુક્ત ચોક્કસ બાતમીના આધારે ડુંગરા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા એનડીપીએસ એક્ટના ગુનામાં વોન્ટેડ આરોપી મંજુરુલ ઉર્ફે મોનાઈ મંડલને ઝડપી પાડવામાં આવ્યો હતો. આરોપી મૂળ પશ્ચિમ બંગાળનો રહેવાસી હોવાનું સામે આવ્યું છે અને તે ડુંગરા વિસ્તારમાં રહેતો હતો. આરોપીની ધરપકડ બાદ તેને ડુંગરા પોલીસ સ્ટેશનને સોંપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. વલસાડ એસઓજીની આ સફળ કામગીરીથી લાંબા સમયથી ફરાર આરોપીને પકડી પાડવામાં પોલીસને મહત્વની સફળતા મળી હોવાનું જિલ્લા પોલીસ તંત્રએ જણાવ્યું છે.

## બારોલીયાથી ગેરકાયદે પશુ ભરેલ ટેમ્પો ઝડપાયો

**ધરમપુર, તા.૦૯ :** ધરમપુર પોલીસે બારોલીયા ગામના બારી ફળિયા નજીક ઝરીયા રોડ પરથી ગેરકાયદે પશુ પરિવહન કરતા મહીન્દ્રા બોલેરો પીકઅપ GJ-15-YY-6197ને ઝડપી પાડી કાર્યવાહી હાથ ધરી છે. આ દરમિયાન આગળ પાયલોટિંગ કરતી હ્યુન્ડાઈ વેન્યુ કાર GJ-15-CL-9795 પણ પોલીસના ધ્યાનમાં આવી હતી.



પોલીસે બોલેરો પીકઅપમાંથી બે ગાયો, એક મોબાઈલ ફોન અને પશુ બાંધવા માટેના દોરડા સહિત કુલ ૫.૧૫ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. તપાસમાં ગાયોને પરમીટ વિના તેમજ ઘાસચારો અને પાણીની વ્યવસ્થા કર્યા વગર ટૂંકા દોરડાથી બાંધી ક્રૂરતાપૂર્વક પરિવહન કરવામાં આવતું હોવાનું સામે આવ્યું હતું.

ગેરકાયદેસર પશુ ભરેલ ટેમ્પો લઈ જતા મલુક મેહરાન ખાન રહે હાલ ખારવેલ ધરમપુર ની અટક કરી છે જ્યારે હ્યુન્ડાઈ વેન્યુ કારમાં પાયલોટિંગ કરનાર હનીફ જમીલ ખાન રહે વાઘછીપા અને બોલેરોના માલિક સલીમ હાસમ પઠાણ રહે આમોદિન રોડ ધરમપુર ફરાર હોવાનું સામે આવ્યું છે. ધરમપુર પોલીસે આ મામલે પશુ આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## સરીગામમાં જુગાર રમતા ચાર ઈસમો ઝડપાયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૦૯ :** વલસાડ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવા માટે જિલ્લા પોલીસ દ્વારા ચલાવવામાં આવી રહેલી કાર્યવાહી અંતર્ગત સરીગામ પોલીસે ખુલ્લામાં જુગાર રમતા ચાર ઈસમોને ઝડપી પાડ્યા હતા. પોલીસને મળેલી બાતમીના આધારે સરીગામના રોહિતવાસ ખાતે ખુલ્લી જગ્યામાં દરોડો પાડવામાં આવ્યો હતો.



પોલીસે સ્થળ પરથી ચારેય આરોપીઓ હીરાલાલ લીનીયા, ચીના કૈલાસ પાસવાન, ઈરફાન લલ્લુ શાહ તથા નાશીમ અલી રહીશ અલી તમામ રહે સરીગામને જુગાર રમતા ઝડપી પાડ્યા હતા. તેમની પાસેથી રોકડ રૂ. ૮,૭૫૦, દાવ ઉપરની રોકડ રૂ. ૧,૧૫૦ તથા જુગારમાં ઉપયોગમાં લેવાતા ગંજીફાના ૫૨ પાનાં મળી કુલ રૂ. ૧૦,૩૮૦નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. પકડાયેલા ચારેય આરોપીઓ સામે સરીગામ પોલીસ સ્ટેશનમાં ગુજરાત જાહેર જુગાર અધિનિયમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

## ગુંદીયાના ગ્રામજનો દ્વારા જી.પં. સભ્યના પતિ વિરુદ્ધ રજૂઆત

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ધરમપુર, તા.૦૯ :** ધરમપુર તાલુકાના ૧૬-માંકડબન જિલ્લા પંચાયતના મહિલા સભ્ય ના પતિ વિરુદ્ધ ગુંદીયા ગામના સામાજિક વર્કર જહીરામભાઈ ગાંગોડા સહિત મોટી સંખ્યામાં ઉપસ્થિત ગ્રામજનો દ્વારા ધરમપુર તાલુકા પંચાયત કચેરી ખાતે તાલુકા વિકાસ અધિકારીને લેખિત રજૂઆત કરી છે.

કરાયેલ રજૂઆતમાં ૧૬-માંકડબન બેઠકના ચૂંટાયેલા જિલ્લા પંચાયત સભ્ય હીનાબેન નાનુભાઈ દીવાના પતિ વિપુલભાઈ સામે જિલ્લા પંચાયત સભ્ય તરીકે ખોટી ઓળખ આપી વિસ્તારના ગ્રામજનો તથા સરકારી કર્મચારીઓ પર પ્રભાવ જમાવવાનો અને માનસિક ત્રાસ આપવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. રજૂઆતમાં દાવો કરવામાં આવ્યો છે કે વિપુલભાઈ દીવા પોતાને જિલ્લા પંચાયત સભ્ય તરીકે ઓળખાવી સોશિયલ મીડિયામાં વીડિયો પ્રસારિત કરીને લોકોમાં ગેરસમજ ફેલાવે છે તથા વિવિધ આક્ષેપો કરીને માનસિક હેરાનગતિ પહોંચાડે છે.

આ ઉપરાંત રજૂઆતમાં તેમની સામે સરકારી જમીન પર કથિત દબાણ સહિત અન્ય ગંભીર આક્ષેપો પણ કરવામાં આવ્યા છે. સમગ્ર મામલે યોગ્ય તપાસ કરીને જો કોઈ અનિયમિતતા સામે આવે તો કાયદેસરની કાર્યવાહી કરવાની રજૂઆત કરવામાં આવી છે.

## વાપીથી દારૂ કેસનો વોન્ટેડ આરોપી ઝડપાયો

**વલસાડ, તા. ૯ :** વલસાડ જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાંચ ની ટીમ કટોરીમાં ફરતી હતી તે દરમિયાન વલસાડરૂરલ પોલીસ મથકમાં દારૂના ગુના માં લાંબા સમયથી ભાગતો વોન્ટેડ આરોપી વાપીમાં હોવાની આધારે વાપી ગીતા નગરમાં છાપો મળતા આરોપી અમિત ઉર્ફે પંકજ દિનેશ લલ્લન તિવારી ઉ.વર્ષ ૨૨ હાલ રહે ફલેટ નં.૭૦૧, એવરશાઈન ટાવર, રેલવે સ્ટેશન સામે, ગીતાનગર, તા.વાપી, જી.વલસાડ. મૂળ રહે ઉત્તરપ્રદેશ ની ધરપકડ કરી છે.

## કલગામ દરિયા કાંઠેથી ડી-કમ્પોઝ હાલતમાં બાળકીની લાશ મળી

**ઉમરગામ, તા. ૦૯ :** ઉમરગામ તાલુકાના કલગામ ગામના છાબડી ફળિયા વિસ્તારમાં દરિયા કિનારે ભરતીના પાણી સાથે તણાઈ આવેલી બાળકીની લાશ મળી આવી હતી. અજાણી છોકરી/બાળકીની ઉંમર આશરે ૮ થી ૧૦ વર્ષની હોવાનું જણાય છે. મૃતક બાળકીએ શરીરે લાઈટ પિંક કલરનું ટી-શર્ટ પહેરેલું છે, જેના ઉપર બ્લુ કલરની ડિઝાઈન હતી.

ઘટનાની જાણ થતાની સાથે જ નારગોલ મરીન ઉમરગામ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર અને ટીમ ઘટનાસ્થળે દોડી ગઈ હતી. પંચનામુ કરી લાશને પોસ્ટમોર્ટમ માટે ખસેડવામાં આવી છે.

હાલ મૃતક બાળકીના નામ-સરનામા કે વાલીવારસ જાણી શકાયા નથી. બાળકી વિશે કોઈ માહિતી હોય જણાય તો તાત્કાલિક મરીન ઉમરગામ પોલીસ સ્ટેશનને સંપર્ક નંબર ૬૩૫૯૬૨૬૧૪૦ ઉપર સંપર્ક સાધવા અપીલ કરી છે.

**ફ્લેટ વેચવાનો છે**

**વાપીમાં નેશનલ હાઈવે નજીક આવેલા પ્રતિષ્ઠિત રહેણાંક વિસ્તારની લીફ્ટ, જનરેટર સેટ સહિતની અદ્યતન સુવિધાઓ ધરાવતી વેલમેન્ટેઈન કો. ઓપ. હાઉસીંગ સોસાયટીમાં**

**2 BHK ફ્લેટ વેચવાનો છે**

**Area : 1240 Sq.ft.**

**Mo. :98259 90770**

**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication,1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**